જીવનયાત્રા



પ્રકાશક :

મૂલ્ય રૂ. ૧-૦-૦

ભક્તિમાર્ગ કાર્યાલય, અમદાવાદ

गूजरात विद्यापीठ ग्रंथालय
[गूजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक २५८१-८-   किंमत १-०-०

ग्रंथनाम જીવન યાત્રા

वर्गांक 172 : ५२

શ્રી હરિઃ

જીવનયાત્રા

લેખક.

સદ્ગત મણિલાલ ભૂલાભાઈ પટેલ.

બી. એ; બી. ટી.

પ્રકાશક :

શ્રી ભક્તિમાર્ગ કાર્યાલય

અમદાવાદ.

કીંમત રૂા. ૧-૦-૦

મુદ્રક:
મગનભાઈ છોટાભાઈ દેસાઈ
શ્રી વીરવિજય પ્રીં. પ્રેસ.
સલાપસ ક્રોસ રોડ—અમદાવાદ.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ સંગ્રહ
૨૫૮૯૯



મૂલ્ય રૂ. ૧-૦-૦

પ્રકાશક:
શ્રી ભક્તિમાર્ગ કાર્યાલય.
દેસાઈ મગનભાઈ છોટાભાઈ
સલાપસ ક્રોસરોડ પો. બો. નં. ૬
અમદાવાદ.

પુરોવચન.

જીવનને ઘણાએ સન્તો, મહાત્માઓ અને લેખકોએ નાટકરૂપે, સંગ્રામરૂપે અને એવા એવા જુદા જુદા અલંકારો રૂપે ગોઠવીને રૂપક તરીકે ગોઠવેલું છે, તે મુજબ આ પુસ્તકના લેખક જીવનને યાત્રારૂપે રૂપક ગણીને તેના ઉપરથી ક્રમબદ્ધ વાર્તા ઉત્પન્ન કરે છે.

જીવનયાત્રાનો આત્મા એક મુસાફર છે. માનવજીવન એ એનું એક વિશેષ વિશ્રાન્તિસ્થાન છે, ઉન્નતકક્ષાએ પણ એ માનવજીવન પછીજ જઇ શકાય છે અને અધોગતિના ઊંડાણમાં જવા માટે પણ માનવજીવન જ દ્વારરૂપ છે, શ્રીમદ્ભાગવતકાર જણાવે છે:—

> " महत्सेवां द्वारमाहुर्विमुक्ते-
> स्तमोद्वारं योषितांसंगिसंगम् " ॥

મનુષ્યજીવનમાં મહાપુરુષોની–સત્પુરુષોની સેવા એ મુક્તિદ્વાર છે અને વિષયી જીવોની સોબત એ નરકનું દ્વાર છે.

એ બન્ને દ્વારોમાંથી ઉન્નતિના માર્ગપર લઇ જનારૂં દ્વાર છે સત્સંગ; કે જે સત્સંગ માટે શાસ્ત્રો–પુરાણોમાં બહુ પ્રશંસા કરવામાં આવી છે; પૂર્વોપાર્જિત પુણ્યસંચય વિના સત્સંગ અને સદ્ગ્રન્થોનું વાંચન બની શકતું નથી.

આ પુસ્તક શ્રી મણિભાઈ ભૂલાભાઈ પટેલે ઘણા વર્ષો પહેલાં લખેલું; યુદ્ધકાલીન ભીષણતા કે અન્યાન્ય કારણોથી તેઓ આને પ્રકાશિત કરાવી શકયા ન હતા; આજે શ્રી ભક્તિમાર્ગ કાર્યાલય પોતાનાં સેંકડો બહુમૂલ્ય પ્રકાશનોમાં આ પુસ્તકના પ્રકાશનદ્વારા એક પુસ્તકનો ઉમેરો કરે છે.

આ પુસ્તક પ્રેસમાં ગયા બાદ આ પુસ્તકના લેખક શ્રી. મણિભાઇ ભૂલાભાઇ પટેલનું અકસ્માત્ અવસાન થયું છે એટલે આ પુસ્તકનું પ્રકાશન જોવા તેઓ ભાગ્યશાળી બન્યા નહિં. સદ્ગતનાં અન્ય પુસ્તકો બીજી સંસ્થાઓ તરફથી પ્રકાશિત થયેલાં છે. એમની

વિદ્વત્તા તે તે પુસ્તકો દ્વારા સ્પષ્ટ દૃષ્ટિગોચર થાય છે તેવીજ રીતે આ પુસ્તક પણ સફળતા પ્રાપ્ત કરશે એમ આશા રાખીએ. પરમ કૃપાળુ પરમાત્મા એમને સદ્ગતિ આપો એમ પ્રાર્થના કરીએ છીએ.

એક નમ્ર સૂચના અમો પ્રેમી પાઠકોને કહી દેવી યોગ્ય માનીએ છીએ. આ પુસ્તકમાં અલંકારરૂપે કે રૂપક તરીકે કેટલીક યૌગિક ક્રિયાઓનું વર્ણન કરવામાં આવ્યું છે, માત્ર વાંચવાથીજ એનો ઉપયોગ કરવાનું દુઃસાહસ કોઇ કૃપાપૂર્વક ન કરે; શાસ્ત્રોમાં આવી યૌગિક ક્રિયાઓ ભિન્ન ભિન્નરૂપે દર્શાવેલી હોઇને પ્રત્યક્ષ ગુરુ વિના આવી ક્રિયાઓ વિપરીત પરિણામ લાવી મૂકે છે. એટલે આ પુસ્તકનો ઉપયોગ માત્ર દૈવીસમ્પત્તિ વધારવા પુરતોજ કરે પરન્તુ આવી યૌગિક ક્રિયાઓના પ્રયોગો આ પુસ્તકના આધારે ન કરે એમ લખી જણાવવું ઇષ્ટ છે.

વિનમ્ર
પ્રકાશક.



શ્રી ભક્તિમાર્ગ કાર્યાલય,

જીવનયાત્રા

ત્રાટકપુરથી બ્રહ્મપુર તરફ અનંતતાના મહાસાગરમાં અમે અમારી નૌકા હંકારી. છ—માસ પર્યંતની જીવન-વટિ અમે અમારી સાથે લીધી હતી. પૂર્વના સુભગ મારુતે અમારી યાત્રા સફળ નીવડશે એવાં આશાજનક ચીહ્ન ધારણ કર્યાં. પ્રભાત—સન્ધ્યાના રંગથી લાલ થયેલો ચન્દ્રમા, ગગન—કમલિનીના મધુથી રકત થએલી પાંખોવાળા વૃદ્ધ હંસની પેઠે, સ્વર્ગ—ગંગાના તીર ઉપરથી પશ્ચિમસમુદ્રના તટ ઉપર ઉતરતો હતો. કર્ણને આનંદ આપતો હૃદય-સરોવરના કલહંસનો કોલાહલ વધ્યે જતો હતો. અને તારાનું હરણ કરવા આત્મારૂપી બાલસૂર્ય, ફરીથી જાણે સુગ્રીવ આવતો હોય, તેમ મહાસાગરના નીરમાં ઝબોકીયાં ખાતો, જાણે અનેક સૂર્યરૂપે પ્રકાશવાનો હોય, તેમ કિરણ પ્રસારવાની તૈયારી કરતો હતો. આત્મ—જ્યોતિના પ્રકાશમાં અમારી પાંચ માસની યાત્રા પૂર્ણ થઇ.......... પરંતુ એટલામાં તો પશ્ચિમના મારુતે અમારી નૌકાને ઝોલાં ખવડાવવા માંડયાં, જેથી કરીને અમે અમારી યાત્રામાં ઘણીજ થોડી અગર નહિ જેવીજ પ્રગતિ કરી શકયા;—અને

અમારામાં કેટલાકે તો ત્રાટકપુર તરફ પાછા ફરવાનો પણ અભિપ્રાય જણાવી દીધો.

અમે પાછાં ફરવાની તૈયારીમાં હતા એટલામાં તો દક્ષિણ દિશા તરફથી પ્રલય-પવન સમાન ઘણા તોફાની અને ભયંકર પવન ફૂંકાયા અને રોકવા છતાંય અમારી નૌકાને તે ઉત્તર તરફ ઘસડી ગયા. આ વખતે ઘણીજ કરકસરથી વાપર્યા છતાંય અમારી જીવન-વટિ સમાપ્ત થવા આવી હતી. તેથી કરીને જીવન-વટિ વિનાની આલમમાં, અનંત જલ-પ્રદેશની મધ્યમાં, જીવનની આશા છોડી દઈ, અમે મૃત્યુની રાહ જોતા બેઠા. અને અખીલ, નિરંજન, નિરાકાર, ભકતજનવત્સલ, દીનબંધુ દયાળ, પરમાત્માની દ્રૌપદી, પ્રહ્લાદ, મીરાં અને નરસિંહની સમાન, સંકટ-સમયે અમારો પલ્લવ ઝાલી, અમારી લજ્જા રાખવાની, અમે અહર્નિશ પવન વિનાના દીપકની જ્યોત માફક સ્થિર, અને સારસના સમાન શુદ્ધ અંતઃકરણ પૂર્વક પ્રાર્થના કરી; અને એવું બન્યું કે બીજે દિવસે સાયં સમયે, ઉત્તર દિશા તરફ એક દૃષ્ટિવિપર્યાયે, ઘનઘોર વાદળાં સમાન ગાઢ પ્રદેશના જેવો, અમને આભાસ થયો.

જેથી કરીને અમે અમારી નૌકા તે તરફ હંકારી. બીજે દિવસે પ્રભાતમાં તો અમારી સ્વપ્ન-સૃષ્ટિનાં સ્વપ્નો સત્ય નીવડયાં. તે મૂર્તિમાન પૃથ્વી-પ્રદેશજ હતો. અનંત જલ પ્રદેશમાં આ ધ્રુવના તારા સમાન એકાકી પૃથ્વી-પ્રદેશનાં દર્શન થતાં વારજ આશાની ચીનગારીએ અમારા

આખ્ખાય જીવનને રસમય બનાવી દીધું. અને મૃત-પ્રદેશમાંથી મુસાફરી કરી પાછા આવનાર મૃત-અમૃત મનુષ્યની સમાનજ અમને આશ્ચર્ય ઉત્પન્ન થયું....અમે અમારી નૌકાને તે તરફ હંકારી. અને એક પ્રહર પછી તો અમે તે પ્રદેશના નવીન અલકાપુરી અથવા સ્વયં કૈલાસભુવન સમાન અતિ મનોહર બંદરમાં દાખલ થઇ ગયા. પૃથ્વી ઉપર ઉતર્યા વિના એક ક્ષણ પણ અમને એક યુગ સમ થઇ. પછી....અમે બંદરના કિનારા નજીક આવ્યા અને નીચે ઉતરવાની તૈયારી કરી; પરંતુ એવામાં તો, કૌપીન-ધારી કેટલાક સંન્યસ્ત-બ્રહ્મચારીઓને તેમના હાથમાંના પિપ્પલદંડથી, અમને પૃથ્વી પર નહિ ઉતરવાની સૂચના-આપતા, ત્વરિત પગલે અમારા તરફ આવતા જોયા. તેથી કરીને હતાશ બનેલા અમે " હવે શું કરવું ? " તેનો માંહેમાંહે વિચાર કરવા લાગ્યા.

વિદ્યુત્ સમા વેગથી એક ક્ષણવારમાં તો તેઓ આવી પહોંચ્યા. સંખ્યામાં તેઓ આઠ હતા. એક તેઓનો અગ્રેસર હતો. સનત્કુમારની પેઠે તેનું અંતઃકરણ સર્વવિદ્યાથી વિશુદ્ધ હતું. બીજા અગ્નિની સમાન તેની મૂર્તિની સામે જોઈ શકાય તેમ નહોતું. ઉગતા રવિમંડલમાંથી તે જાણે કોરી કાઢેલો હતો. વીજળીઓથી જાણે તેનાં અવયવ રચેલાં હતાં, તપ્ત કનકરસનો તેણે જાણે લેપ કર્યો હતો. તેની જટા, અનેક તીર્થસ્નાનથી પવિત્ર હતી, અને સ્કંધ દેશ ઉપર લટકતી હતી. શિખા-કલાપ તેણે બાંધી રાખ્યો હતો. તપોવનની દેવતાના નૂપુર જેવું અક્ષય-વલય તેના દક્ષિણ-

કર્ણમાં લટકતું હતું. સર્વ સાંસારિક વિષયોપભોગમાંથી નિવૃત્તિ મેળવવા સારૂ લલાટમાં કરેલા ત્રિસત્ય જેવા ભસ્મ-ત્રિપુંડથી તે અલંકૃત હતો. તેના સ્કંધ ઉપર લટકતું કૃષ્ણ-મૃગચર્મ તેના શરીરની આજુબાજુ વીંટળાયેલું હતું. સૂર્ય-રથની પેઠે તેનું અક્ષચક્ર નિયમમાં હતું.

તે અગ્રેસર અમારી સમક્ષ આવી ઉભો રહ્યો. બીજા સાત થોડે અંતરે ઉભા રહ્યા. અમારો પ્રાણ અને મૃત્યુ તેની મૂઠીમાં છે. એમ અમને લાગવાથી અમે તેને સભય નમન કર્યું, આથી પ્રસન્ન થયો હોય એવી મુખમુદ્રા કરી, બન્ને હાથ ઉંચા કરી તેણે અમને આશીર્વાદ આપ્યો. અને બોલ્યો કે "આહ્ મૃત્યુભૂમિનાં માનવી, શા માટે તમે તમારો વહાલો પ્રદેશ અને સ્ત્રી પુત્રાદિક કુટુંબીઓનો સંબંધ અને સહવાસ છોડી આ પ્રદેશમાં આવી લાગ્યાં? અહીંઆં તો સ્વયં મૃત્યુનું નૃત્ય થાય છે, અને જેઓ તેની દરકાર કરતા નથી તેઓજ અહીંઆં રહી શકે છે. સ્વર્ગ-ગંગા જયમ આકાશમાંથી પૃથ્વીપર પડી પોતાના પદને ગૂમાવી બેઠી, રજ વાળી થઈ, તેમ તમેય તમારૂં સ્થાન છોડી આ સ્થાને આવી ચઢવાથી તમારૂં મહાપદ ગુમાવી બેઠાં છો. અને દીપકના પ્રકાશથી જેમ પતંગનો, પૃથ્વી-પ્રદેશથી જેમ મીનનો અને સુર-ધ્વનિથી જેમ મૃગનો પ્રાણ જાય છે, તેમજ યોગિનીઓના પ્રતાપથી તમારો ક્ષણ વારમાં નાશ થઇ જશે. માટે મારાં વહાલાં સંતાનો! તમારા દેશમાં પાછાં જાઓ, અને અજેયને જેય કરવાની વાતો માંડી વાળો.

નેવનાં પાણી જો મોભે જાય તોજ તમારી આશા અહીંઆં સફળ થાય, ! બોલો શો પ્રત્યુત્તર આપો છો?.

તેનું આવું ભાષણ સાંભળી અમારાં વદન પડી ગયાં. આશા નિરાશામાં ફેરવાઇ ગઈ. હાસ્ય ઉડી ગયું અને રોમે-રોમે કંપ વછૂટયો. આખરે અમારામાંના એકે હિંમત રાખી પ્રત્યુત્તર વાળ્યો. " અનંતતાના મહાન રસ્તાના અમે મુસાફર છીએ. અમારી જીવન-વટિ સંપૂર્ણ થયે અમે મૃત્યુ તો પામવાનાજ છીએ, તો પછી તે ભલે અત્યારેજ થઇ રહે અને અમે આનંદથી મૃત્યુનો સ્વીકાર કરીશું. કા'પુરુષો મૃત્યુ આવતાં પહેલાં ઘણીવાર મરી જાય છે, પરંતુ શૂરવીર પુરુષો તો એકજ વાર મરે છે. અને જ્યારે જીવનનો અન્ત મૃત્યુ જ છે, તો પછી ભલે તે વહેલું આવે, અગર મોડું આવે, તેમાં હર્ષ-શોક શો ? જે ઈનામ અમે આપના ચરણમાં સગર્વથી ધરીએ છીએ, તે માનવીનાં હૃદય છે. અહીંઆંજ માટીના પુત્રોનાં સર્વેય દુઃખ અને આનંદ, આશા, ભય, અને શરમ એકત્ર થયાં છે. અહીંઆંજ અમર-જીંદગી તરફ તરફડીઆં મારતો પ્રેમ સ્ફુરી નીકળે છે. અને અહીંઆંજ પૂર્ણતા વસે છે, તે ઉત્તમ અને શ્રેયસ્કર છે. અમારા પ્રભો ! જો અમારાં જીવન સંપૂર્ણ થયાં હોય તો આ અમારા નશ્વર દેહોને જલાવી દો, અને અમને અમર-આત્માનું શાશ્વત સુખ અનુભવવા દો. "

આ પ્રત્યુત્તર ઉપરથી ઉગતા સૂર્યના પ્રકાશ જેવું પીતવર્ણ અને ઉઘડતી ગુલાબની કળી સમાન ગુલાબી હાસ્ય

તેના મુખારવિંદ ઉપર ચમકી રહ્યું અને તેણે અમને દરેકને સીધા પ્રશ્ન પૂછવા માંડયા.

તેણે પૂછયું "તમે તમારી ઇન્દ્રિઓના સ્વામી છો ?"

અમે કહ્યું "અમે પ્રયત્ન કરીએ છીએ."

તેણે પૂછયું "તમે તમારી વાસનાનો ઉચ્છેદ કર્યો છે ?"

અમે કહ્યું "અમે પ્રયત્ન કરીએ છીએ."

તેણે પૂછયું "તમે તમારા મનનો નાશ કર્યો છે ?"

અમે કહ્યું "અમે પ્રયત્ન કરીએ છીએ ?"

તેણે પૂછયું "તમે તમારાં સર્વ કર્મ બ્રહ્મમય થવા દ્યો છો ?"

અમે કહ્યું "અમે પ્રયત્ન કરીએ છીએ."

તેણે કહ્યુ "તો તમને આ પૃથ્વી–પ્રદેશ પર ઉતરવાની રજા છે. અમારી પછવાડે પછવાડે ચાલો." અમે ઉતર્યા અને તેની પાછળ પાછળ ચાલ્યા. અમારી પાછળ જ થોડે અંતરે ઉભેલા સાત બ્રહ્મચારિઓ અમારા રક્ષક તરીકે ચાલતા હતા. અમે મધ્યમાં હતા. ખરેખર સંત પુરુષોની કૃપા અકારણ મિત્ર થઇ પડે છે.

પૃથ્વીની જાણે મેખલા ન હોય એવી તે પ્રદેશ–ભૂમિ હતી. વન–ગજોના નાના વિધવિધ રંગવિલાસ તેમજ તારા–ગણ જેવાં દેખાતાં અતિ પ્રફુલ્લ શ્વેત–પુષ્પના સમૂહને ધારણ કરતાં વૃક્ષોથી તે શોભી રહી હતી. ત્યાં મરીના છોડને કુરર પક્ષિયો કરડતાં હતાં. વન–દેવતાઓના પગના અલકતક રસથી રંગાયેલાં પલ્લવના ઢગથી તે છવાઈ ગઈ

હતી. શુક અને સારિકાએ ફોડી ખાધેલા દાડમના રસથી તે ભીની હતી. કૂદાકૂદ કરતાં વાનરોએ હચમચાવી દીધેલાં કમ્પિલ વૃક્ષમાંથી પડતાં પલ્લવ અને ફુલથી તે વિચિત્ર દેખાતી હતી. જુની નાળીએરી તથા કેવડાથી તે અલંકૃત હતી. નાગરવેલથી વિંટળાયલાં સોપારીનાં લૂમખાંથી તે સુશોભિત હતી. વન-લક્ષ્મીને રહેવાના મહેલ જેવા લતા-મંડપોથી એ ભૂમિ રળિઆમણી લાગતી હતી. અમૃત-મંથન વેળાના જેવી તે શ્રીદ્રુમોથી શોભી રહી હતી. તથા વારુણિ યુક્ત હતી, કામિનીના જેવી તે ચંદન અને કસ્તુરીની સુગંધ આપતી હતી. તથા સુંદર અગુરૂતિલકથી અલંકૃત હતી. અને પુષ્પવતી છતાંય એ પવિત્ર ગણાતી હતી.

રસ્તામાં ચાલતાં ચાલતાં બ્રહ્મચારીના અગ્રગણ્યે અમને કહ્યું “ આ સિદ્ધ પ્રદેશ છે. અને અહીંયાં સિદ્ધ-લોકો જ વાસ કરી શકે છે. જીવ-લોક અને શિવ-લોકની મધ્યમાં આ પ્રદેશ આવેલો છે. તેની પૂર્વ દિશા તરફ ઇંદ્રલોક અને પશ્ચિમ દિશા તરફ મહ-લોક આવેલો છે. તેની ઉત્તર દિશા તરફ તપ-લોક, અને દક્ષિણ દિશા તરફ યક્ષ-લોક આવેલા છે. તેના ઈશાન કોણમાં વિષ્ણુ-લોક અને અગ્નિ-કોણમાં બ્રહ્મ-લોક આવેલા છે. તેના નૈઋત્યકોણમાં સૂર્ય-લોક અને વાયવ્યકોણમાં ચંદ્ર-લોક આવેલા છે. અને આ બધાય લોકને ફરતા વિસ્તારમાં સર્વથી મહાન યમ-લોક છે. જેઓ સિદ્ધિના માર્ગે વળ્યા હોય, એઓના જ ઉપયોગના આ લોક છે. પરંતુ આ ઉપરથી એમ નથી જાણવાનું કે અમારી શક્તિ આટલેથી જ અટકી જાય છે. અમારી ગતિ

સર્વ-લોકમાં છે. માયા અને પ્રકૃતિનાં વાતાવરણ અમે છેદી શકીએ છીએ. અને જીવ અને શિવને એકત્ર કરી શકીએ છીએ જેને જે જે પ્રદેશમાં જવાની ઇચ્છા થાય, તેને તે તે પ્રદેશની ચાવીઓ અમારા ગુરુ મહારાજ ભગવાન્ સિદ્ધાનંદ આપે છે. પરંતુ એટલું તો નિર્વિવાદ જ છે કે અમારી કાર્યદક્ષતા અમે બ્રહ્મનો આનંદ આલેખવામાં અને ભૂલેલાંને માર્ગ બતાવવામાં વાપરીએ છીએ.

આ વખતે તેના ના ના કહ્યા છતાંય કારણ ઉપસ્થિત થવાથી અમે ચાલતા ચાલતા અટકી ગયા. અને આંખમાં હર્ષાશ્રુ લાવી, અમે તેને સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા. અને તેની ચરણરજ અમારા માથા ઉપર ચઢાવી, તેણે અમને પુનઃ આશીર્વાદ આપી આગળ ચલાવ્યું "ભૂલેલાંને માર્ગ બતાવવો એ યોગ્ય જ છે. એમ ધારી અમારા પૂજ્ય પુનિત ભગવાન્ સિદ્ધાનંદજીએ સર્વેય લોકમાં અને તેમાં વિશેષે કરીને તમારા માનવ-લોકમાં અમારા જેવા કેટલાક નૈષ્ઠિક બ્રહ્મચારીઓને માયાના સબલ પાશ કાપવાનો અને બ્રહ્માનંદના અમૃતકૂપ પાવાનો ઉપદેશ આપવાને મોકલ્યા છે." રાક્ષસી માયામાં ફસાઈ ગએલા માનવીઓ રાક્ષસ જેવા જ બની જાય છે. માટે તેમને તેવા ન બનવા દેતાં દેવમય, અને વિશેષે કરીને બ્રહ્મમય બનાવવા એ તેઓ પોતાની પ્રથમ ફરજ સમજે છે.

તે આવું બોલતો હતો, એટલામાં તો સામેથી સરોવર દેખાતાં એણે કહ્યું "આ સિદ્ધસરોવર" છે. એમાં સ્નાન કરી લ્યો એટલે તમારી બુદ્ધિ પવિત્ર થઈ જશે, અને તમે

સિદ્ધિમય બની જશો. પછી જ તમે ભગવાન્ સિદ્ધાનંદના આશ્રમમાં જવાને યોગ્ય બનશો. તે વિના નહિ.

એ સરોવર ત્રૈલોક્ય–લક્ષ્મીના મણિ–દર્પણ જેવું, વસુંધરા દેવીના સ્ફટિકમય ભૂમિ–ગ્રહ જેવું, સર્વ સાગરોના નિર્ગમન–માર્ગ જેવું, દિશાઓના ઝરણ જેવું, ગગન–તલના જલરૂપ–અવતાર જેવું, દ્રવ પામેલા કૈલાસ જેવું, ગળી ગયેલા હિમાલય જેવું, રસ થયેલા ચંદ્ર–પ્રકાશ જેવું, મહાદેવના પીગળી ગએલા હાસ્ય જેવું, સરોવર આકારે રહેતા ત્રિભુવન–પૂણ્યસમૂહ જેવું, સલિલરૂપે રહેલા વૈદુર્ય–મણિના ગિરિ જેવું, દ્રવ પામીને એકત્ર થએલા શરદમેઘસમૂહ જેવું અને વરુણ–દેવના દર્પણ જેવું, હતું. તેની સ્વચ્છતાને લીધે તે જાણે મુનિઓના મનનું, સજ્જનોના સદ્‌ગુણનું, હરિણોની લોચન–પ્રભાનું, કે મુક્તાફલના કિરણનું જ બનાવેલું હતું. તેના કોઈક ભાગમાં તરુણ-હંસ વિકસિત, કમલ–વનમાં બેઠેલા હતા. યૌવનની પેઠે તે કુતૂહલથી ભરેલું હતું. મહાનપુરુષની સમાન તેનામાં મીન, મકર, કૂર્મ તથા ચક્રનાં લક્ષણ પ્રકાશતાં હતાં. દિવ્ય–પુરુષની સમાન તે અનિમિષ લોચનથી રમણીય લાગતું હતું. કંસના સૈન્યની પેઠે ત્યાં મધુકરકુલ કુવલ-યાપીડની પાસે ગાન કરતાં હતાં અને મલયાચલની સમાન તેનું વન ચંદનશીતલ હતું.

આવા સિદ્ધ સરોવરમાં સ્નાન કરતાં જ અમારો શ્રમ ઉતરી ગયો. અમારી કાન્તિ બદલાઈ ગઈ. વાસનાઓ નાશ પામી. મન શુદ્ધ થયું અને અમારો આત્મા કોઈ અજબ

રીતે જ તેના હૃદય–પિંજરમાં આનંદના આન્દોલનથી ડોલવા માંડયો. ઘડીભર અમને એમ ભાસ્યું કે આજ જ અમારા ચક્ષુને દ્રષ્ટવ્ય દીઠાનું પૂર્ણ ફળ મળ્યું. ખરેખર આ તો અમે રમણિયતાનો અંત જોયો. આનંદદાયક વસ્તુઓની અવધિ દીઠી, મનોહર વિષયોની સીમા નિહાળી! અને પ્રીતિજનક પદાર્થોની પરિસમાપ્તિ પ્રત્યક્ષ કીધી! સિદ્ધ સરોવરમાં સ્નાન પરિસમાપ્ત કર્યા પછી જેવો અમે સિદ્ધાશ્રમ પ્રતિનો માર્ગ લીધો, એટલે બ્રહ્મચારીના અગ્રગણે અમને પૂછ્યું "સિદ્ધ–પ્રદેશને લગતી તમને કાંઇ શંકા છે?" તેના પ્રશ્ન ઉપરથી અમારામાંના એકે વિનયથી જવાબ આપ્યો. ભગવન્! જેવી રીતે દૂધમાં સાકર સમાઈ જાય, અને આત્મા પરમાત્મામાં એકત્ર થઇ જાય તેવી જ રીતે આપ ભગવાન્નાં દર્શન જ અમારી સર્વ શંકાઓના નિવારણ રૂપે છે. છતાંય પણ જ્યારે આપે પ્રશ્ન પૂછ્યો ત્યારે અમે આપને એટલૂ જ પૂછીએ છીએ કે આ સિદ્ધ–પ્રદેશની પ્રવૃત્તિનાં મુખ્ય અંગ કયાં કયાં છે. તે જો આપ ભગવાન્ને હરકત ન હોય તો અમને જણાવશો.?

જ્યારે તેણે આ પ્રશ્ન સાંભળ્યો ત્યારે તેણે બ્રહ્મમય હાસ્ય કરી, પ્રત્યુત્તર આપ્યો "પુરુષાર્થ અને વિવેક એ અમારી પ્રવૃત્તિનાં મુખ્ય અંગ છે. એ બે જ આખ્ખાય સિદ્ધપ્રદેશની પ્રવૃત્તિના વજ્રપાયા છે, કે જેની ઉપર સિદ્ધ-પ્રદેશ રૂપી ઇમારત ચણવામાં આવી છે. જ્ઞાન, આ ઇમા-રતનો મિનાર છે. કર્મ તેનું હૃદય છે. ભક્તિ તેનો આત્મા છે, અને આનંદ–શાન્તિ તેનું લક્ષ્યસ્થાન છે. આટલું

કહ્યા પછી તેણે આગળ ચલાવ્યું. "અમે તમારા લોકની સમાન દૈવ અર્થાત્ વિધિને માનવાવાળા નથી. તેને તો અમે એક દાસ માફક જ રાખીએ છીએ, અર્થાત્ દૈવને માનતા જ નથી. એ નિર્વિવાદ જ છે. છતાંય ધારો કે અમે તેને માનીએ તો અમે તેને ફક્ત પૂર્વ-જન્મના પુરુષાર્થ તરીકે જ માનીએ. અન્ય રીતે નહિ. જે જે પ્રમાણે કર્મ કરવામાં આવે છે. તે તે પ્રમાણે તેનું ફળ મળે છે. પૂર્વ-જન્મનાં જે કર્મ-ફળ આપવાને તૈયાર થાય છે. તેનેજ દૈવ નામે ઓળખી શકાય છે. અને તે કર્મનો નાશ આ જન્મના સત્કર્મથી થાય છે. પૂર્વ-જન્મનો પુરુષાર્થ અને આ જન્મનો પુરુષાર્થ એ બંન્ને સમાન ન હોય, તો પણ ઘેટાંની સમાન પરસ્પર યુદ્ધ કરે છે. અને તેઓમાં જે ઓછો બળવાન હોય છે, તે હારી જાય છે.

યથાયોગ્ય પુરુષાર્થ કર્યા છતાંય પણ જો અનર્થ થાય છે, તો અનર્થ કરનારા પોતાના પૂર્વ-જન્મના પુરુષાર્થને બળવાન જાણવો, અને મહાન્ ઉત્સાહનો આશ્રય કરી ઉત્તમ પુરુષાર્થ કરતા રહેવું. જેથી પૂર્વ-જન્મનો પુરુષાર્થ હારી જાય. પૂર્વ-જન્મનો પુરુષાર્થ જ મને સર્વ કર્મમાં જોડે છે. આવી વૃત્તિને દબાવી દેવી, કારણ કે આ જન્મના પ્રત્યક્ષ પુરુષાર્થ આગળ પૂર્વ-જન્મનો અપ્રત્યક્ષ પુરુષાર્થ બળવાન થઈ શકતો નથી. જ્યાં સુધી પૂર્વ-જન્મનો અશુભ પુરુષાર્થ પોતાની મેળે શાન્ત પડી જાય નહિ, ત્યાં સુધી અત્યંત પુરુષાર્થ કરવામાં મચ્યા રહેવું, પ્રયત્ન કરવાવાળા, દૃઢ રીતે મચી રહેલા અને સાહાય્ય તથા ઉત્સાહવાળા

સેંકડો મેરુ પર્વતને પણ ગળી જાય છે. તો પૂર્વ–જન્મના પુરુષાર્થને ગળી જાય એમાં આશ્ચર્ય શું! જે પુરુષ પ્રત્યક્ષ-પ્રમાણ રૂપી પુરુષાર્થને છોડીને અનુમાન રૂપી દૈવ ઉપર આધાર રાખી બેસે છે. તે પુરુષ પોતાના બંન્ને હાથને જોઇને, તેમને સર્પ માનીને નાસવા માંડે તેના જેવો મુર્ખ છે. "મને મારૂં ભાગ્ય પ્રેરણા કરે છે. આવું માનનારા લોકોને જોઇને સિદ્ધિ પાછી વળી જાય છે. સિદ્ધિ તેમનું મુખ પણ કદી જોતી જ નથી."

શાસ્ત્ર, ગુરુ અને પોતે એમ ત્રણ પ્રકારનો આશ્રય કરવાથી સિદ્ધિ પ્રાપ્ત થાય છે. જે જે સિદ્ધિઓ છે, તે તે પુરુષાર્થની સિદ્ધિઓ છે. પરંતુ દૈવની સિદ્ધિઓ નથી. વિશ્વામિત્ર મુનિએ દૈવનો દૂરથી ત્યાગ કરીને કેવળ પુરુષાર્થથીજ બ્રહ્મર્ષિ પદ મેળવ્યું છે. ઇન્દ્રે પુરુષાર્થથીજ સો યજ્ઞ કરી, ઇન્દ્રનું પદ મેળવ્યું છે. યમરાજાએ ધર્મના પુરુષાર્થથીજ યમલોકના અધિષ્ઠાતાનું પદ મેળવ્યું છે. પરોપકારપરાયણ વૃત્તિના પુરુષાર્થથીજ સૂર્યે, સૂર્યપદ, ચન્દ્રે, ચન્દ્રપદ, અને મેઘરાજે મેઘપદ મેળવ્યું છે, અમે પણ અમારી સર્વ લોકમાં જવાની ગતિ પુરુષાર્થથીજ મેળવી છે. અને અમારા ભગવાન્ સિદ્ધાનંદે પણ પોતાના પુરુષાર્થથીજ ત્રિકાળ, પંચતત્ત્વ, ત્રેવીસ સિદ્ધિ અને મનઃકલ્પિત સૃષ્ટિ રચવાની શક્તિ મેળવી છે.

તમારા લોકમાંના નળ અનેહરિશ્ચંદ્ર પણ પુરુષાર્થથીજ ઇન્દ્ર સમાન થયા હતા. જનકરાજે આકાશમય વિદેહશકિત પણ પુરુષાર્થથીજ મેળવી હતી. અસુરરાજ

બલિરાજાએ પણ પોતાના પુરુષાર્થથીજ ઇન્દ્રપદ મેળવ્યું હતું. અને વામનરૂપ ભગવાન્ શ્રી વિષ્ણુને પણ પોતાના દ્વારપાલ તરીકે પાતાળમાં ઉભા રાખ્યા હતા. આ પ્રમાણે સર્વ કર્મ પુરુષાર્થથીજ સાધ્ય થાય છે. મોહ પામેલા મૂર્ખ લોકોએજ દૈવને કલ્પી કાઢેલું છે. પરંતુ દૈવ જેવી કોઈ વસ્તુજ નથી.

પરન્તુ આત્મતત્ત્વ જાણવાને માટેજ પુરુષાર્થ કરવો. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સરાદિ છ રિપુના દાસ થવાનો પુરુષાર્થ કરવો નહિ. નહિ તો અનર્થ નીવડે છે. આત્મતત્ત્વ જાણવાનો પુરુષાર્થ,ઉત્તમ શાસ્ત્રો સદ્‌ગુરુની કૃપા, સત્સંગ અને સદાચારથી પ્રાપ્ત થાય છે. અને અહીંઆંથીજ અમારા સિદ્ધ પ્રદેશનો બીજો મહાન વજ્રપાત વિવેક શરૂ થાય છે. **विवेकभ्रष्टानां भवति विनिपातः शतमुखः** એ અમારા મુદ્રાલેખમાંનો એક મહાન્ મુદ્રાલેખ છે...

આ પ્રમાણે વાત કરતા કરતા અમે સિદ્ધાશ્રમના ગર્ભદ્વારમાં આવી પહોંચ્યા. ત્યાં મલિનતા, માત્ર યજ્ઞધૂમમાંજ હતી. મનુષ્યનાં ચરિત્રમાં ન હતી, મુખ–રાગ પોપટોમાંજ હતો. કોઇમાં ન હતો. તીક્ષ્ણતા દર્ભાગ્રમાંજ હતી. સ્વભાવમાં ન હતી. ચંચળતા કદલી–પત્રમાંજ હતી, મનમાં ન હતી. મેખલા–બંધ વ્રતમાંજ હતો, ઈર્ષ્યા–કલહમાં ન હતો. પક્ષ–રાગ કોકિલોમાં હતો. સ્ત્રીઓમાં નહિ. કંઠગ્રહ કમંડલમાંજ હતો, રતિવિલાસમાં નહિ અને રામાનુરાગ રામાયણ વડેજ થતો હતો. યૌવનવડે નહિ. આવી સિદ્ધાશ્રમની નિયમિત કાર્યવાહકતા જોઇ અમારાથી બોલાઇ જવાયું “ આહ ! શાં મધુરાં જીવન ! ! ”

અમે સિદ્ધાશ્રમના ગર્ભદ્વારમાંથી બહાર નીકળ્યા ન નીકળ્યા એવામાં તો અમે એક કદંબનું વૃક્ષ દીઠું. તે મેઘમંડળ સુધી ઉંચુ હતું. મધ્યાહ્ન વખતે 'થાકી ગએલા સૂર્યના ઘોડા; તેની શાખાઓ ઉપર આરામ લેવા જાણે ન ઉતરતા હોય એવું ભાસતું હતું. તેની શાખાઓ અતિ દીર્ઘ હોવાથી, દિશાના ચંદ્રમા જેવું તે જણાતું હતું. પુષ્પોરૂપી નેત્ર વડે જાણે દિશાઓને જોતું હોય તેમ જણાતું હતું. ઘણા ભ્રમરાઓ વાયુથી ઉડતા હતા. તે, કદંબના કેશ જેવા જણાતા હતા. પલ્લવરૂપી હાથવડે દિશારૂપી સ્ત્રીઓના મુખ લોતું હોય, તેમ જણાતું હતું. નવાંકુરની ઉપર દાંતની પંક્તિ જેવી લતાની મંજરી પડેલી જણાતી હતી, તેથી તાંબુલવાળાં મુખો વડે વનદેવતાઓને હસતું હોય, સુશોભિત લતાના મંડલાકાર થયેલા કેશરો વડે જાણે પૂર્ણચંદ્ર હોય, તેમ એ કદંબવૃક્ષ જણાતું હતું. તેની શાખા ઉપર બેઠેલાં મયૂરોનાં પીછાં લટકતાં હતાં, તેથી ઈંદ્રિધનુષવાળા મેઘવડે આકાશ જેમ શોભે તેમ તે શોભતું હતું. કપિંજલ, કોયલ અને ચકોર પક્ષિના અવ્યક્ત મધુર શબ્દો વડે જાણે ગાન કરતું હોય તેમ જણાતું હતું. કલહંસના સમુદાયો માયામાં વિહાર કરતા હતા. તેથી સ્વર્ગ જેવાં કોતરમાં વિશ્રામ પામેલા દેવો વડે જગત્ ભરપૂર હોય તેમ જણાતું હતું. તેની મંજરીઓ અપ્સરા જેવી જણાતી હતી. તેને પલ્લવરૂપી હાથ હતા, ભ્રમરારૂપી નેત્ર હતાં, તેથી તે સ્વર્ગ જેવું જણાતું હતું.

આવા કદંબ વૃક્ષની નીચે અમે અનેકાનેક નૈષ્ઠિક

બ્રહ્મચારીઓથી વીંટળાયલા સ્ફટિકમણિની શિલા ઉપર દર્ભાસન પાથરી બેઠેલા ઉપદેશ કરતા ભગવાન્ સિદ્ધાનંદને જોયા, તે કરુણારસના પ્રવાહ હતા. સંસારસમુદ્રને તરવાનો સેતુ હતા. ક્ષમાજલનો આધાર હતા. તૃષ્ણારૂપી ઝાડીના પરશુ હતા. સંતોષામૃતના સાગર હતા. મોહાન્ધકારના સૂર્ય હતા. મદ, વિકારોના વિનાશક હતા. સન્માર્ગના દર્શક હતા. સત્ત્વના આશ્રય હતા. કલિયુગના પ્રતિપક્ષી હતા, તપનો ભંડાર હતા. અને સર્વના મિત્ર હતા ત્રિકાલના વિધાતક હતા. પંચભૂતના અનુસારક હતા. આત્મમાર્ગના અધિષ્ઠાતા હતા ને પરમાત્મમાર્ગના દર્શક હતા.

બીજા જાણે ભીષ્મ હોય, તેમ તે ઇન્દ્રિયોરૂપી અશ્વના અશ્વપતિ હતા. શિવની પેઠે તેમણે કામને જીત્યો હતો. ધરતીકંપની પેઠે તેમની શક્તિને કોઈ હરાવે તેમ ન હોતું સર્વ શાસ્ત્રોના તે દર્પણ હતા. સર્વે સિદ્ધિસમુદાયના સંચાલક હતા. સર્વ ગુણના કુલ–ગ્રહ હતા ને ભક્તજનોના આશ્રય હતા.

તેમના મનમાં ધર્મનો વાસ હતો. કોપમાં યમનો વાસ હતો. અનુગ્રહમાં કુબેરનો, પ્રતાપમાં અગ્નિનો, હાથમાં સંતમંડળનો,પશુમાં સિદ્ધિસમુદાયનો, જીહ્વામાં સરસ્વતીનો, મુખમાં ચંન્દ્રનો, બળમાં પવનનો, બુદ્ધિમાં બૃહસ્પતિનો, રૂપમાં કામનો, અને તેજમાં સૂર્યનો વાસ હતો. તેથી તે સર્વદેવમય ભગવાન્ નારાયણ જેવા લાગતા હતા.

તેમને જોયા કે તરતજ અમારાથી એકાએક નમન થઇ ગયું. અમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા, અને ઘણીવાર

સુધી નમ્રતાથી પ્રણામ કરતા અટકયા નહિ એટલે તે બોલ્યા:—"બહુ થયું, બહુ થયું, નરવાહન, મેં તારી તથા તારા નૌકામંડળની સર્વેય પ્રવૃત્તિ જાણી છે....મારા શિષ્ય અલકાનંદની સાથેનો તમારો વાર્તાલાપ પણ સાંભળ્યો છે, હવે વધુ પ્રણામની જરૂર નથી. તેઓ જ્યારે આવું બોલ્યા ત્યારેજ અમે પ્રણામ કરતા અટકયા, અને અમારા માટે સંકેત કરેલા દર્ભાસન ઉપર બેસતાં બેસતાં, કોઇ જાણે નહિ તેમ સમુગ્ધ આશ્ચર્ય પામતાં પામતાં બબડયા, "ત્રિકાળદર્શી મહાત્માઓ આગળ ખરેખર શું અજ્ઞાત છે?"

અમે અમારા આસન ઉપર બેઠા ત્યારપછી તેમણે મારા તરફ દૃષ્ટિ નાખી અને સર્વ બ્રહ્મચારીમંડલને તેમ કરવાનો સંકેત કરી મને ઉદ્દેશીને તે બોલ્યા "નર–વાહન! ત્રણ હજાર વર્ષ ઉપર થઈ ગએલા વત્સરાજના પુત્ર નર–વાહનના સમાન જ તું થઈશ. તે જેમ નર છતાંય વિદ્યા-ધારોનો ચક્રવર્તી ભગવાન શિવજીની દયાથી થયો હતો. તેમ તું પણ મારી કૃપાથી સર્વ સિદ્ધ સમુદાયનો ચક્રવર્તી થઇશ. મારે તારા ઉપર આટલો બધો પક્ષપાત કરવાનું, ફક્ત એક જ કારણ છે. કે તું તારી માતાની આજ્ઞાથી લેશ પણ ચળ્યો નથી. જડવાદના વિખવાદને બદલે તેં શુદ્ધ ચેતનમાર્ગના અનુપમ સત્યમાર્ગનો સ્વીકાર કર્યો છે. માયાવાળા કાયાના માર્ગે ન વળતાં જ્યોતિઃસ્વરૂપ આત્મ-માર્ગનો સ્વીકાર કર્યો છે, તારા પોતાના જ ઉદ્ધાર તરફ લક્ષ્ય ન આપતાં દુઃખી અને માયામાર્ગે ચઢેલા સર્વ તારા બંધુઓનો ઉદ્ધાર કરવા તરફ તેં તારું લક્ષ્ય રાખ્યું છે,

અને તે છતાંય **अहिंसा परमो धर्मः।** એ તારા સૂત્રને તું જીવન પર્યંત ટકાવી રહ્યો છે.

माकश्चिद्दुःखभाग्भवेत् એ તારો મુદ્રાલેખ છે. આમ તારી પ્રવૃત્તિ એકદેશીય નહિ પરંતુ સર્વદેશીય છે. અને આ તારી સર્વદેશીય પ્રવૃત્તિનું પાલન કરતાં તારા ઉપર દુઃખના ડુંગર તૂટી પડયા છે. તારા બંધુઓ જ તારા માર્ગમાંથી વિખૂટા પડી ગયા છે. અને દિનપ્રતિદિન પડતા જ જાય છે. છતાંય તું વજ્રની માફક તારા વ્રતમાં અડગ રહી તેઓને એકત્ર કરવા પ્રયત્ન કરે છે. અને સર્વ દુઃખને હસી કાઢી એક કુસુમની માફક જ મરવાની આશા રાખે છે. તારા વડીલ બન્ધુનો મુદ્રાલેખ "સ્વરાજ્ય મારો જન્મ સિદ્ધ હક્ક" છે ને ફેરવી સત્યરાજ્ય મારો જન્મસિદ્ધ હક્ક છે. એ મુદ્રાલેખને અનુસરી હવે તું "આત્મરાજ્ય" મારો જન્મસિદ્ધ હક્ક છે. એ મુદ્રાલેખને પાઠવી રહ્યો છે, તેથી જ હું તારી ઉપર પ્રસન્ન થયો છું. મારૂં તારી ઉપર પ્રસન્ન થવાનું એક વધુ કારણ એ છે કે, માયાવાદિત આત્મરાજ્યનો તું અનુગ્રહી નથી. પરંતુ ઇંદ્રિયદમન કરી, મનનો નાશ કરી, વાસનાનો ત્યાગ કરી, નિષ્કામકર્મનો મંત્ર પાઠવી, બ્રહ્મ–મય જીવન બ્રહ્મને સમર્પણ કરી શુદ્ધ ચેતનવાદના આત્મ–રાજ્યનો અનુગ્રહી થવાનો તું પ્રયત્ન આદર્યા જ કરે છે. અને આવી રીતે સૌન્દર્યોને પામતાં પહેલાં તું તારી જાતને જ સૌન્દર્યવાન બનાવવાનો પ્રયત્ન કરે છે, તેથી જ હું તારી ઉપર પ્રસન્ન થયો છું. અને મને વિશ્વાસ છે, કે, થોડી મુદતમાં

તું તારી માતાના દુઃખોનું નિર્વાણ કરી શકીશ, અને તેને બન્ધનમુક્ત કરી શકીશ, તારા જન્મ સમયની જન્મ-કુંડળી કરતાં કરતાં જ મેં તારી માતાને કહ્યું હતું કે આ બાળક સર્વ સિદ્ધોનો ચક્રવર્તી થશે, અને એને લીધે જ તું બંન્ધનમુક્ત થઇશ. માટે તું તારું દોહ્યલું જીવન તારા માટે નહિ તો એના માટે પણ ટકાવી રાખ. આથી જ ચન્દનકાષ્ટમાં બળતા તારા વડિલબંધુની ચિતામાં બળી ન મરતો તે તારા માટે જ તેનું જીવન ટકાવી રહી છે. બોલ ! હવે હું તારા માટે શું કરૂં ? સર્વ માર્ગો તારા માટે ખુલ્લા છે. તારે જે લોકમાં જવાની ઇચ્છા હશે, તે લોકમાં હું તને અહીંથી મોકલી આપીશ.

ત્રાટકપુરથી બ્રહ્મપુર તરફ જવાની આશાએ તમે તમારી નૌકા હંકારી તો ખરી, પરંતુ એ માયાવી નૌકા જ તમને બ્રહ્મપુરને બદલે માયાપુર તરફ જ ઘસડી જતી જાણી મેં દક્ષિણ મારુતને મોકલી તેને અમારા સિદ્ધિકિનારા તરફ ઘસડી લેવરાવી અને તમને અમારા આશ્રમનો માર્ગ બતાવવા જ મેં જ મારા શિષ્ય અલકાનંદ વગેરેને મોકલ્યા હતા. કારણ કે મેં પ્રથમથી જ જાણ્યું હતું, કે તમારું જીવન ધૂળમાં ખરી પડવા માટેનું નથી, તે અનુસાર તમે અહીંઆં આવી પહોંચ્યા તે ઠીક જ થયું છે. પછીથી મારા સહગામીઓ તરફ દૃષ્ટિ કરી તે બોલ્યાઃ મરુભૂતિ અને ગોમુખ ! તમે પણ પ્રથમના નરવાહનની માફક જ આ નર–વાહનને સહાય કરવા-વાળા ઉત્તમ જ નીવડશો ! તેમાં શંકા જ નથી. અને પુંડરિક, કપિંજલ, કેયૂરક, મંદારક, પ્રવર્તક, સંચાલક, અમૃતક ! તમે પણ તેને ઉત્તમ સહાય આપી શકશો તમારી તેને

જરૂર છે. બોલો, તમારે પણ જે માર્ગની વાંચ્છના હશે તે માર્ગની ચાવી મળશે.

અમે એટલું જ બોલ્યા "અસત્યમાંથી અમને સત્ય માર્ગે દોરી જાઓ." "તમસમાંથી અમને જ્યોતિએ દોરી જાઓ." અને "મૃત્યુના બંધનમાંથી અમને છૂટા કરી અમરતા તરફ દોરી જાઓ"

તમારૂં કથન સ્તુત્ય છે. તે અનુસાર જ થશે. હમણાં તો તમે થોડો આહાર કરી, જલપ્રાશન કરી, થોડી વિશ્રાંતિ લઈ લ્યો, એટલે રાત્રે ચાંદનીના ચોગાનમાં ચંદના ચોકી મધ્યે બેસી, હું તમને એક પછી એક બ્રહ્મયાનની ચાવી આપતો જઇશ, તે ચાવીઓ વડે તમે ખુશીથી બ્રહ્મયાનનાં સાતેય દ્વાર ખોલી શકશો. આટલું બોલી તે શાન્ત થયા એટલે અલકાનંદાદિ અમને અમારા માટે નિર્માણ કરેલા સ્થાનકે લઇ ગયા.

જે સ્થાન અમારા માટે નિર્માણ કરવામાં આવ્યું હતું તે એક ગુફા હતી. તેના આગલા ભાગમાં દિવસે પણ જાણે રાત્રિનો દેખાવ આપતાં, નિરંતર ઉગેલાં તમાલ-વૃક્ષોએ અંધકાર પ્રસરાવી દીધો હતો. પ્રફુલ્લ પુષ્પથી ભરેલી લતા-કુંજોમાં, મંદ મંદ કૂજન કરતા મદમત્ત મધુકરોનો ગુંજારવ તેને ચારે છેડે વ્યાપી રહ્યો હતો. શ્વેત શિલાતલના પ્રતિ-ઘાતને લીધે ઉછળવાથી ફેનમય થએલાં અતિદૂર પડતાં પાણીના, ઉંચા ઉંચા ખડકો વડે ભેદાતાં, મોટો ઘુઘવાટ કરતાં ઝાકળની ઠંડી ફરફરનો ચારે પાસ વર્ષાદ વર્ષાવતાં ત્યાં બધે ધુમસધુમસ વ્યાપી જતો

હતો. હિમ—હાર જેવાં અને હર—હાસ્ય જેવાં ધવલ, બંને પાસથી ઝરતાં ઝરણને લીધે તેના દ્વાર ઉપર જાણે હાલતાં ચામર લટકાવ્યાં હોય, એમ દેખાતું હતું તેની અંદર કેટલાંક મણિમય કમંડલ મૂકેલાં હતાં. અંદર ટાંકણી વડે કોતરી કાઢેલું, ચંદ્રમંડલ જેવું એક શંખમય ભિક્ષાપાત્ર રાખેલું હતું. અને ભસ્મ કરેલાં દશ તુંબીપાત્ર તેની પાસે જ મૂકેલાં હતાં.

એ ગૃહાના દ્વાર પાસે એક શિલાતલ ઉપર અમે બેઠા અને અલકાનંદે પોતાનું ભિક્ષાપાત્ર લઇ તે ગુહાના વૃક્ષોની નીચે ફરવા માંડયું. ત્યાં સહજ વારમાં એમની મેળે જ આવી પડેલાં ફળથી એ તુંબી—પાત્ર ભરાઈ ગયું. એટલે અમને તે ફળ વહેંચી આપી ફરીથી બે વાર પણ ઉપર પ્રમાણે જ કરી, તેમણે તુંબી-પાત્રને નીચે મૂકી દીધું. એટલે અંદર વધેલાં ફળો પાછાં પોતાની મૂળ જગ્યાએ જ જતાં રહ્યાં, એ સમયે અમને વિચાર થયો કે ખરેખર સિદ્ધને કંઈ જ અસાધ્ય નથી ! જ્યારે અચેતન વનસ્પતિઓ પણ આ ભગવાનને સચેતનની પેઠે ફળ અર્પણ કરીને પોતાના ઉપર અનુગ્રહ ઉત્પન્ન કરાવે છે. ત્યારે પછી એથી બીજું વધારે આશ્ચર્ય તે શું હોય ? આ તો અમે એક અદૃષ્ટપૂર્વ વિચિત્રતા જોઈ એમ અધિક અધિક વિસ્મય પામતા અમે અમૃત-રસ જેવાં મધુર ફળનો આહાર કરી રહી ઉઠયા, અને ત્યારપછી હિમ જેવું શીતલ પ્રવાહનું નીર, તુંબી-પાત્ર વડે પીને મુખ ધોઈ નાખ્યાં. આ પ્રમાણે આહાર તથા જલ-પ્રાશન કરી અમે પરવાર્યા, એટલે અમને

તેજ ગુફાના દ્વિતીય ભાગમાં જ્યાં અમારા માટે વલ્કલ-શયન પાથરવામાં આવ્યાં હતાં. ત્યાં લઈ જવામાં આવ્યા. અને આ અમૃત-પ્રદેશનો વિચાર કરતા કરતા જ અમે શયન ઉપર લોટી ગયા.

અમે વિશ્રાન્તિ લીધા પછી થોડો જ સમય થયાં સૂર્યનો વિયોગ થયાથી શોકગ્રસ્ત કમલિની, કમલકલી રૂપી કમંડલ ધારણ કરી. હંસરૂપી શ્વેતવસ્ત્ર પહેરી. મૃણાલ-રૂપી શ્વેત યજ્ઞોપવીત રાખી, મધુકર મંડલરૂપી રુદ્રાક્ષમાળા ગ્રહણ કરી. દિનપતિના સમાગમ અર્થે જાણે વ્રત આચરવા લાગી !! પશ્ચિમ સમુદ્ર-જલમાં સૂર્ય પડયો, એટલે તેના પડવાના વેગથી ઉછળેલા જલ-કણના સમૂહ જેવો તારાગણ આકાશમાં આવી રહ્યો !! પછી તરત જ ગગનતલ તારાથી છવાઈ ગયું ! અને એક ક્ષણમાં તો ઉન્મુખ મુનિજનોએ પ્રણામ સમયે ઉંચે રેડેલા અંજલિના જલથી જાણે ધોવાઇ ગયો હોય એમ બધો સન્ધ્યા-રાગ ગળી ગયો. મુનિજનોના હૃદય સિવાય, અન્ધકારથી બીજું સર્વ કાળુંમેશ થઇ ગયું. અમર-લોકના આશ્રમ જેવા ગગનતલમાં ચંદ્રે 'રવિનો અસ્ત' એ વાત સાંભળી વૈરાગ્ય ગ્રહણ કરી, ધોએલા વલ્કલ જેવું શ્વેત અમ્બર ધરી, થોડી વારે તારાન્તઃપુર સહિત પ્રવેશ કર્યો. ગંગા જેવી હંસધવલ ચન્દ્રિકા ધરણી ઉપર પડી વિકસિત કમલ-ધવલ સરોવરમાં ચન્દ્ર-ચન્દ્રિકા-જલ પીવાના લોભથી ઉતરેલો નીલ હરિણના પંકમાં ચોંટી ગયો હોય એવો દેખાયો !! ધીરે ધીરે જ્યારે ચન્દ્રનો પ્રફુલ્લ ઉદય થયો, અમૃત-ધૂલિ જેવા ચન્દ્રપ્રકાશથી જ્યારે જગત્

બધું ધોળાયું, હિમનાં જલ-બિંદુ પડવાથી શીતળ થએલા મંદગતિવાળા; ઉઘડતા કુમુદવનનો સુગન્ધિપરિમલ લાવતા, નિશાના પ્રથમ પ્રહરના પવન જ્યારે વાવા લાગ્યા તથા માત્ર અર્ધ-પ્રહર જ રાત્રિ જ્યારે વીતિ-ત્યારે અમે ફરીથી સન્ધ્યાઆહાર કરી, પરવારી અમારા પૂર્વસ્થાને આવી બેઠા અને ભગવાન્ સિદ્ધાનંદ અંગે ભસ્મ લગાવી, ચંદનની ચોકી કરી, અંદર દર્ભાસન પાથરી તે ઉપર બિરાજમાન થયા.

પછીથી સિદ્ધાસન વાળી તે નીચે પ્રમાણે વધાઃ—જે બ્રહ્મયાનને માટે તમે ચાતકસમા આતુર છો. હંસસમા બ્રહ્મ-મૃણાલનો ગ્રાસ કરવા તત્પર છો, સારસસમ પ્રણયી છો, અને ભાગ્યહીન મનુષ્યની માફક ઉદયની આશા જોઈ રહ્યા છો તે જ અમારો યાન છે, અને તેને માટે મારા શિષ્ય અલકાનંદે તમને આપેલા ઉપદેશથી અપૂર્ણ રહેલા ભાગનો જ હાલમાં, હું તમને ઉપદેશ આપીશ, મારૂં આમ કરવાનું કારણ એ જ છે, જે અન્ય યાનના સમાન આ યાન સીધો ને સરળ નથી. પરંતુ તેમાં ડગલે ને પગલે આપત્તિઓના ભંડાર છે. દુઃખના પારાવાર છે, આફતોના મેરુ છે, જન્માંતરોની અવધો છે. ને અનંતતાના સાગર તરવાના છે.

આ યાનના પથિક થતાં પૂર્વે તમારે લાયક બનવું પડશે, કારણ કે સત્ય પામતાં પૂર્વે જાતેજ સત્ય બનવું પડશે,—મોતીના સમાન સુખઃદુખાદિ; લાભઅલાભાદિ; કામ ક્રોધાદિ; સત્વ રજસાદિ પ્રકૃતિની વાસનાઓના હથોડાના

ઘા, સહન કરવા પડશે. સુવર્ણના સમાન અહંકારબલ દર્પાદિની ભઠ્ઠીમાં ગળાવું પડશે. મીણની સમાન આત્મ-જ્યોતની જ્વાલાથી ઓગળવું પડશે. કાચા ઘટની સમાન તમારે મનનો નાશ કરી, કુંભક, રેચક, યમ, નિયમ, પ્રાણાયામ, સમાધિ અને અધિષ્ઠાનની ભઠ્ઠીમાં પાકા થવું પડશે. સુધન્વાના સમાન સંસારના ઉકળતા તેલના કઢાયામાં તળાવું પડશે. પ્રહ્લાદની સમાન કાળ-સ્તંભની સામે બાથ ભીડવી પડશે. મીરાંની સમાન કુટુંબાદિકના ઝેરના પ્યાલા પીવા પડશે. યુધિષ્ઠિરની સમાન હીમાચળે હાડ ગાળવાં પડશે ને બલિરાજાની સમાન પાતાળમાં ચગદાવું પડશે. આ સર્વ તમારે સહન કરવું પડશે, તમે તેમ કરવા તૈયાર છો ? અમે હા ભણ્યા એટલે તેમણે આગળ ચલાવ્યું:-

અમારી સિદ્ધ-પ્રદેશની ઈમારત બ્રહ્મયાન ઉપરથી રચાઈ છે. આ ઈમારતનો પ્રથમ વજ્રપાયો પુરુષાર્થ છે. દ્વિતીય વજ્રપાયો વિવેક છે. **विवेकभ्रष्टानां भवति विनिपातः शतमुखः ।** એ અમારા મુદ્રાલેખમાંનો એક મહાન મુદ્રાલેખ છે:-સત્ અને અસત્ વસ્તુનો જેનાથી નિર્ણય કરી શકાય છે તે વિવેક છે. ઇન્દ્રિયોનો સ્વામી મન છે; મનનો સ્વામી બુદ્ધિ છે. અને બુદ્ધિનો સ્વામી વિવેક-ઇન્દ્રિયાદિની પરંપરા છે. આગળ જતાં વિવેકનો સ્વામી આત્મા અગર બ્રહ્મ છે. અને આત્મા અગર બ્રહ્મનો સ્વામી પરમાત્મા અગર પરબ્રહ્મ છે. આમ પરબ્રહ્મ-વિવેકાદિની પરંપરા છે. અને એજ રીતે ઇન્દ્રિય-પરબ્રહ્મની પરંપરામાં વિવેકનું સ્થાન જો કે મધ્યમ છે, છતાં પણ તેજ સર્વોત્તમ છે, કારણ

કે તે વિના કોઈપણ બ્રહ્મયાનના પથિકની સ્થિતિ નથી.

ઇંદ્રિયોનો નિરોધ કરી, મનનો નાશ કરી, વાસનાઓનો ઉચ્છેદ કરી, આત્મ-અગર બ્રહ્મસુખમાં બુદ્ધિને યોજી, તે વડે પરમાત્મા અગર પરબ્રહ્મનો સાક્ષાત્કાર કરાવવો, એ વિવેકનું પ્રથમ કર્તવ્ય છે. આ વિવેકરૂપી મહારાજાનો મુખ્ય મંત્રી વૈરાગ્ય છે. અને શુદ્ધ વિચાર સંતોષ તથા સત્સંગ એ ઉપમંત્રીઓ છે. વિવેકરૂપી મહારાજાને વશ કરવા પ્રથમ ઉપર જણાવેલા ચાર ઉપમંત્રીઓને મળવું પડે છે. અને તેમના નિર્દેષ અનુસાર-ચાલી તેમના મય થઇ તેમને જીતી પછી વૈરાગ્યની સાથે તદ્રૂપ થવું પડે છે અને પછી તેના દ્વારાજ વિવેક મહારાજાને વશ કરી શકાય છે. અને ત્યારેજ તે મહારાજા તમારા માટે આત્મ-સાક્ષાત્કાર યા તો બ્રહ્મ-સાક્ષાત્કારનાં દ્વાર ખુલ્લાં મૂકી દે છે.

જ્યારે વિવેકરૂપી મહારાજાની સ્વારી મંત્રી તથા ઉપમંત્રી સહિત પધારે છે, ત્યારે હાર પામેલા શત્રુની માફક કામક્રોધાદિ ષડ્ રિપુ પલાયન કરી જાય છે. અગ્નિમાં નાખેલા ઘૃતની માફક વાસનાઓ બળીને ભસ્મ થઈ જાય છે. સત્વ-રજસાદિ ત્રિગુણ ખંડીઆ રાજાની માફક નિર્ગુણાનંદ રૂપ પોતાના આત્માની તેને ભેટ કરે છે. અને સર્વ સ્થિતિએ સમાન એવી જીવનન્મુક્તિ તેના કંઠમાં વિજયની મન્દારમાલા સમર્પણ કરી, પોતાના ભર્તા તરીકે હૈયાના કુસુમે વધાવી લે છે.

પછીથી ચન્દ્રકાન્તમણિ જેમ ચન્દ્ર-કિરણના સમૂહથી ઓગળી જાય છે. તેમ કર્મબંધનરૂપી પત્થર વિવેકરૂપી

ચન્દ્રના કિરણસમૂહથી ઓગળી જાય છે. અને આત્મજ્ઞાન (અગર બ્રહ્મજ્ઞાન) રૂપી ગારુડી મંત્ર પાઠવે છે, અને આ આત્મજ્ઞાન (અગર બ્રહ્મજ્ઞાન) રૂપી ગારુડી મંત્ર પાઠવ્યાથી આત્મરાજ્યના (અગર બ્રહ્મરાજ્યના) આત્મયાનનાં (અગર બ્રહ્મયાનનાં) દ્વાર ખુલ્લાં થઈ જાય છે. અને એજ માર્ગે ઠેઠ પરબ્રહ્મયાને જઈ પહોંચાય છે.

આ પ્રમાણે અમારા સિદ્ધ-પ્રદેશની ઈમારતના બે મહાન વજ્રપાયા, (૧) પુરુષાર્થ અને (૨) વિવેકની વાત થઈ રહી હું તમને એ ઈમારતના મિનારજ્ઞાનની વાત કહું છું. તે ધ્યાન દઈને સાંભળોઃ—

આ પ્રમાણે કહી ભગવાન્ સિદ્ધાનંદે જ્ઞાનની પારાયણ ઉકેલી. અમે શાન્ત અને મૌન જ હતા. બ્રહ્મના પ્રણવ જેવું વિષ્ણુના મુકુટ-મણિ જેવું, બ્રહ્મના ઉત્પત્તિઝરણ જેવું, શિવના કૃપા-શરણ જેવું, લક્ષ્મીની મુક્તિ જેવું, સાવિત્રીની ભક્તિ જેવું, પાર્વતીની શક્તિ જેવું, સરસ્વતીના હૃદય જેવું, ક્ષીરોદધિના અમૃત જેવું, ત્રૈલોક્યના ભાર્ગવ જેવું, પરમ સુખના નિર્વાણ જેવું, તપ, ધર્મ, દાન, સત્ય, અને ધર્મથી અધિક 'જ્ઞાન' અમારી ઈમારતનો મિનાર છે. જ્ઞાનના ઉદયથી દ્વૈતની ભાવના ટળી જઈ અદ્વૈતની સત્ય-સંકલ્પ ભાવના સ્થાપિત થાય છે. વિજળીના વિસ્તાર જેવી ક્ષણ-ભંગુર સુખદુઃખની દશાઓ નષ્ટ થઇ, પરમ કૈવલ્ય દશા સ્થાપિત થાય છે. મૃગજળવત્ માયાની ઇન્દ્રજાળ તૂટી જાય છે. વાસનાના પાશ છેદાઇ જાય છે, સ્થિતપ્રજ્ઞની સ્થિતિ સાથે જીવન-મુક્તિ પ્રાપ્ત કરી, વિવેકને વશ કરી

શકાય છે, અને મોક્ષની દોરડી ઉપર ઉભેલા શમ, વિચાર, સંતોષ ને સંત્સંગ રૂપી દ્વારપાલો પાસેથી સત્, ચિત્, અને આનંદનાં દ્વાર ખુલ્લાં મૂકાવી શકાય છે.

ત્યારે જ્ઞાન એટલે શું ? જ્ઞાન એટલે દુઃખનો અત્યંત અભાવ થઇ, સ્વ–સ્વરૂપની સ્થિતિ થવી. જ્યાં સુધી વાસનાઓ તૂટતી નથી, ત્યાં સુધી દુઃખનો અભાવ ઉદ્ભવતો નથી, અને જ્યાં સુધી દુઃખનો અભાવ ઉદ્ભવતો નથી, ત્યાંસુધી પરમ શાન્તિ મળતી નથી. અને જ્યાં સુધી પરમ શાન્તિ મળતી નથી, ત્યાંસુધી નિર્વાણ યા તો મોક્ષ સંભવતો નથી, માટેજ સજ્જનોએ કહ્યું છે, કે જ્ઞાન એટલે નિર્વાણઃ જ્ઞાન એટલે મોક્ષ.

આ 'જ્ઞાન'ની સાત ભૂમિકાઓ છે, અને તે અનુક્રમે (૧) શુભેચ્છા, (૨) વિચારણા, (૩) તનુમાનસા, (૪) સત્વાપત્તિ, (૫) અસંસક્તિ, (૬) પદાર્થાભાવિની, અને (૭) તુર્યગા એ નામથી ઓળખાય છે. આ સાત ભૂમિકાને અન્તે નિર્વાણ, અગર મોક્ષ છે. તેમાં જીવને ફરીથી શોક કરવો પડતો નથી એ ભૂમિકાઓનાં લક્ષણ કહું છું, તે તમે અનુક્રમે સાંભળોઃ–હે નરવાહન ! તેમાં પ્રથમ શુભેચ્છાનાં લક્ષણ કહું છું તે સાંભળોઃ–

“ હું આટલા દિવસ કેમ મૂઢ રહ્યો ! હવે ગુરુ પાસે જઇ, નિત્યાનિત્ય, વસ્તુવિવેક, વૈરાગ્ય, શમદમાદિ સંપત્તિ, અને મુમુક્ષતા એ સાધન ચતુષ્ટય વડે શાસ્ત્રના

મહામંત્ર સહિત આત્મ-વિચાર કરીશ. આ પ્રમાણેની ઇચ્છા થવી, તે 'શુભેચ્છા' કહેવાય છે, અને તે જ્ઞાનની પ્રથમ ભૂમિકા કહેવાય છે.

હવે "વિચારણા"નું લક્ષણ કહું છું તે સાંભળો. શાસ્ત્ર અને ગુરુનો સંબંધ, તથા વૈરાગ્યના અભ્યાસપૂર્વક ગુરુસેવા, શિક્ષા, ભોજન, શૌચ આદિ યતિધર્મમાં પ્રવૃતિ થવી ને શ્રવણ મનનમાં પ્રવૃત્તિ થવી, એ "વિચારણા" કહેવાય છે. એ જ્ઞાનની બીજી ભૂમિકા છે.

હવે તનુ-માનસાનાં લક્ષણ કહું છું. શુભેચ્છા-તથા વિચારણા પૂર્વક-શ્રવણ મનન અને નિદિધ્યાસનથી જે શબ્દાદિ વિષયોમાં અનાસક્તિપર્યંત અવિકલ્પસમાધિરૂપ તનુ-માનસા પ્રાપ્ત થવી તે જ્ઞાનની ત્રીજી ભૂમિકા છે.

હવે "સત્ત્વાપત્તિ"નું લક્ષણ કહું છું; આગળની ત્રણ ભૂમિકાના અભ્યાસથી બાહ્ય-પદાર્થ વિષે સંસ્કારનો ઉચ્છેદ થવાથી માયા, માયાનાં કાર્ય, તથા ત્રણ અવસ્થાથી શુદ્ધ કરેલા સન્માત્ર આત્મા વિષે ત્રિપુટીના લયે કરીને સાક્ષાત્કાર પર્યંત સ્થિતિ એટલે નિર્વિકલ્પ સમાધિરૂપે સ્થિતિ, એ "સત્ત્વાપત્તિ" કહેવાય છે. એ જ્ઞાનની ચતુર્થ ભૂમિકા છે, અને આ જ્ઞાનની ચતુર્થ ભૂમિકાવાળો બ્રહ્મવિત્ કહેવાય છે.

હવે "અસંસક્તિ"નું લક્ષણ કહું છું:-ઉપર કહેલી ચાર ભૂમિકાના અભ્યાસથી બાહ્ય તથા આંતર આકાર અને તેના સંસ્કારની સાથે ચિત્તના સંસ્કાર તથા

સંસર્ગના અભાવે કરી, તથા સમાધિના પરિપાક રૂપ ફળે કરી, જે અવસ્થામાં, ચિત્ત વિષે પરમાનંદ, અને નિત્ય અપરોક્ષ એવી બ્રહ્મ ભાવનાનો; સાક્ષાત્કાર રૂપ ચમત્કાર થાય છે તે 'અસંસક્તિ' નામની ભૂમિકા કહેવાય છે. એ જ્ઞાનની પાંચમી ભૂમિકા છે. પાંચમી ભૂમિકા વાળો બ્રહ્મવેત્તામાં શ્રેષ્ઠ કહેવાય છે. હવે 'પદાર્થાભાવિની'નાં લક્ષણ કહું છું. પાંચ ભૂમિકાના અભ્યાસથી સ્વાત્મારામ પરાયણે કરી, બાહ્ય તથા આંતર, પદાર્થોની દૃઢ અપ્રતીતિથી પદાર્થા-ભાવિની' નામની ભૂમિકા કહેવાય છે. એ જ્ઞાનની છઠ્ઠી ભૂમિકા કહેવાય છે. આ છઠ્ઠી ભૂમિકામાં રહેવાવાળો બ્રહ્મવિદ્વરીયાન્ કહેવાય છે.

હવે 'તૂર્યગા'નું લક્ષણ કહું છું. છ ભૂમિકાના ચિર-કાલના અભ્યાસથી અને ભેદની અપ્રતીતિથી જાગ્રત્ આદિ ત્રણ અવસ્થાથી મુક્ત બ્રહ્મને, જે અવસ્થામાં આત્મરૂપે અખંડિત જાણે છે, તે 'તૂર્યગા' કહેવાય છે. એ જ્ઞાનની સાતમી ભૂમિકા કહેવાય છે. સાતમી ભૂમિકાવાળો બ્રહ્મ-વિદ્વરિષ્ઠ કહેવાય છે. આ તૂર્યાવસ્થા 'જીવન્મુક્તની' પણ કહેવાય છે. જે મહાભાગ સાતમી ભૂમિકાને પ્રાપ્ત થયા છે. તે આત્મારામ, મહાત્મા, અને મહત્પદને પ્રાપ્ત થયા છે.

પરંતુ કાલ્પનિક વાદ કરતાં સિદ્ધાંતવાદ વધારે સુદૃઢ હોય છે. અદૃશ્ય કરતાં દૃશ્યમાંજ જનસમૂહને વધારે શ્રદ્ધા ચોંટે છે. પરોક્ષ જ્ઞાન કરતાં પ્રત્યક્ષ જ્ઞાનની મહત્તા વધારે હોય છે. તો જુઓ હું તમને પ્રત્યક્ષ જ્ઞાન–યોગનાંજ

દર્શન કરાવું છું. એમ કહી પાસે પડેલા કમંડલુમાંથી જલ લઈ તેમણે તે જલની અંજલિ આકાશભણી છાંટી એટલે આકાશમાં, અનેક સૂર્યના પ્રકાશ સમા તેજના અંબાર થયા ને ચંદન–ચોકી પર્યન્ત ભગવાન્ સિદ્ધાનંદના સમક્ષ પ્રવર્ત્યાઃ–ભગવાન્ સિદ્ધાનંદે તેમને યોગીના આવેશથી પ્રગટ થવાને આદેશ આપ્યો–એટલે તેજના અંબારમાંથી મૂર્તિ-માન્ જ્ઞાનયોગ પ્રગટ થયા અને ભગવાન સિદ્ધાનંદને સપ્રેમ નમસ્કાર કરી નીચે પ્રમાણે વદ્યાઃ—

જ્ઞાનયોગઃ–યોગેન્દ્ર ! હું વેદ છું, વેદાન્ત છું સૃષ્ટિનાં પુરાણ છું, ઉપનિષદ્ છું માનવમહાકથાનો અનુભવ છું, આદર્શ છું, આત્માનો વિધારક છું, પરમાત્માનો સાધક છું, **अहंब्रह्म** નો પ્રણવ છું, **परब्रह्म** નો ઉપાસક છું, **सच्चिदानंद** નો પ્રણવ છું, **तत्वमसि** નો નિર્ણય છું, યોગેન્દ્ર ! સિદ્ધ ઇમારતનો હું મિનાર છું. અને **ब्रह्म** ઇમારતનો વજ્રપાયો છું. મારૂં નામ **ज्ञान**.

સિદ્ધાનંદઃ—શી સાધો છો સેવા **ब्रह्मांड**ની ?

જ્ઞાનયોગઃ—આપું છું. સત્ય, અસત્ય સન્માર્ગ, કુમાર્ગ અનુકૂળ-પ્રતિકૂળ, સુખ–દુઃખ, લાભ-અલાભ, જય-અજય ઇત્યાદિ દ્વંદ્વના ભેદ પારખવાની શકિતવાળું છું. માનવીઓને મોહના પંથે ચઢતાં બ્રહ્મ જ્ઞાન બતાવું છું. સંયમના માર્ગ ભેટ કરું છું. સ્થિતપ્રજ્ઞની સ્થિતિ સાથે જીવનમુક્તિની સ્થિતિને વિસ્તારું છું. **ब्रह्मलीला ब्रह्मांड** માં શા છે આ દેશ ?

સિદ્ધાનંદઃ—વિસ્તારો તેવી જ રીતે ઓ સમૃદ્ધયોગી! **બ્રહ્મલીલા** ના પાઠ **બ્રહ્માંડોમાં**, પધારો આપના સ્વસ્થાને મારા આપને નમસ્કાર છે. (પ્રણામ કરીને **જ્ઞાનયોગ** અદૃશ્ય થાય છે. તેજના અંબાર પણ અદૃશ્ય થાય છે. ને આકાશમાં સમાઈ જાય છે) અમે આશ્ચર્ય ચકિત જ હતા. અમારાં મૂક હૃદય એકી સાથે પોકારી ઉઠયાં:–ઓહો શો તપનો પ્રભાવ! સિદ્ધો અને મહાત્માનાં હૃદય પારખવા કોણ સમર્થ છે?

પછીથી ભગવાન સિદ્ધાનંદે અમારાં અનુક્રમે એક પછી એક એમ નામ કહી અમને ઉપદેશ આપ્યો, કે ઉપર વર્ણવેલા (૧) પુરુષાર્થ (૨) વિવેક અને (૩) જ્ઞાનનો તમે શ્રવણ-મનન અને નિદિધ્યાસન-પૂર્વક શમ, વિચાર, સંતોષ અને સત્સંગ સહિત પૂર્ણ ત્રણ માસ સુધી અભ્યાસ કરો; કારણ કે ટીપે ટીપે સરોવર ભરાય છે. અને કાંકરે કાંકરે પાળ બંધાય છે. વળી જેમ હદ ઉપરાંત ભારે ખોરાક ખાવાથી અજીર્ણ થાય છે તેમ જ અનધિકારીને એકદમ અધિકાર આપવાથી હર્ષના કરતાં અમર્ષ વધારે નીવડે છે. પછીથી જેમ જેમ તમને અધિકાર પ્રાપ્ત થતો જશે, તેમ તેમ હું તમને ઉપદેશ આપતો જઇશ. એમ કહી એ ચંદન-ચોકીસાંથી ઉઠયા. અને અમે પણ અમારા માટે નિર્દિષ્ટ કરેલા પૂર્વસ્થાનકે જઈ જ્ઞાનયોગના મહિમાનો વિચાર કરતા કરતા નિદ્રાધીન થયા.

આ ત્રણ માસ અમને ત્રણ યુગ સમાન લાગ્યા. પરંતુ આખરે તે વીતી ગયા. અને કર્મ અને ભક્તિનો મહિમા

જાણવાને માટે અમે ચાતક સમા આતુર થઇ રહ્યા, ત્રણ માસ પછીથી ફરીથી અમે સન્ધ્યા-આહારથી પરવારી અમારા પૂર્વ સ્થાને આવી બેઠા અને ભગવાન સિદ્ધાનંદ અંગે ભસ્મ લગાવી; ચંદનની ચોકી કરી; અંદર દર્ભાસન પાથરી તે ઉપર પૂર્વવત્ બીરાજમાન થઇ, બ્રહ્માસન વાળી બેઠાઃ–અને નીચે પ્રમાણે કહેવા લાગ્યાઃ—

અમારા સિદ્ધપ્રદેશની ઈમારતના બે મહાન વજ્ર-પાયા. (૧) પુરુષાર્થ અને (૨) વિવેક અને તેના મીનાર (૩) જ્ઞાનની વાત હું તમને કહી ગયો હતો, અને તે પ્રમાણે તમેય પણ તેનો સાધનચતુષ્ટયપૂર્વક અભ્યાસ કરી ઉપદેશનો અધિકાર મેળવ્યો છે. તો હવે હું તમને તેના હૃદયકર્મની વાત કહું છું તે ધ્યાન દઇને સાંભળોઃ–

બ્રહ્મની ક્રિયાશકિત જેવું, વિષ્ણુના રાજસ સ્વરૂપ જેવું, બ્રહ્માની ઉત્પત્તિ જેવું, શિવજીના ગર્ભ જેવું, સૃષ્ટિનું નિર્માણ સ્વરૂપ, સંસારના અર્થરૂપ જીવનના વાહનરૂપ, અવતારના કારણ રૂપ, દ્વન્દ્વના વિસ્તારરૂપ કર્મ, અમારી ઈમારતનું હૃદય છે. આ વાસનારૂપ છે. કારણ કે જેની જેવી જેવી વાસના તેવાં તેવાં કર્મ, અર્થાત કર્મ એટલે મનની વૃદ્ધિ પામેલી વાસના. પૂર્વજન્મની જે વૃદ્ધિ પામેલી વાસના ફળ આપવા તૈયાર થાય છે તેને કેટલેક સ્થળે દૈવને નામે ઓળખવામાં આવે છે. આ વાસના મનના કારણભૂત મનથી જૂદી નથી, પણ તે રૂપ છે. અને મન પરમાત્માના વિવર્તરૂપ હોવાથી તે રૂપ છે. આ ઉપ-રથી જે દૈવ છે. તે કર્મ જ છે, જે કર્મ છે, તે વાસનાજ

છે. જે વાસના છે, તે મનરૂપજ છે અને જે મન છે, તે પરમાત્મા રૂપજ છે. માટે જ જો મનનાં મૂળતત્ત્વો અને સ્વરૂપ જાણવામાં આવે તોજ કર્મની યથેચ્છપ્રવૃત્તિમાં આગળ વધી શકાય. ટૂંકમાં મનમાં મૂળતત્ત્વો અને સ્વરૂપ તેજ કર્મનાં મૂળતત્ત્વો અને સ્વરૂપ છે. માટે હું તમને પ્રથમ મનનાં મૂળતત્ત્વો જણાવું છું.

મન આકાશની પેઠે શૂન્ય તથા જડ આકારવાળું છે. અને તે સર્વ સ્થળે વ્યાપી રહ્યું છે. જે જે સંકલ્પ થાય છે. તેજ મન છે. દ્રવ જેમ પાણીથી જુદો પડતો નથી, અને હાલવારૂપી ક્રિયા વાયુથી જુદી પડતી નથી તેમ મન સંકલ્પથી જુદું પડતું નથી હે નરવાહન ! જ્યાં જ્યાં સંકલ્પો ઉભા થાય છે. ત્યાં ત્યાં તેના આકારવાળું મન થાય છે. સંકલ્પ અને મનને કોઇએ કોઈ દિવસ જૂદાં કર્યાં નથી. પદાર્થોનો પ્રતિભાસ ખરો હોય કે ખોટો હોય, પરંતુ તે સર્વ મન છે. અને તેજ લિંગ શરીરવાળું પરબ્રહ્મ છે, એમ સમજો. જીવ પોતાની મેળેજ પોતાની સર્વ ધારણાઓને સંપાદન કરે છે. ફળ ઉત્પન્ન કરવામાં પ્રત્યેક જીવની જે માયાયુક્ત ચૈતન્યશક્તિ છે. તેજ સમર્થ છે. જે જીવની શક્તિ, જે, જે, રીતે ઉદય પામે છે, તે જીવની તે તે શકિત તે તે રીતે સદા ફળ આપે છે. જે, જે, જીવનો જે જે સંકલ્પ લાંબે કાળે જે જે રીતે ઉદય પામે છે, તે સંકલ્પજ લાંબે કાળે તે, તે, પ્રકારનું ફળ આપે છે. જે પોતાનો સંકલ્પ હોય છે, તેજ પ્રકાશાંતરે તપ અથવા તો, દેવરૂપ થઈને, આકાશમાંથી જેમ

ફળ પડે તેમ યથેષ્ટ ફળ આપે છે. પોતાના સંકલ્પ વિના બીજું કોઈ પણ ફળ આપતું નથી. સૃષ્ટિના વિષે રહેલો અને ચૈતન્યની સત્તારૂપ અંતરાત્મા જે રીતે જે પ્રમાણે મનમાં ચિંતવે છે અને પછી સારો અથવા તો નરસો પ્રયત્ન કરે છે, તે પ્રમાણે તેને ફળ મળે છે. **यादृशी भावना यस्य सिद्धिर्भवति तादृशी ।** એ નિર્વિવાદજ છે.

પ્રકૃતિરૂપી એક લતા છે. તેને બ્રહ્માંડરૂપી ફળ લાગેલું છે. મન તેનું મૂળ છે, ઇંદ્રિયોરૂપી તેનાં પાંદડાં છે. અને પરબ્રહ્મરૂપી પવનથી તે રાતદિવસ ડોલ્યા કરે છે એ ચૈતન્યભગવાન પ્રત્યેક દેહરૂપી ડાબલાંઓમાં મણિરૂપે પ્રકાશે છે. સૃષ્ટિ ઉત્પન્ન થઈ છે ત્યારથી જ ક્રિયાશક્તિ જેમાં પ્રધાન છે એવા પરબ્રહ્મે સત્ય સંકલ્પવાળા કર્મથી એવું નિર્માણ કર્યું છે, કે અમુક અમુક જીવને તેના કર્મ પ્રમાણે અમુક અમુક પ્રકારનું દુઃખ અથવા તો સુખ થશે. આવું નિર્માણ કરવાથી પરબ્રહ્મ પોતે જીવભાવથી ઉપાધિમાં પ્રવેશ કરીને જીવપાસે સંકલ્પના સ્વભાવ વડે ગુલ્મની પેઠે મનમાં ઉત્પન્ન થએલું દુઃખ ભોગવાવે છે. આ સિવાય જીવને દુઃખ થવાનું બીજું કાંઈપણ કારણ નથી. માટેજ સંકલ્પને દબાવી દઈ, મનનો નાશ કરી, સર્વ કર્મ બ્રહ્માર્પણ કરવાં, જેથી તમે કર્મના બંધનથી છૂટી, સ્થિતપ્રજ્ઞની સ્થિતિ સાથે જીવન્મુક્તની સ્થિતિ મેળવી જ્ઞાનના ઉદયથી તરી, પરબ્રહ્મનાં દ્વાર ખોલી શકશો. આથી જ **कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन । मा कर्मफलहेतुर्भूर्मा ते सङ्गोऽस्त्वकर्मणि ॥ सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज । अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः "**

એ ભગવદ્વાકયોના મહામંત્રો સ્તુસ્ત્યજ છેઃ—

હવે હું તમને મનનું સ્વરૂપ કહું છું. મન ભાવના (વિકલ્પ) માત્ર છે. તે ભાવના સ્પંદ ધર્મવાળી થઈ (કલ્પનાવાળી થઇ) વિદ્રિત તથા પ્રતિસિદ્ધ ક્રિયા થાય છે. સૂક્ષ્મતાથી અદૃષ્ટ ભાવને પ્રાપ્ત થએલી ક્રિયાનું જન્માંતરાદિ જે ભાવીરૂપ છે, તેજ ફળ કહેવાય છે. તેને જીવ અનુસરે છે. અનંત અને સર્વ શક્તિવાળા માયા-શબલનું પ્રથમ રચેલું સંકલ્પશકિતવાળું જે રૂપ છે, તે મન છે; જે 'સંશય'નાં સ્મરણુ કરાવે છે. સત્ તથા અસત્‌ની મધ્યમાં રહે છે. કર્તામાં અકર્તાનું જ્ઞાન અને અકર્તામાં કર્તાનું જ્ઞાન, એ મનનાં સ્વરૂપો છે. જેમ ગુણુ વિના ગુણુવાન સંભવતો નથી તેમ કલ્પનારૂપ કર્મશક્તિ વિના મન સંભવતું નથી. જેમ અગ્નિ તથા ઉષ્ણુતા જળ તથા શિતળતા તેજ તથા પ્રકાશિતતા, આકાશ તથા સર્વવ્યાપકતા, પૃથ્વી તથા ઉત્પન્નતા જુદાં જુદાં સંભવતાં નથી, તેમ જ મન તથા કલ્પનારૂપ કર્મશકિત જુદી સંભવતી નથી. તે મન વડે આ સંપૂર્ણ જગત વ્યાપ્ત છે, કે જે જગત દ્વૈતરૂપ છે, માયામય છે–નિષ્કારણુ છે, સ્થિતિ વગરનું છે, ને વાસનાથી થતી કલ્પના વડે વ્યાકુલ છે.

ક્રમે કરી થતી ભિન્ન ભિન્ન વૃત્તિએ કરી મનનાં ભિન્ન ભિન્ન નામ થાય છે. ટૂંકમાં તેનાં નામ અનુક્રમે (૧) મન, (૨) બુદ્ધિ, (૩) અહંકાર, (૪) ચિત્ત, (૫) કર્મ, (૬) કલ્પના (૭) સ્મૃતિ (૮) વાસના (૯) વિદ્યા (૧૦) વિસ્મૃતિ, (૧૧) મલ, (૧૨) ઈંદ્રિય (૧૩) પ્રકૃતિ, (૧૪)

માયા, અને (૧૫) ક્રિયા એમ પંદર નામો છે. તે સિવાય સંસારમાં કલ્પિત ભ્રમ જેનું કારણ છે. એવાં અન્ય અનેક નામો પણ મનનાં છે.

હવે હું ટૂકમાં તેમનાં લક્ષણો કહું છું:—

(૧) અવિદ્યાએ કરી કલંકવાળી થઇ હોય, તેમ પરસંવિત્ કદાચિત્ સંકલ્પ રૂપે થઈ, અમુક પદાર્થ આ રૂપે છે, આ રૂપે નથી, અવી રીતે નાના વિકલ્પરૂપ થાય છે, ત્યારે તે પરસંવિત્ મનરૂપે થાય છે, એટલે મન કહેવાય છે.

(૨]:—જ્યારે પ્રથમ વિકલ્પ પાછળથી, વિશેષ ભાવનાને પ્રાપ્ત થઇ, એકના અનુસંધાનનો નિશ્ચય કરી, સ્થિર થાય છે. ત્યારે તે પરસંવિત્ બુદ્ધિ કહેવાય છે.

(૩):—જ્યારે દેહાદિક વિષે આત્માભિમાને કરી, પોતે સત્તાને કલ્પે છે, ત્યારે પરસંવિત્ અહંકાર કહેવાય છે. તે સર્વ અનર્થનું મૂળ કહેવાય છે, તેથી 'ભવ'બંધની કહેવાય છે.

(૪):—જેમ બાલક પૂર્વાપરના અનુસંધાન વિના એક પદાર્થને મૂકી અન્ય પદાર્થને ગ્રહણ કરે છે, તેમજ પરસંવિત્ એક વિષયને મૂકી અન્ય વિષયનું ગ્રહણ કરે છે, ત્યારે તે ચિત્ત કહેવાય છે.

(૫):—જ્યારે સંવિત્ ક્રિયારૂપે થાય છે, ત્યારે તે કર્મ કહેવાય છે.

(૬):—જ્યારે સંવિત્ અકસ્માત્ પોતાના પૂર્ણ ભાવને ભૂલી જઈ પરિચ્છિન્ન ભાવની કલ્પના કરે છે, ત્યારે કલ્પના કહેવાય છે.

(૭):—જ્યારે સંવિત્ "પૂર્વે જોયેલું છે વા નથી જોયેલું એવો વિકલ્પ કરી, પૂર્વે જોયેલું છે, એવા નિશ્ચય વડે, અંદર ચેષ્ટા કરે, ત્યારે તે 'સ્મૃતિ' કહેવાય છે.

(૮):—જ્યારે સંવિત્ જાણે ગળેલા હોય તેમ અંતર્હિત પદ, તેના અર્થ અને તેની શક્તિના સ્વરૂપે કરી, અતિશુદ્ધ ભાવમાં વસે છે, અને અન્ય સર્વ ચેષ્ટા જ્યારે શાંત થાય છે, ત્યારે તે, વાસના કહેવાય છે.

(૯):—જ્યારે સંવિત આત્મા વિમલ છે. તેમાં દ્વૈત દૃષ્ટિ તો અવિદ્યાએ કરી થએલી છે, એમ જાણે છે, વળી તે ત્રણે કાળમાં નથી એમ અનુભવે છે, ત્યારે તે 'વિદ્યા' કહેવાય છે.

(૧૦):—જ્યારે સંવિત્ આત્માના અદર્શન માટે વિસ્મરણ કરાવે છે. ત્યારે તે 'વિસ્મૃતિ' કહેવાય છે.

(૧૧):—જ્યારે સંવિત મિથ્યા દ્વૈતજાળે કરી, નાના પ્રકારના વિક્ષેપ કરાવે છે, ત્યારે તે 'મલ કહેવાય છે.

(૧૨):—જ્યારે સંવિત્ ઇંદ્રિયોની ક્રિયાઓ કરી જોઈ અને તે ક્રિયામાંનો વિચાર કરી જોઇ, જીવરૂપ પરમાત્માને પ્રસન્ન કરે છે, ત્યારે તે ઇંદ્રિય કહેવાય છે.

(૧૩):—જ્યારે સંવિત્, પરમાત્મા અદૃશ્ય છતાં, સર્વ દૃશ્ય રૂપ જગત્‌ના ઉપાદાન કારણ રૂપ હોય છે, ત્યારે તે 'પ્રકૃતિ' કહેવાય છે

(૧૪):—જ્યારે સંવિત સતને અસત્ જેવું અને અસતને સત જેવું બતાવે છે. અને આ પ્રમાણે સત્ અસત્‌નો વિપર્યય કરે છે, ત્યારે તે 'માયા' કહેવાય છે.

(૧૫):—જ્યારે સંવિત્ ઇંદ્રિયોની ક્રિયા કરે છે, ત્યારે તે ક્રિયા કહેવાય છે.

આમ એક જ મનની ભિન્ન ભિન્ન વૃત્તિએ કરી ભિન્ન ભિન્ન પ્રકાર પડ્યા છે. તે મન જડ પણ નથી, અને ચેતન પણ નથી. જે કારણે કરી, નિત્ય એકરૂપ નિશ્ચય વિનાની સ્થિતિ પ્રાપ્ત થાય છે. એટલે આત્માની અજ્ઞાત સત્તા જ મન છે. તે જડચેતનની મધ્યમાં છે. દ્વૈતનું કારણ જ મન છે. હું બદ્ધ છું એવા નિશ્ચયવાળો બંધાય છે. ને 'હું મુકત છું,' એવા નિશ્ચયવાળો મુકત થાય છે. અર્થાત્ 'મન જડ છે,' એમ જાણનારને મન જડ છે, ને 'મન ચેતન છે એમ જાણનારને 'મન ચેતન છે.' મન કર્તા તથા કર્મ છે. શરીરનું કારણ પણ મન જ છે. સ્થૂળ શરીરરૂપે થએલું મનજ જન્મે છે. તથા મરે છે. (૧) जायते, (૨) अस्ति, (૩) वर्धते, (૪) विपरिणमते, (૫) अपक्षीयते, અને (૬) नश्यति એ વિકાર શરીરના છે, પણ આત્માના નથી. એ પ્રકારના વિચારે કરી મન લય પામે છે. ને તેણે કરી મોક્ષની પ્રાપ્તિ થાય છે. ભ્રમવાળું મનનું કર્મ ક્ષીણ થાય ત્યારે જીવ મુક્ત કહેવાય છે, કેમકે તે ફરીથી જન્મતો નથી, અને મનના અવિવેકે કરી પર્વતના શિખરની પેઠે દુઃખો વધે છે, તેમજ મનના વિવેકે કરી, સૂર્ય પાસે હિમ જેમ નષ્ટ થાય છે, તેમ દુઃખો નષ્ટ થાય છે. તાત્પર્ય કે મનના અવિવેકે કરી, બન્ધન અને મનના વિવેકે કરી મોક્ષ છે, એટલે બન્ધ–મોક્ષનું કારણજ મન છે, मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः । એ

નિર્વિવાદ જ છે. જો મન શાસ્ત્રના તથા ગુરુઉપદેશ અને સત્સંગના અર્થશ્રવણાદિથી થએલી શુભ વાસનાએ કરી સમરસ થઈ, વિષયોમાં મૌને કરી મુનિની પેઠે દેહ રહે ત્યાં સુધી રમે છે. તો પછી તત્ત્વજ્ઞાને કરી, પરમ પવિત્ર, જન્મઆદિ વિકાર રહિત અને એટલા માટે જ:–(૧) આધિભૌતિક (૨) આધ્યાત્મિક, તથા (૩) આધિદૈવિક એ ત્રણે તાપ વર્જિત એવા પૂર્ણ બ્રહ્મપદને જીવ પામે છે, ને તેથી જીવન્મુકત થઇ પ્રલયાદિ મહા આપત્તિમાં પણ શોચતો નથી. માટે જ હું તમને કહું છું કે, મન ગમે તેથી ઉત્પન્ન થયું હોય, અને ગમે તે રૂપ હોય, પણ તે મનને મોક્ષ માટે નિત્ય શ્રમ લઇ, આત્માવિષે યોજવું–એટલે 'સમાધિ' કરવી.

પરમાત્મા વિષે યોજેલું મન, શુદ્ધ, વાસના વગરનું અને કલ્પનાશૂન્ય થાય છે. તેથી પરમાત્મારૂપે થાય છે. પરંતુ અહીંયાં તમારે એ ધ્યાનમાં રાખવાનું છે, કે એક વખત મનોનિરોધથી ઈષ્ટસિદ્ધિ થતી નથી, પરંતુ ચિરકાલ મનોનિરોધનો અભ્યાસ કરવાથી ઇષ્ટસિદ્ધિ (અપરોક્ષ જ્ઞાન) થાય છે.

હવે હું તમને મનોનાશ તથા મનની શાંતિનો ઉપાય કહું છું તે સાંભળો:–

હે નરવાહન! મન સંકલ્પમાત્રજ છે. હે પુત્ર! સંસારનું દુઃખ સંકલ્પમાત્ર જ છે, તે વિના અન્ય કાંઈ નથી. માટે પૂર્વે અનુભવેલાં સુખદુઃખ સંભાળો નહિ, કારણ કે તમે સંકલ્પે કરી મોહ પામ્યા છો; માટે સંકલ્પના

ક્ષયનો ઉપાય જ અસ્મરણ છે. સ્મરણના અભાવે કરી સંકલ્પનો ક્ષય થાય છે. સંકલ્પના ક્ષયે કરી, જન્મમરણાદિ સંસારના સર્વ ભય ટળે છે. હે નરવાહન ! શોક નથી, મોહ નથી. જે છે, તે છે. માટે નિશ્ચિન્ત રહો, મનનો વિક્ષેપ મૂકો, શોક મૂકો, અવિદ્યા અને તેનાં કાર્યોથી શુદ્ધ થાઓ, રાગદ્વેષને મૂકો, મનના મેલ તજો, પાપ દૂર કરો. પૂર્ણ સમુદ્ર જેવા ક્ષોભરહિત થાઓ. માયારૂપી કાજળને ત્યજો ને નિર્વિકલ્પસમાધિથી સ્વરૂપમાં લગ્ન રહી, મેરુ જેવા ધીર થઇને નિશ્ચિન્ત થાઓ.

હે નરવાહન ! મન વાસનામય છે. સંકલ્પના વિસ્તારથી વાસના થાય છે, તે માટે દ્વૈતવાસનાનો અત્યંત ઉચ્છેદ એ મનની શાંન્તિનો ઉપાય છે. શાસ્ત્ર, ગુરુ અને પોતાના અનુભવે કરી, સર્વ દ્વૈત, મનનો ભ્રમમાત્ર છે. એવો નિશ્ચય કરવાવાળો, તથા સાતમી ભૂમિકામાં લઇ જાય તેવા જ્ઞાનનો પરિચય કરાવવાવાળો મનોનિરોધનો પ્રયત્ન જ અત્યંતવાસનાઉચ્છેદનો ઉપાય છે. ચિત્તની ચિતિવિમુખતા જ અનર્થરૂપ મનનું બીજ છે માટે તેનો નિરોધ કરવો. વાસનાનો ક્ષય થાય ત્યારે, શુદ્ધ મનોવૃત્તિ ક્ષણ વારમાં જેમ સૂર્યની કાન્તિ, અંધકારને દૂર કરે છે તેમ શૂન્ય કરે છે. એટલે બોધે કરી મહાદુઃખનો બાધ કરે છે. વાસના વાળા અજ્ઞાની મનને 'અભય' પદાર્થ 'ભય' રૂપ ભાસે છે. વાસના વાળું મન મિત્ર વિષે શત્રુ ભાવથી શંકા કરે છે. વાસના જીવના મોહનું મૂળ કારણ છે; માટે મહા પ્રયત્ન લઇને પણ વાસનાને મૂળમાંથી કાઢી નાખવી, કારણ કે વાસના

'બંધ' કહેવાય છે, ને વાસનાક્ષય મોક્ષ કહેવાય છે. માટે વાસનાને તજી, મોક્ષની ઇચ્છા પણ મૂકી દ્યો. પ્રથમ તો વિષયવાસના જે તામસી છે, તેનો ત્યાગ કરો, ને મૈત્રી મુદિતા કરુણા અને ઉપેક્ષિતા નામની શુદ્ધ વાસનાનું ગ્રહણ કરો. મૈત્રી આદિ વાસના ચિન્માત્રથી જૂદી નથી માટે તેણે કરી વહેવાર કરવા છતાં પણ તે વાસનાને તજી "હું ચિન્માત્ર છું" એવી રીતે સંપ્રજ્ઞાત સમાધિના દૃઢ અભ્યાસની વાસના કરો, પછી તે વાસના અને મનોવૃત્તિને તજી અસંપ્રજ્ઞાત સમાધિમાં સ્થિર થાઓ, ને સર્વમાંથી અહંતા, મમતા, તજી દ્યો. ટુંકમાં વાસનાક્ષય વિના, તથા અસંપ્રજ્ઞાત સમાધિના પરિપાક વિના મોક્ષ થતો નથી.

પરંતુ અહીંઆં તમારે ધ્યાનમાં રાખવાનું છે, કે; મનોનિરોધ પુરુષાર્થ વિના સિદ્ધ થતો નથી; અને બુદ્ધિમાનથી પુરુષાર્થ કરતાં ન પ્રાપ્ત થાય, એવો પદાર્થ પૃથ્વીમાં સ્વર્ગમાં, કયાંય પણ નથી. અને આ પુરુષાર્થ પણ (૧) બ્રહ્મચર્ય, (૨) ધૈર્ય, (૩) વૈરાગ્ય અને (૪) યુક્તિ વિના સાધ્ય થતો નથી, અને તે વિના મોક્ષ મળતો પણ નથી.

હવે હું તમને પૂર્વવત્ પ્રત્યક્ષ "કર્મયોગ"નાં જ દર્શન કરાવું છું. એમ વદી પાસે પડેલા કમંડલમાંથી જલ લઇ, તેમણે તે જલની અંજલિ પૃથ્વી ઉપર છાંટી, એટલે પૃથ્વીમાં પૂર્વવત્ અનેકાનેક સૂર્યના પ્રકાશ સમાન પુરુષ સિદ્ધાનંદને સપ્રેમ નમસ્કાર કરી નીચે પ્રમાણે વદ્યા.

કર્મયોગઃ—

યોગેન્દ્ર ! હું શ્રુતિ છું, સ્મૃતિ છું, સૃષ્ટિનો કર્મકાંડ છું, દ્વંદ્વોનો બીજપ્રદ પિતા છું. નિષ્કામ કર્મનો અધિષ્ઠાતા છું; માનવ મહાકથાનું ફળ છું, જીવન છું, આશા છું, પ્રકૃતિનું રૂપ છું, પુરુષનો રૂપક છું. **कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन।** નો પૂરક છું, **युद्धयस्व जेतासि रणे सपत्नान्** નો પૂરક છું, **कर्मब्रह्मार्पण** નો ઉપાસક છું, **सच्चिदानन्द** નો આર્જવ છું, **तत्त्वमसि**નો અર્થ છું, યોગેન્દ્ર બ્રહ્મ–ઇમારતનો હું ગર્ભ છું અને સિદ્ધ–ઇમારતનું હૃદય છું. મારૂં નામ કર્મ.

સિદ્ધાનંદઃ—શી સાધો છો સેવા બ્રહ્માંડની ?

કર્મયોગઃ—**कर्मब्रह्मार्पण** ના બોધ શીખવું છું, નિષ્કામ-કર્મના પાઠને સુદૃઢ કરૂં છું, બ્રહ્મલીલા–બ્રહ્માંડમાં.

સિદ્ધાનંદઃ—વિસ્તારો તેવી જ રીતે ઓ સમૃદ્ધ યોગી ! બ્રહ્મલીલાના પાઠ. બ્રહ્માંડોમાં પધારો આપના સ્વસ્થાને. મારા આપને મનસ્કાર છે. (પ્રણામ કરીને કર્મયોગ અદૃશ્ય થાય છે. તેજના અંબાર પણ અદૃશ્ય થાય છે. ને પૃથ્વીમાં સમાઈ જાય છે.) અમારાં મૂક હૃદય એકી સાથે પોકારી ઉઠયાંઃ–અહાહા શો ભગવાન સિદ્ધાનંદનો ચમત્કાર ! કે મોક્ષદાતા સ્વયં જ્ઞાનયોગ અને કર્મયોગ પણ જેને વશ વર્તે છે. પછીથી ભગવાન્ સિદ્ધાનંદે અમને પૂર્વવત્ ત્રણ માસની અવધ આપી સ્વસ્થાન છોડયું. એટલે અમે પણ અમારા સ્થાને ગયા.

આ ત્રણ માસ અમને કુસુમ સમા મૃદુ લાગ્યા, કારણ કે અમારે વાસનાઓ હતી નહિ. સંકલ્પોનો તો

અહર્નિશ વાયુની જ ગણત્રી કરવી પડે છે. ત્યારે વ્યક્ત-સ્વરૂપ ભક્તિમાં બ્રહ્મની ભક્તિ વિના અન્ય કાંઈ નહિ હોવાથી તેમ કરવાની જરૂર પડતી નથી. અવ્યક્ત સ્વરૂપ-ભક્તિનો માર્ગ ફક્ત જ્ઞાનીઓ, યોગીઓ; તપસ્વીઓ, અને સિદ્ધોને જ માટે ઉત્તમ હોય છે. કારણ કે તેમને સંસાર-વહેવારની કાંઈ પણ દુગ્ધા–બળવાનું હોતું નથી. એકાન્તવાસ અને વનની તપોભૂમિઓ જ તેઓના માટે શ્રેયસ્કર છે, ત્યારે વ્યક્તસ્વરૂપ ભક્તિનો માર્ગ સંસારીઓ, કર્મ-યોગની નિષ્ઠાવાળાઓ, અને સાધારણ જ્ઞાનીઓને માટે ઉત્તમ છે. અવ્યક્તસ્વરૂપ ભક્તિના માર્ગમાં એક પ્રકારનો સાત્વિક અહંકાર રહે છે; અને તેનો નિર્ણય **अहं ब्रह्मास्मि** થી થાય છે, ત્યારે વ્યક્તસ્વરૂપ ભક્તિના માર્ગમાં કોઈ પણ જાતનો અહંકાર નહિ રહેવાથી; સર્વેય બ્રહ્માર્પણ થાય છે, અને તેનો નિર્ણય **तत्त्वमसि** થી થાય છે. અવ્યક્તસ્વરૂપ ભક્તિના માર્ગનું પરિણામઃ—

> **अहं निर्विकल्पो, निराकाररूपो**
> **विभुर्व्याप्य सर्वत्र सर्वेन्द्रियाणि ।**
> **सदा मे समत्वं न मुक्तिर्न बन्ध—**
> **श्चिदानन्दरूपः शिवोऽहं शिवोऽहम् ॥**

થી થાય છે. ત્યારે વ્યક્તસ્વરૂપ ભક્તિનું પરિણામ **सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज॥ अहं त्वा सर्व-पापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ।** થી થાય છે. અવ્યક્ત-સ્વરૂપ ભક્તિના માર્ગમાં એક મહાનમાં મહાન આપદા તો એ આવે છે, કે, તેની આડે ત્રેવીસ સિદ્ધિસમુદાય

આવે છે, તેમાંથી જો જીવ સિદ્ધિના માર્ગે ચઢી જાય છે તો તે પોતાની મૂળ સ્થિતિમાંથી પણ ભ્રષ્ટ થઇ, અન્ય આડે માર્ગે ઉતરી પડે છે. ત્યારે વ્યકતસ્વરૂપ ભકિતમાં આપદાઓ આવે છે ખરી, પરન્તુ જીવન્મુક્તની સ્થિતિ વડે તે સહન કરી શકાય છે. આ પ્રમાણે મેં તમને બંન્ને પ્રકારની ભક્તિ તેમનો તફાવત તથા ગુણાવગુણ કહી સંભળાવ્યા, છતાં પણ તે બંન્નેમાંથી તમારા માટે હાલમાં તો વ્યક્ત ભક્તિ જ શ્રેયસ્કર છે. વ્યક્તસ્વરૂપભક્તિથી જ્યારે તમે દૃઢ થાઓ ત્યારે ખુશીથી અવ્યક્તના માર્ગે વળજો. પ્રથમથી જ અવ્યક્તસ્વરૂપ ભક્તિમાં ચઢવાથી કદાચ બંન્નેમાંથી ભ્રષ્ટ થવાનો સંભવ છે. **अतो भ्रष्टस्तो भ्रष्टः** ની સ્થિતિ તો ત્રિશંકુના જેવી જ હોય છે, એ નિર્વિવાદ જ છે.

પરંતુ મારે તમને પૂર્વે એક વાત કહેવાની રહી ગઇ હતી. તે આ સમયને યોગ્ય જ હોવાથી અત્રે કહું છું. હું તમને વાસનાક્ષયનો ઉપદેશ આપી ગયો હતો; પ્રથમ ક્ષણિક વાસનાઓ ત્યજી, પછી ઉત્તમ વાસનાઓ ત્યજવી એમ પણ કહી ગયો હતો હવે હું તમને ઉત્તમ વાસનાક્ષયના બે ભેદ પ્રમાણે ઉત્તમ મહાત્મા પુરુષોના પણ બે ભેદ પડયા છે. તે પણ સમજાવું છું.

ઉત્તમ વાસનાનો ક્ષય, (૧) ધ્યેય અને (૨) જ્ઞેય એમ બે પ્રકારનો છે.

“ હું દેહ, ઇંદ્રિય, આદિ તથા બાહ્ય અન્નપાનાદિકનો આત્મા છું. દેહ, ઇંદ્રિય, આદિ અને અન્નાદિક મારો આત્માસ્વરૂપસિદ્ધિનું મારૂં કારણ છે. એટલા માટે વ્યવહારમાં

દેહેન્દ્રિયાદિ વિના હું નથી અને મારા વિના તે નથી. એવી રીતે મનમાં વિચારપૂર્વક નિશ્ચય કરી, 'હું–પદાર્થનો નથી;' 'પદાર્થ મારા નથી' એવી ભાવના કરવાથી અંદર શાંત બુદ્ધિથી ક્રિયા કરનાર પુરુષની વાસનાનો ક્ષય, ધ્યેય કહેવાય છે." અને "સર્વ બ્રહ્મમય જાણી, વાસનાનો ક્ષય કરી મમતા વગર દેહનો ત્યાગ કરે, તો તે પુરુષની વાસનાનો ક્ષય જ્ઞેય કહેવાય છે. અગર તો અધિષ્ઠાન બ્રહ્મના પરિશેષ-રૂપ ધ્યેય વાસનાક્ષય કહેવાય છે, અને તત્ત્વવેત્તાને સમાધિ-સમયમાં ને વિદેહકૈવલ્યમાં, સર્વ બ્રહ્મરૂપ જાણી, જે વાસનાનો ક્ષય થાય છે તે જ્ઞેય વાસનાનોક્ષય છે.

જે પુરુષ અહંકારવાસનાને તજી, લોકોના ગ્રહને માટે ઉચિત વ્યવહાર કરે છે તે ધ્યેયવાસનાવાળો જીવન્મુક્ત કહેવાય છે, હે નરવાહન! તું પણ ધ્યેય વાસનાવાળો હોઇ જીવન્મુક્ત છે, અને જે પુરુષ સર્વપ્રકારની વાસના તજી, ચિન્માત્ર હોઇ સ્વરૂપે રહી શાન્તિ પ્રાપ્ત કરી, પરબ્રહ્મમાં તલ્લીન રહે છે. તે જ્ઞેય વાસનાવાળો વિદેહ-મુક્ત કહેવાય છે.

જનકાદિ જીવન્મુક્ત પુરુષોએ લોકસંગ્રહને માટે કર્મ કર્યાં હતાં, માટે તેમનો વાસનાક્ષય ધ્યેય કહેવાય છે. અને ઉપરામને માટે પ્રાપ્ત થએલા વિદેહમુક્ત પુરુષો પરબ્રહ્મમાં રહે છે, તેથી તેમનો વાસનાક્ષય જ્ઞેય કહેવાય છે.

હે નરવાહન! ધ્યેય અને જ્ઞેય વાસનાના ક્ષયવાળા પુરુષો મુક્ત છે. કારણ કે એ બંન્ને પણ બ્રહ્મભાવને

પ્રાપ્ત થયા છે, અને હર્ષ-શોક રહિત છે. તે બંન્નેય પણ બ્રહ્મસુખમાં રહે છે. માત્ર તફાવત એટલો જ છે, કે ધ્યેય-વાસનાક્ષયવાળા વ્યુત્થાનમાં રહે છે. અને જ્ઞેય વાસના-ક્ષયવાળા સમાધિમાં રહે છે, અને તેજ પ્રમાણે ધ્યેય વાસનાક્ષયવાળો દેહ સહિત મુક્ત થઈ રહે છે, અને જ્ઞેય વાસનાક્ષયવાળો દેહ વિના મુક્ત થઈ રહે છે.

અને હવે તમે જાણ્યું હશે, કે ધ્યેય વાસનાક્ષય-વાળા વ્યક્તસ્વરૂપ ભક્તિથી બ્રહ્મને ઉપાસે છે. અને જ્ઞેય વાસનાક્ષયવાળા અવ્યક્તસ્વરૂપ ભક્તિથી બ્રહ્મને ઉપાસે છેઃ-

હવે હું તમને પૂર્વવત્ પ્રત્યક્ષ "ભક્તિ-યોગનાંજ દર્શન કરાવું છું.-એમ વદી, પાસે પડેલા કમંડલુમાંથી જલ લઈ તેમણે તે જલનિ અંજલિ ચંદનચોકીમાં છાંટી, એટલે ચોકીમાંથી પૂર્વવત્ અનેકાનેક સૂર્યના પ્રકાશ સમા તેજના અંબાર થયા, અને ચોકીની સર્વેય બાજુએ ભગવાન સિદ્ધાનંદે તેમને યોગીના આવેશથી પ્રગટ થવાના આદેશ આપ્યા. એટલે તેજના અંબરમાંથી મૂર્તિમાન ભક્તિ-યોગ પ્રગટ થયા અને ભગવાન્ સિદ્ધાનંદને સપ્રેમ નમસ્કાર કરી નીચે પ્રમાણે વદ્યાઃ—

ભકિતયોગઃ-યોગેન્દ્ર ! હું જપ છું, તપ છું, સાધના છું, ઉપાસના છું, ધ્યાન છું, જ્ઞાન છું, જ્ઞેય છું, શ્રેય છું, પ્રેમ છું, સૃષ્ટિની **धर्मगीता** છું, માનવમહાકથાનો નિર્વાણ છું, મોક્ષ છું, તત્ત્વોનો પણ તત્ત્વસાધક છું. જીવનું બિંબ છું, બ્રહ્મનું પ્રતિબિંબ છું. **अहिंसा परमो धर्मः।** નો અર્થ છું. **श्रद्धावाँल्लभते ज्ञानं** નો પ્રેરક છું. **यतो धर्मस्ततो**

जयः નો પુરક છું. **सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज !** ની શક્તિ છું. **अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ।** ની બ્રહ્મચાવી છું યોગેન્દ્ર! બ્રહ્મઇમારતનો હું ધર્મ-મિનાર છું, ને સિદ્ધ–ઇમારતનો હું 'આત્મા' છું. મારૂં નામ ભક્તિ.

સિદ્ધાનંદઃ—શી સાધો છો સેવા બ્રહ્માંડની ?

ભક્તિયોગઃ-પ્રસારૂં છું મંત્રઃ **आत्मवत्सर्व भूतेषुय यः पश्यति स पश्यति** ને **वसुधैव कुटुम्बकम्** બ્રહ્માંડમાં; અને સેવું છું શ્રદ્ધા અહિંસા અને ધર્મનાં બીજ—

સિદ્ધાનંદઃ—અહો, તેવી જ રીતે ઓ સમૃદ્ધયોગી ! પ્રસારો બ્રહ્મલીલાના મંત્ર, ને બીજ. બ્રહ્માંડોમાં પધારો આપના સ્વસ્થાને, મારા આપને નમસ્કાર છે. (પ્રણામ કરીને ભક્તિ-યોગ અદૃશ્ય થાય છે.) તેજના અંબાર પણ અદૃશ્ય થાય છે, ને ચંદનચોકીમાં સમાઇ જાય છે.

આ પ્રમાણે (૧) પુરુષાર્થ (૨) વિવેક (૩) જ્ઞાન, (૪) કર્મ અને (૫) ભક્તિરૂપી પાંચ અંગવાળી અમારી સિદ્ધ–ઇમારતનું હું તમને વર્ણન કરી ગયો. પરંતુ જે જમીન ઉપર આ પાંચ અંગવાળી ઇમારત ચણવામાં આવી છે તે જમીનનું તો વર્ણન જ કરવાનું હું ભૂલી ગયો હતો. હવે હું તમને તે જમીનનું વર્ણન કરૂં છું તે ધ્યાન દઇને સાંભળો, કારણ કે જો જમીન ક્ષારવાળી હોય છે, તો આખ્ખીય, ઇમારતને લૂણો લાગે છે, જો જમીન ભેજવાળી હોય તો આખ્ખીય ઇમારતને ભેજ લાગે છે, અને જો જમીન ખાડા ટેકરાવાળી હોય છે, તો આખ્ખીય

ઇમારત ઠસરાઈ પડે છે. જેમ જલકૂપ ખોદાવતા પૂર્વે ખોદાવનાર પ્રથમ જ વિચાર કરે છે, કે જે સ્થળે પુષ્કળ વૃક્ષ ઉગ્યાં હોય, તે સ્થળમાં અગર શાલ્મલી વૃક્ષ, પીપ્પલ વૃક્ષ, જાંબુ વૃક્ષ, અને બોર વૃક્ષની પૂર્વે જો કૂપ ખોદાવવામાં આવે તો વીસ અગર પચીસ હાથના અંતરે જ ચાર છ કોસનું જલ, નીકળે છે. અગર તો કૂપ ખોદતાં ખોદતાં જો મેડક નીકળી આવે, અગર તો સર્પ નીકળી આવે, તો થોડા અંતરમાં જ મીઠું જલ નીકળી આવે છે, તેમજ ઇમારત બાંધતાં પુર્વે ઈમારત બાંધનારે જમીન સપાટ, સુદૃઢ અને રસાળ છે કે નહિ તેનો પ્રથમ જ વિચાર કરવો જોઈએ.

આત્માની શક્તિ જેવી, પૃથ્વીના હૃદય જેવી, બ્રહ્મના પ્રકાશ જેવી, મેરુ પર્વતની સ્થિરતા જેવી, જીવનની જ્યોત જેવી, વિશ્વના આધાર જેવી, પુણ્યકર્મના સમુદાય જેવી શ્રદ્ધા, અમારી સિદ્ધ–ઇમારતની મનઃપ્રાય મનોરમ જમીન છે. જેની ઉપર સિદ્ધ–ઇમારતનું ચણતર ચણવામાં આવ્યું છે. એ શ્રદ્ધા પુરુષાર્થની ચાવી છે, વિવેકની માતા છે, જ્ઞાનની દાતા છે, કર્મની વિધાતા છે. અને ભક્તિની શાતા છે. બ્રહ્મચર્ય, ધૈર્ય, એકનિષ્ઠા, અને સ્વયંપ્રકાશતા એના જીવનનાં અમૃતપ્રાયઃ આધાર છે. એ અક્ષય અજર, અમૂલ્ય અમૃતરૂપી સ્તંભનો આધાર જો શ્રદ્ધારૂપી જમીનને આપવામાં ન આવે તો તે વાંકીચૂકી ને ખાડાટેકરાવાળી થઇ જાય છે. અશ્રદ્ધા, શંકા અને વ્હેમરૂપી ક્ષારનાં પડળ એની ઉપર ફરી વળે છે. અને

મૃત્યુરૂપી જળથી તે ભીંજાઈ જાય છે. અને પરિણામે આખીય સિદ્ધ–ઈમારતને લૂણો લાગે છે.

જ્યાંસુધી મારામાં જીવિત અને પ્રાણ છે. ત્યાં સુધી હું આમ કરીશ જ, એ શ્રદ્ધાનું સાધારણ સ્વરૂપ છે, ખરે! માનવી શ્રદ્ધાનો જ બનેલો છે. વાસનાનું શુદ્ધ સ્વરૂપ એ શ્રદ્ધા છે. જેની જેવી શ્રદ્ધા તેવો જ તે બને છે. यो यच्छ्रद्धः स एव सः। એ શ્રદ્ધાના ત્રણ પ્રકાર પડે છે. (૧) સાત્ત્વિકી, (૨) રાજસી અને (૩) તામસી, જેના ઉપરથી સાત્ત્વિકી શ્રદ્ધા, રાજસી શ્રદ્ધા, અને તામસી શ્રદ્ધા એ ત્રણ સ્વરૂપે એ ઓળખાય છે. હવે હું તમને એ ત્રણે શ્રદ્ધાનાં લક્ષણ કહું છું.

જે શ્રદ્ધામાં પુરુષાર્થ, વિવેક, જ્ઞાન, કર્મ અને ભક્તિનો ઉદય થાય છે. અને જે આત્મસ્વરૂપ, અગર બ્રહ્મસ્વરૂપ અગર પર બ્રહ્મસ્વરૂપને ઓળખાવવામાંજ પ્રયત્નો કરાવે છે, તે સાત્ત્વિકી શ્રદ્ધા છે.

જે શ્રદ્ધામાં લોભ, પ્રવૃત્તિ, કર્મોનો આરંભ અશાન્તિ અને ઇચ્છાનો ઉદય થાય છે અને જે કામ, ક્રોધ, રાગ, માન, અને દ્વેષથીજ કર્મો કરાવે છે, તે રાજસી શ્રદ્ધા છે.

જે શ્રદ્ધામાં અજ્ઞાન, અસુખ, અપ્રવૃત્તિ પ્રમાદ તથા મોહનો ઉદય થાય છે, અને જે કામ, ક્રોધ, રાગ, મોહ, મદ, મત્સર, આળસ, તથા નિદ્રાનાં કર્મો કરાવે છે તે તામસી શ્રદ્ધા છે.

આ ત્રણ પ્રકારની શ્રદ્ધાથી જ આહાર, યજ્ઞ, તપ, અને દાન પણ ત્રણ ત્રણ પ્રકારનાં હોય છે. તેમાંથી પોત પોતાની પ્રવૃત્તિને યોગ્ય હોય તે તે પ્રકારનાંજ દરેકને તે પ્રિય હોય છે. તેના ભેદ સાંભળોઃ–તેમાં હું તમને પ્રથમ ત્રણ પ્રકારના આહાર વિષે કહું છું. આયુષ્ય, બુદ્ધિ, બળ, આરોગ્ય, સુખ, અને રુચિને વધારનારા તથા ઘૃતાદિ સ્નેહ-યુક્ત સ્વાદિષ્ટ, પોષક, અને હૃદયને પ્રિય લાગે એવા આહાર સાત્ત્વિકજનોને પ્રિય હોય છે. કડવા, ખાટા, ખારા, અતિ ઉષ્ણ, લૂખા, દાહક, તથા દુઃખ, શોક અને વ્યાધિને ઉપજાવનારા આહારો રાજસી જનોને પ્રિય હોય છે. એક પહોર વીતેલું, સ્વાદ ઉડી ગએલું, દુર્ગંધવાળું, ટાઢું, એંઠું, અને અપવિત્ર ભોજન તામસી મનુષ્યોને પ્રિય હોય છે.

હવે હું તમને ત્રણ પ્રકારના યજ્ઞ વિષે કહું છું. ફળની ઇચ્છા રહિત પુરુષ પોતાનું કર્તવ્ય સમજીને તથા શાન્ત ચિત્તથી જે શાસ્ત્રોક્ત યજ્ઞ કરે છે, તે યજ્ઞ સાત્ત્વિક છે. હે નરવાહન ! ફળની ઇચ્છાથી, કે દંભને માટે જે યજ્ઞ થાય તેને રાજસ યજ્ઞ જાણવો, અને શાસ્ત્રવિધિરહિત, અન્ન-દાનરહિત, મંત્રરહિત, દક્ષિણારહિત, અને શ્રદ્ધારહિત, યજ્ઞને તામસ યજ્ઞ જાણવો.

હવે હું તમને ત્રણ પ્રકારના તપ વિષે કહું છું, ત્રણે પ્રકારના, (૧) શારીરિકતપ, (૨) વાચિક તપ, અને (૩) માન-સિક તપથી ફળની ઇચ્છા વિના યોગયુક્ત પુરુષોએ પરમ શ્રદ્ધાપૂર્વક કહેલું ઉપલું ત્રણે પ્રકારનું તપ સાત્ત્વિક તપ કહેવાય છે. શારીરિક તપ, વાચિક તપ, અને માનસિક તપ કોને

કોને કહેવાય છે તે પણ તમારી જાણ માટે હું તમને અત્રેજ કહી દઉં છું. દેવ, દ્વિજ, ગુરુ અને જ્ઞાનીનું પૂજન તથા સરળતા, અહિંસા અને બ્રહ્મચર્ય, એ શરીરનું તપ કહેવાય છે. ઉદ્વેગ ન કરે તેવું, સાચું, પ્રિય અને હિતકારક બોલવું, તથા પારમાર્થિક વિષયોનો અભ્યાસ કરવો એને વાણીનું તપ કહે છે. અને મનની પ્રસન્નતા, શાન્ત સ્વભાવ, મૌન, આત્મનિગ્રહ, અને ભાવોની સંશુદ્ધિ એને મનનું તપ કહે છે. જે તપ સત્કાર, માન, કે પૂજા મેળવવાને અથવા દંભને અર્થે કરાય છે, તેવા અસ્થિર અને નાશવંત તપને શાસ્ત્રોએ રજોગુણી કહ્યું છે, અને દુરાગ્રહથી, પીડા ખમીને, કિંવા બીજાની હાનિ અર્થે કરાતા તપને તામસ તપ કહે છે.

હવે હું તમને ત્રણ પ્રકારના દાન વિષે કહું છું તે સાંભળો:—

પોતાનું કર્તવ્ય માનીને, દેશ, કાળ તથા પાત્રનો વિચાર કરીને, અને પોતાના પર ઉપકાર ન કરનાર તથા બદલો ન વાળનારને ॐતત્ અને સત્ એ શબ્દ પૂર્વક જે દાન અપાય છે. તેને સાત્ત્વિક દાન કહ્યું છે. ઉપકાર વાળનારને ફળની ઇચ્છાથી કે દુઃખથી જે દાન અપાય, તેને રાજસ કહ્યું છે. અને અયોગ્ય સ્થળે, અકાળે, કિંવા અપાત્ર મનુષ્યને સત્કારરહિત તિરસ્કારપૂર્વક જે દાન અપાય છે તેને તામસ કહ્યું છે.

હવે જે ત્રણ પ્રકારના ગુણવડે ત્રણ પ્રકારની શ્રદ્ધા થાય છે તે ત્રણ પ્રકારના ગુણનાં લક્ષણ ઉપર ટુંકમાં વર્ણવ્યાં

છતાંય હિતકારી હોવાથી પુનઃ તેનું સંક્ષેપમાં વર્ણન કરૂં છું. પ્રથમ હું તમને સત્ત્વગુણનાં લક્ષણ કહું છું, સત્ત્વગુણ એ નિર્મળતાને લીધે પ્રકાશકતા તથા ઉપદ્રવરહિત હોવાથી જીવને સુખ અને જ્ઞાનની સાથે જોડે છે. રજોગુણને તમે તૃષ્ણા અને અશક્તિને લીધે લોભરૂપે ઉત્પન્ન થયેલો જાણો. હે નરવાહન! જીવને તે કાર્યોમાં બાંધે છે. સર્વ જીવોને મોહમાં ફસાવનારો તમોગુણ અજ્ઞાનથી ઉપજેલો જાણો. જીવોને તે પ્રમાદ, આળસ અને નિદ્રામાં બાંધે છે. ટુંકમાં હે નરવાહન! સત્ત્વગુણ સુખમાં જોડે છે, રજોગુણ કાર્યોમાં જોડે છે. અને તમોગુણ જ્ઞાનને ઢાંકી દઈ પ્રમાદમાં જોડે છે.

હે નરવાહન! રજોગુણ અને તમોગુણ દબાતાં સત્ત્વગુણ પ્રબળ થાય છે, સત્ત્વગુણ તથા તમોગુણ દબાતાં રજોગુણ પ્રબળ થાય છે. અને સત્ત્વગુણ તથા રજોગુણ દબાતાં તમોગુણ પ્રબળ થાય છે. સારાં કર્મોનું ફળ સાત્ત્વિક અને નિર્મળ હોય છે. રજોગુણી કર્મોનું ફળ દુઃખ છે. અને તમોગુણી કર્મોનું ફળ અજ્ઞાન છે. તે જ પ્રમાણે સત્ત્વગુણની પ્રબળતામાં દેહ છૂટવાથી પ્રાણી ઉત્તમ જ્ઞાનીઓના પવિત્ર લોકને પામે છે, રજોગુણની પ્રબળતામાં દેહ છૂટવાથી કર્માસક્ત લોકમાં જન્મે છે. અને તમસની પ્રબળતામાં દેહ છૂટવાથી પ્રાણી મૂઢયોનિમાં જન્મે છેઃ

ऊर्ध्वं गच्छन्ति सत्त्वस्था मध्ये तिष्ठन्ति राजसाः ।
जघन्यगुणवृत्तिस्था अधो गच्छन्ति तामसाः ॥

હવે હું તમને નિર્ગુણસ્વરૂપનું વર્ણન કરૂં છું કે જે નિર્ગુણ સ્વરૂપ ઉપરથી ઉપજેલી શ્રદ્ધાનું નામ " જીવન-

મુક્તાની શ્રદ્ધા" એવું રાખવામાં આવ્યું છે. આ ચતુર્થ પ્રકારની શ્રદ્ધા ઉત્તમોત્તમ છે, અને તે જ પ્રાણીને મોક્ષના દ્વારે લઈ જવાને સમર્થ છે. અન્ય નહિ. છતાંય પણ હું તમને પુનઃ પુનઃ કહું છું કેઃ—

તમોગુણ કરતાં રજોગુણ ઉત્તમ છે. રજોગુણ કરતાં સત્ત્વગુણ ઉત્તમ છે. અને સત્ત્વગુણ કરતાં નિર્ગુણ અથવા જીવનમુક્તિ ઉત્તમ છે. એ પ્રમાણે તમોગુણથી–નિર્ગુણ સુધીની પરંપરા છે. હવે કયા લક્ષણ વડે, કેવા આચરણથી અને કેવી રીતે મનુષ્ય ઉપર વર્ણવેલા એ ત્રણેય ગુણોને ઓળંગી નિર્ગુણ થઈ શકે છે. તે હું તમને કહું છું.

"હે નરવાહન! સત્ત્વના ચિહ્નરૂપ જ્ઞાન અને આનંદ, રજસના ચિહ્નરૂપ પ્રવૃત્તિ અને તમસના ચિહ્નરૂપ મોહ, એમાંનું જે કાંઈ પ્રવર્તેલું હોય, તેનો જે દ્વેષ કરતો નથી અને નિવૃત્ત થએલું હોય, તેની જે ઇચ્છા કરતો નથી. અર્થાત્ ગુણોમાં અહંતા, મમતા, લાવીને ચલાયમાન નહિ થતાં જે તેમના પ્રત્યે ઉદાસીન જેવો જ રહે છે, અને આંતરબાહ્ય સર્વત્ર, "ગુણો જ ગુણો પ્રત્યે પ્રવર્તી રહ્યા છે." એ નિશ્ચયમાં દૃઢ રહીને પ્રવૃત્તિ કરતો નથી. તેમજ જે દુઃખસુખમાં સમદૃષ્ટિવાળો અને સ્વસ્થ રહે છે, જેને માટી, પત્થર, અને સોનું સમાન છે. જેને પ્રિય અને અપ્રિય તેમજ પોતાની નિંદા અને સ્તુતિ બેઉ સરખાં છે. જે ધીરજવાળો છે, તથા જે માનઅપમાનમાં સમાન છે. જે મિત્ર તથા શત્રુ પ્રત્યે સમાન છે, તથા જેણે સર્વ સકામકર્મોનો પરિત્યાગ કર્યો છે. તે જ પુરુષ ગુણાતીત

કહેવાય છે. જે અવ્યભિચારી–એકનિષ્ઠ ભક્તિયોગ વડે પરબ્રહ્મને સેવે છે. તે જ એ ગુણોને સારી રીતે તરીને પરબ્રહ્મરૂપ થવાને યોગ્ય બને છે; કેમકે અવિનાશી અને નિર્વિકારી શાશ્વત ધર્મનું અને પરમાવધિ સર્વોત્તમ સુખનું સ્થાન પરબ્રહ્મ જ છે.''

નિર્ભયતા, અંતઃકરણની શુદ્ધિ, જ્ઞાન અને યોગમાં વિશેષ સ્થિરતા ઇંદ્રિયનિગ્રહ, યજ્ઞ, સ્વાધ્યાય, તપ, સરળતા, અહિંસા, સત્ય, અક્રોધ, ત્યાગ, શાન્તિ, ચાડી ન કરવી, ભૂતમાત્ર પ્રત્યે દયા, અલોલુપતા, નમ્રતા, લજ્જા, સ્થિરતા, ક્ષમા, ધીરજ, પવિત્રતા, અદ્રોહ, અને નિર્માનિતા, આ લક્ષણો હે ભારતી નરવાહન! જીવનમુક્તિની શ્રદ્ધાવાળા પુરુષોમાં હોય છે.''

આ પ્રમાણે હે નરવાહન! આવી ''જીવનમુક્તની શ્રદ્ધા'' નામની મનઃપ્રાય મનોરમ જમીન ઉપર અમારી સિદ્ધ–ઇમારત ચણવામાં આવી છે. આટલો બોધ દીધા પછી ભગવાન્ સિદ્ધાનંદે અમને પૂર્વવત્ ત્રણ માસની અવધ આપી મૌન ગ્રહણ કરી સ્વસ્થાન છોડયું. એટલે અમે પણ અમારા સ્થાને ગયા.

જ્યારે ત્રણ માસ સંપૂર્ણ વીતી ગયા, ત્યારે પૂર્વવત્ અમે અમારા સ્થાનકે બેઠા અને ભગવાન્ સિદ્ધાનંદ પણ પોતાના સ્થાનકે બિરાજમાન થયા, અને બોલ્યા, ''હવે હું તમને સંક્ષેપમાં પ્રકૃતિના અધિષ્ઠાતા, બ્રહ્માંડના વિધાતા, આત્મા અર્થાત્ બ્રહ્મનું સ્વરૂપ કહું છું તે સાંભળો:—

દ્રષ્ટાનો દૃશ્યની સાથે યોગ થવાથી વિષયાકાર વૃત્તિમાં જે આનંદ પ્રાપ્ત થાય છે. તેજ સાક્ષીભૂત આત્માનું સ્વરૂપ છે. દ્રષ્ટા, દર્શન અને દૃશ્ય એ ત્રિપુટીનો અને વાસનાનો ત્યાગ કરવાથી સર્વની ઉત્પત્તિનો સાક્ષી અને ત્રિપુટીનો પણ જે સાક્ષી છે તેજ આત્મા પોતે છે. જે અસ્તિતાનો તથા નાસ્તિતાનો સાક્ષી છે, અને સર્વ જગતનો પ્રકાશ છે. જગતના વ્યવહાર માટે જે કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અને અધિકરણ એ છ કારકરૂપે જે થાય છે, જે સર્વ જગતનું અધિષ્ઠાન છે, જે સર્વજગતરૂપે છે, અને જે પરમાર્થ સત્ય છે, તે જ આત્માનું સ્વરૂપ છે. જે અકારથી લઈ હકાર પર્યંત વર્ણસમામ્નાયમાં રહ્યો છે, સગુણ બ્રહ્મ અને નિર્ગુણ બ્રહ્મરૂપે છે, તે આત્મા પોતે છે. જે અહર્નિશ હૃદયાકાશમાં મણિરૂપે પ્રકાશી રહ્યો છે, તે આત્મા પોતે છે. (१) जायते, (२) अस्ति, (३) वर्धते, (४) विपरिणमते (५) अपक्षीयते, (६) नश्यति એ વિકાર શરીરના છે, પણ આત્માના નથી. જે આત્મા વડે આ સર્વ જગત વ્યાપ્ત છે. તેને તમે અવિનાશી જાણો. આ અવિનાશી આત્માનો વિનાશ કરવાને કોઈપણ સમર્થ નથી. શરીરમાં રહેલા એ નિત્ય, નાશરહિત. અને અમાપ એવા આત્માનાં આ શરીરોને જ નાશવંત કહેલાં છે. એ આત્મા હણતો યે નથી ને હણાતોયે નથી. તે કદીપણ જન્મતોયે નથી, ને જન્માવતોયે નથી, તે મરતોયે નથી, ને મારતોયે નથી. તે પૂર્વે ન હતો એમ પણ નથી, અને ભવિષ્યમાં નહિ હોય, એમ

પણ નથી. તે તો અજન્મા, સદાય રહેનારો, અમર અને પુરાતન છે, ને શરીર હણવાથી તે હણાતો નથી. મનુષ્ય જેમ જૂનાં વસ્ત્રોને ત્યજીને બીજાં નવાં વસ્ત્રો પહેરે છે, તેમ જીવાત્મા પણ જૂનાં શરીરોને ત્યજીને બીજાં શરીરો ધારણ કરે છે.

એ આત્માને શસ્ત્રો છેદી શકતાં નથી. નિશ્ચય આ આત્મા છેદાય નહિ તેવો, બાળાય નહિ તેવો વળી સૂકાય નહિ તેવો છે. વળી તે નિત્ય, સર્વવ્યાપી, સ્થિર, અચળ અને અનાદિ છે. વળી તે આત્મા અવ્યક્ત, અચિંત્ય અને અવિકારી છે. માટે તેને જ જો જાણવામાં આવે તો પછી કાંઇ જાણવાનું બાકી રહેતું નથી, કારણ કે સર્વ વસ્તુનો તેનામાં સમાવેશ થઈ જાય છે.

હે નરવાહન! વિચાર કરવાવાળા પુરુષમાં આત્મ-સાક્ષાત્કાર કરવામાં ત્રણ પ્રકારનો નિશ્ચય થાય છે; તે ત્રણેય પ્રકારના નિશ્ચયનાં સંક્ષેપમાં હું લક્ષણ કહું છું તે સાંભળો.

"હું દેહેન્દ્રિયાદિકથી જૂદો નથી, અને વાળના અગ્ર-ભાગ કરતાં પણ અતિસૂક્ષ્મ છું" એ પ્રથમ નિશ્ચય છે. તે ત્વં પદાર્થના શોધનનું મૂળ છે અને સાધન છે. તેથી મોક્ષકારક છે. "હું સર્વજગતરૂપ છું ને અક્ષય છું." એ દ્વિતીય નિશ્ચય છે, તે પણ અજ્ઞાનનિવૃત્તિપૂર્વક તત્ પદાર્થના શોધનદ્વારા મોક્ષમાં ઉપયોગી છે. "હું અને જગત્ સર્વ આકાશ જેવું શૂન્ય છે. (બ્રહ્મરૂપે છે)" એવી રીતે સર્વ દૃશ્યના બાધરૂપ નિશ્ચય તૃતીય નિશ્ચય છે,

અને તે મોક્ષકારક છે. હવે હું ચતુર્થ પ્રકારના નિશ્ચયનું વર્ણન કરૂં છું. તેમાં સર્વનો સમાવેશ થઇ જાય છે.

“ હું નિર્વિકલ્પ છું નિરાકાર છું, સર્વત્ર પ્રકાશિત વ્યાપ્ત વિભુ છું. સર્વે ઇન્દ્રિયો છું. સદા મારૂં સમત્વ છે. મને મુક્તિ અથવા બન્ધ કાંઈ પણ નથી. ચિદાનંદરૂપ શિવ હું પોતેજ છું,–હું પોતેજ છું. ”

“ अहं निर्विकल्पो, निराकाररूपो ।
विभुर्व्याप्य सर्वत्र, सर्वेन्द्रियाणि ॥
सदा मे समत्वं न मुक्तिर्न बन्धः ।
चिदानन्दरूपः शिवोऽहं शिवोऽहम् ॥

આત્મપ્રાપ્તિના મુખ્ય સાધનોમાં અગાઉ વર્ણવી ગયેલાં (૧) શ્રદ્ધા, (૨) પુરુષાર્થ, (૩) વૈરાગ્યની સાથે વિવેક (૪) જ્ઞાનની સાથે વિચાર, સત્સંગ, અને સંતોષ, (૫) કર્મની સાથે કર્મબ્રહ્માર્પણ (૬) ભક્તિની સાથે ધર્મ અને (૭) ઇંદ્રિયનિગ્રહની સાથે મનોનિગ્રહ એ સાત સાધન મુખ્ય છે. એ સાતેય સાધનથી આત્મપ્રાપ્તિ અથવા બ્રહ્મપ્રાપ્તિ કરવાનો પ્રયત્ન કરવો.

હવે હું તમને સંક્ષેપમાં પ્રકૃતિપુરુષના અધિષ્ઠાતા બ્રહ્માંડોના નિયંતા, સકળલોકજીવન વિધાતા વેદ–વેદાન્ત, પુરાણ–ઉપનિષદ્ ગાયત્રી અને ગીતાના ઉદ્ગાતા, એક જ છતાં ભિન્ન ભિન્ન સ્વરૂપે ભાસતા અવ્યક્ત પરમાત્મા અગર પરબ્રહ્મનું સ્વરૂપ કહું છું તે સાંભળો:–

જે જ્ઞાતા, જ્ઞાન, અને જ્ઞેય, પ્રમાતા પ્રમાણ અને પ્રમેય, કર્તા–ક્રિયા અને કારણ–દ્રષ્ટા, દર્શન અને દૃશ્ય–

સ્વરૂપ છે તે પરમાત્માનું સ્વરૂપ છે. જે, આદિપુરુષ, અંત રહિત, ત્રિગુણ રહિત, ભેદ રહિત, દ્વૈત રહિત તથા અદ્વૈત રૂપ છે, તે પરમાત્માનું સ્વરૂપ છે. જે સત્ય, સંકલ્પ, સત્યપ્રાપ્ત, સર્વવ્યાવપક સર્વશક્તિમાન, અંદર તેમજ બહાર પ્રકાશિત સ્વરૂપ છે, તે પરમાત્માનું સ્વરૂપ છે. જે અગમ-અગોચર, નિગમ-નિવાસી, જેને વાણી પહોંચી શકતી નથી, તથા જે અભેદ-સ્વરૂપ છે, તે પરમાત્માનું સ્વરૂપ છે.

જે મૂંગાને વાચાળ કરે છે, અને પાંગળાને પર્વત ઉલ્લંઘાવે છે. અને જેની કૃપાથી સર્વ તરી જાય છે. તે પરમાત્માનું સ્વરૂપ છે. બ્રહ્મા, વરુણ, ઇંદ્ર, રુદ્ર, અને મરુત વિગેરે દેવતાઓ દિવ્યસ્તોત્ર વડે જેની સ્તુતિ કરે છે. સામવેદનું ગાન કરનારા મુનિઓ અંગો, પદ, ક્રમ, અને ઉપનિષદ્ સહિત વેદો વડે જેની સ્તુતિ કરે છે. ધ્યાનમાં સ્થિર થએલા મુનિઓ, તેમાં સ્થિર મન વડે જેનાં દર્શન કરે છે. અને દેવો તથા અસુરો જેના પારને પામી શકતા નથી, તે પરમાત્મસ્વરૂપ છે. મહાસાગર રૂપી પાત્રમાં મેરુપર્વતનું કાજળ કરી, કલ્પવૃક્ષની શાખાની કલમ કરી, પૃથ્વી રૂપી પત્ર ઉપર સ્વયં શારદા જો સર્વકાળ જેનાં વખાણ આલેખે તો પણ આલેખવાને સર્વદા અસમર્થ બને એવું જે સ્વરૂપ છે, તે પરમાત્માનું સ્વરૂપ છે. तत्सत् તથા ॐ पूर्णमदः पूर्णमिदं पूर्णात्पूर्णमुदच्यते ॥ पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ॥ એવું જે સ્વરૂપ છે, તે પરમાત્મ સ્વરૂપ છે. हरिः ॐ शं नः मित्रः शं वरुणः । शं नो भवत्वर्यमा ।

शं न इन्द्रो बृहस्पतिः । शं नो विष्णुरुरुक्रमः । नमो ब्रह्मणे, त्वमेव प्रत्यक्षं ब्रह्मासि । त्वामेव प्रत्यक्षं ब्रह्म वदिष्यामि । ऋतं वदिष्यामि । सत्यं **वदिष्यामि । तन्मामवतु । तद्वक्तारमवतु । अवतु माम्, अवतु वक्तारम्** ॐ **शान्तिः शान्तिः शान्तिः** એવું જે સ્વરૂપ છે, તે પરમાત્મસ્વરૂપ છે. તથા જેની ઋગ્વેદ નીચે પ્રમાણે સ્તુતિ કરે છે. **हरि** ॐ **सहनाववतु । सहनौ भुनक्तु । सह वीर्यं करवावहै । तेजस्वि नावधीतमस्तु । माविद्विषावहै ।** ॐ **शान्तिः शान्तिः शान्तिः** એવું જે સ્વરૂપ છે તે પરમાત્મસ્વરૂપ છે.

હે નરવાહન! સર્વ જળોમાં જે રસ છે, ચંદ્ર સૂર્યમાં જે પ્રકાશ છે, સર્વ વેદોમાં જે પ્રણવ છે. આકાશમાં જે શબ્દ છે. મનુષ્યોમાં જે પરાક્રમ છે, પૃથ્વીમાં જે શુદ્ધ સુવાસ છે, અગ્નિમાં જે તેજ છે, સર્વ ભૂતોમાં જે જીવન-શક્તિ છે, તપસ્વીઓમાં જે તપ છે, બુદ્ધિમાનોની જે બુદ્ધિ છે, અને તેજસ્વીઓનું જે તેજ છે, જે અધિભૂત, અધિદૈવ અને અધિયજ્ઞ છે, તે જ પરમાત્મા અગર બ્રહ્મ છે.

સર્વભૂતોમાં જે આત્મરૂપે રહે છે, અને જે તેમનો આદિ, મધ્ય અને અન્ત છે, દેવોમાં જે વિષ્ણુ છે, તેજસ્વી પદાર્થોમાં જે કિરણોવાળો સૂર્ય છે, મરુતોમાં જે મરીચિ છે, નક્ષત્રોમાં જે ચંદ્ર છે, વેદોમાં જે સમાવેદ છે, દેવોમાં જે ઇન્દ્ર છે. ઇંદ્રિયોમાં જે મન છે. અને ભૂતોમાં જે ચેતના છે; રુદ્રોમાં જે શંકર છે, યક્ષ અને રાક્ષસોમાં જે કૂબેર છે, વસુઓમાં જે અગ્નિ છે, અને

પર્વતોમાં જે મેરુ છે. પુરોહિતોમાં જે બૃહસ્પતિ છે, સેનાપતિઓમાં જે કાર્તિક સ્વામી છે. અને જળાશયોમાં જે સાગર છે. મહર્ષિઓમાં જે ભૃગુ છે. વાણીઓમાં જે એકાક્ષર ૐ કાર છે, યજ્ઞોમાં જે જપયજ્ઞ છે, અને સ્થાવરોમાં જે હિમાલય છે, સર્વ વૃક્ષોમાં જે પીપળો છે, દેવર્ષિઓમાં જે નારદ છે, ગંધર્વોમાં જે ચિત્રરથ છે, અને સિદ્ધોમાં જે કપિલમુનિ છે, અશ્વોમાં જે ઉચ્ચૈઃશ્રવા છે, ગજેન્દ્રોમાં જે ઐરાવત છે, તથા પુરુષોમાં જે રાજા છે, હથિયારોમાં જે વજ્ર છે, ગાયોમાં જે કામધેનુ છે, અને સર્પોમાં જે વાસુકિ છે, નાગોમાં જે શેષનાગ છે, જળદેવતાઓમાં જે વરુણ છે, પિતૃઓમાં જે અર્યમા છે, અને સંયમ-કરનારાઓમાં જે સંયમ છે, દૈત્યોમાં જે પ્રહ્લાદ છે, કાળમાં જે મહાકાળ છે, પશુઓમાં જે સિંહ છે, અને પક્ષીઓમાં જે ગરુડ છે, પવિત્ર કરનારા પદાર્થોમાં જે પવન છે, શસ્ત્રધારીઓમાં જે રામ છે, અને પ્રવાહોમાં જે ગંગા છે, વિદ્યાઓમાં જે અધ્યાત્મવિદ્યા છે, વિવાદ કરનારાઓમાં જે વાણી છે, અને અક્ષરોમાં, જે અકાર છે, વિજયીઓનો જે વિજય છે, વ્યવસાયીઓનો જે વ્યવસાય છે, અને સત્ત્વવાળાનું જે સત્ત્વ છે. યાદવોમાં જે વાસુદેવ છે, પાંડવોમાં જે અર્જુન છે, મુનિઓમાં જે વ્યાસ છે, કવિઓમાં જે શુક્ર છે, અને જ્ઞાનીઓનું જે જ્ઞાન છે, ટુંકમાં હે નરવાહન ! સર્વ ભૂતોનું જે કાંઇ મૂળ બીજ છે, તે જ પરમાત્મા અગર પરબ્રહ્મ છે, કારણ કે કોઇપણ ચરાચર વસ્તુનું એના વિના અસ્તિત્વ જ નથી. જે જે વસ્તુ ઐશ્વર્ય-સૌન્દર્ય-કીર્તિ તથા પ્રભાવ-યુક્ત છે. તેને તું તેના જ તેજના અંશથી ઉત્પન્ન થએલી જાણ.

પરબ્રહ્મપ્રાપ્તિમાં આત્મ પ્રાપ્તિનાં સાધનો જ સાધન છે. અથવા તો પુનઃ કહેતાંઃ-(૧) શ્રદ્ધા (૨) પુરુષાર્થ, (૩) વૈરાગ્યની સાથે વિવેક, (૪) જ્ઞાનની સાથે સત્સંગ, અને સંતોષ (૫) કર્મની સાથે કર્મબ્રહ્માર્પણ, (૬) ભક્તિની સાથે ધર્મ અને (૭) ઇંદ્રિય નિગ્રહની સાથે મનોનિગ્રહ, એ સાત સાધન મુખ્ય છે, એ સાતેય સાધનથી આત્મપ્રાપ્તિ અર્થાત્ બ્રહ્મપ્રાપ્તિ કરવાનો પ્રયત્ન કરવો. આત્મા અથવા બ્રહ્મપ્રાપ્તિ થયા પછીથી પરમાત્મા અથવા પરબ્રહ્મપ્રાપ્તિ એની મેળેજ થાય છે, કારણ કે આત્મા અથવા બ્રહ્મ એ, પરમાત્મા અથવા પરબ્રહ્મનું અંગ જ છે. માટે આત્મ પ્રાપ્તિ કરવાથી અન્ય કાંઈ કરવાનું બાકી રહેતું નથી, કારણ કેઃ—

आत्मानं चेद्विजानाति यावदस्मीति पुरुषः ।
किमिच्छन् कस्य कामाय शरीरमनुसंज्वरेत् ॥

ઉપર વર્ણવ્યા પ્રમાણે હું તમને સંક્ષેપમાં આત્મા અથવા પરબ્રહ્મનું સ્વરૂપ વર્ણવી ગયો. પરંતુ તમારે ભૂલવું જોઈતું નથી, કે આ સ્વરૂપો સંસારની વસ્તુની માફક સહેલાઈથી મેળવી શકાતાં નથી. આ સ્વરૂપો મેળવવામાં નિરંતર વાસનાનો ત્યાગ કરી, મનનો નિરોધ કરવો પડે છે. જ્યાં સુધી મનનો નિરોધ થતો નથી, ત્યાં સુધી એ સ્વરૂપો પ્રત્યક્ષ થતાં નથી, અને જ્યાંસુધી એ સ્વરૂપો તાદૃશ્ય થતાં નથી ત્યાં સુધી સર્વેય ખટપટ અને ઉપાધિ નિરર્થક છે. જેમ રાજાને વશ કરવામાં પ્રથમ મંત્રીને વશ કરવો પડે છે. તેમજ આત્મા રાજાને

વશ કરવામાં મનમંત્રીને વશ કરવો પડે છે. આમ મંત્રી-રાજાની પરંપરા છે. હવે આ મનરૂપી મંત્રીને વશ કરવામાં પ્રાણુનિરોધની આવશ્યકતા છે, અને પ્રાણુનિરોધની આવશ્યકતા માટે યોગના નિરૂપણુની આવશ્યકતા છે. આ યોગ ઘણુાય પ્રકારના છે. પરંતુ તેમાં બે મુખ્ય છે, (૧) હઠયોગ, (૨) રાજયોગઃ—પ્રથમ અભ્યાસીને માટે રાજયોગ ઉત્તમ છે, અને અમુક પ્રકારે અથવા રાજયોગની અમુક અવસ્થાએ પહોંચ્યા પછીથી જ હઠયોગ શ્રેયસ્કર થાય છે, પ્રથમથી નહિ. જેમ ગૃહ અગર મહેલના માળ ઉપર ચઢતાં સોપાનની જરૂર પડે છે, તેમજ આત્મારૂપી ગૃહે ચઢતાં રાજયોગરૂપી સોપાનની પ્રથમ જરૂર પડે છે,:—માટે હું તમને પ્રથમ રાજયોગથી પ્રાણુનિરોધ કરવાના સાત ઉપાય કહું છું તે સાંભળોઃ—

(૧) અનાદિકાલથી પરિચયમાં આવેલા સંસારના વ્યવહારોમાં, શાસ્ત્રશ્રવણુ, સજ્જનસમાગમ અને વૈરાગ્યના અભ્યાસે કરી દૃઢ આસ્થા થાય છે. ત્યારે પ્રથમ પોતાના દેવતા—મૂર્તિ આદિમાં જે પ્રિય હોય, ને જેમાં મન રમતું હોય, તેનું ધ્યાન કરવું, ચિરકાલ તેનું ધ્યાન કરવાથી પ્રાણુનિરોધ થાય છે. અને ત્યાર પછી મન એકાગ્ર થાય છે, એ જ મનોનિરોધ કહેવાય છે.

(૨) તે ઉપાયથી મનોનિરોધ ન થાય તો, એકાન્તમાં બેસી લાંબા કાળ સુધી પૂરક, કુંભક અને રેચક પ્રાણુાયમનો અભ્યાસ કરવો, તેમાં કંટાળવું નહિ કેમકે તેણે કરી પ્રાણુ-નિરોધ થાય છે, ને તેથી મન—નિરુદ્ધ થાય છે.

(૩) તાળવાના મૂળમાં રહેલી ઘંટીકા (કાકડા)ને જીભ વડે જોરથી દબાવવાથી પ્રાણવાયુ બ્રહ્મરંધ્રમાં જાય છે. ને તેથી પ્રાણસ્પંદનો નિરોધ થાય છે. અને ત્યારપછીથી મન નિરુદ્ધ થાય છે.

(૪) નિર્વિકલ્પ સમાધિથી પણ પ્રાણનિરોધ થઇ, મન નિરુદ્ધ થાય છે.

(૫) નાકના ટેરવાની પાસેના બાર અંગુલ સુધી રહેલા બાહ્યાકાશમાં મન અને નેત્રને રોકવાથી પ્રાણસ્પંદ નિરુદ્ધ થાય છે. અભ્યાસે કરી બ્રહ્મરંધ્રમાં ગયેલો પ્રાણવાયુ, ગળી ગયા જેવો થાય, ત્યારે પ્રાણ-નિરોધ થાય છે. અને ત્યાર પછીથી મન-નિરુદ્ધ થાય છે.

(૬) શ્રુતિમાં કહેલા દહરાકાશમાં ચિરકાલ પર્યંત મન રાખવાથી અને તેનો સાક્ષાત્કાર થવાથી પણ પ્રાણ-નિરોધ થાય છે. તેમજ ગુરુના અથવા ઇશ્વરના અનુગ્રહથી જ્ઞાન થાય છે. અને ત્યારપછીથી મન-નિરુદ્ધ થાય છે.

(૭) ચિરકાલ નિરોધથી ચક્ષુરિન્દ્રિય શાન્ત થાય, જીભનું ટેરવું અને પ્રાણ બન્ને કપાળના ખાડામાં પેસી બ્રહ્મરંધ્રમાં પ્રવેશ કરે અને બંન્ને ભ્રમરના મધ્યમાં પરમાત્માનું આત્મપણાએ કરી જ્ઞાન થાય, ત્યારે પ્રાણ-સ્પંદનો નિરોધ થાય છે. ને તેથી ખેચરી મુદ્રા સિદ્ધ થાય છે.

હે નરવાહન! હવે હું તમને જે હૃદયમાં પ્રાણ-નિરોધ કરી, મનોનિરોધ કરવાનો હોય છે. તેના પ્રકાર કહું છું. આ હૃદય બે પ્રકારનું છે.

(૧) હેય અને (૨) ઉપાદેય. તે બન્નેના વિભાગ કહું છું, તે તમે સાંભળો.

(૧) જે હૃદયનું પરિમાણ થઇ શકે છે. તે કમલાકાર માંસ અને મન એ બંન્ને છે. એટલે તે હેય છે. તે શરીરમાં રહે છે.

(૨) જ્ઞાનસ્વરૂપ પરમાત્મા–નામનું હૃદય ઉપાદેય છે. એ હૃદય બહાર અને અંદર સર્વત્ર છે. અને નથી પણ એ હૃદય મુખ્ય છે. તેમાં આ જગત રહ્યું છે. કેમકે તે સર્વ પદાર્થોનો સાગર છે.

સર્વ પ્રાણીઓનું હૃદય આત્મા છે, પણ છાતીમાં રહેલું કમલાકાર માંસ નથી, કેમકે તે તો પત્થર જેવું જડ છે, માટે જ્ઞાનમય શુદ્ધ હૃદય કે જે પરમાત્મા છે તેને વિષે વાસના વગરના થએલા મનને રાખવાથી પ્રાણ–નિરોધ થાય છે. પરન્તુ તમારે ખાસ ધ્યાનમાં રાખવા જેવું એ છે કે, ઉપર વર્ણવેલી સર્વેય વસ્તુ અભ્યાસ વિના નિરર્થક થઈ પડે છે. અર્થાત્ અભ્યાસ જ બધા પદાર્થોનું મુખ્ય કારણ છે. જો અભ્યાસ રાખવામાં ન આવે તો મનુષ્યે પ્રાપ્ત કરેલો યોગ પણ નાશ પામે છે. અભ્યાસ વડે જ ચિત્ત સ્થિર થાય છે. પ્રાણનો નિરોધ થાય છે. પરમાનંદ પ્રાપ્ત થાય છે, અને નિશ્ચય આત્માનું દર્શન થાય છે.

सर्वेषां तु पदार्थानां अभ्यासः कारणं परम ।
अनभ्यासेन मर्त्यस्य प्राप्तो योगोऽपि नश्यति ॥
अभ्यासेन स्थिरं चित्तमभ्यासेनानिलच्युतिः ।
अभ्यासेन परानन्दो ह्यभ्यासेनात्मदर्शनम् ॥

ઉપર વર્ણવી ગયા તેમ જેમ રાજાને વશ કરવામાં પ્રથમ મંત્રીને વશ કરવો પડે છે, તેમ જ આત્મરાજાને વશ કરવામાં મન-મંત્રીને વશ કરવો પડે છે. હવે આ મન-મંત્રીને વશ કરવામાં પ્રાણનિરોધની આવશ્યકતા છે, અને પ્રાણ-નિરોધની આવશ્યકતા માટે યોગના નિરૂપણની આવશ્યકતા છે. પરંતુ યોગનાય નિરૂપણની આવશ્યકતા માટે સમાધિ-આસનની આવશ્યકતા છે. જ્યાં સુધી સમાધિ-આસન સંપૂર્ણ સધાતું નથી, ત્યાં સુધી યોગનું નિરૂપણ અપૂર્ણ જ રહે છે, માટે હું તમને સત્વર ગ્રાહ્ય થાય. તેવાં બે સમાધિ-આસનનું રૂપક કહું છું.

સમાધિ-આસન સર્વેય મળીને ચોરાશી છે. પરન્તુ તેમાંનાં બે આસન (૧) પદ્માસન અને (૨) મૂલબંધ-આસન અર્થાત્ વજ્રાસન અતિ ઉત્તમ તેમજ સુલભ હોઈ યોગના પ્રથમ-અભ્યાસીને સુલભ થઈ પડે છે. હવે હું તમને પ્રથમ પદ્માસનનું રૂપક કહું છું:-પદ્મના જેવા આકારવાળું, પગ ઉપર પગ ચઢાવી, પલાંઠીવાળી, નાસિકાગ્રની તરફ અર્ધમીંચેલ આંખથી ટટ્ટાર બેસી, કાયા અને શિરસમાન રાખી આસનવાળી બેસવું તે પદ્માસન છે.

હવે હું તમને જે તપ તથા યોગમાં અતિ સુલભ થઈ પડે છે. તે મૂલબંધ આસન અર્થાત્ વજ્રાસનનું રૂપક કહું છું:—

ઉપર દર્શાવ્યા પ્રમાણે સ્થિર થઈ, દક્ષિણ પગ નીચે રાખી, તે વડે વૃષણથી ગુદાસ્થાનપર્યંત રહેલી ઐક્ય રેખાને

વચ્ચે દબાવવી. ત્યારપછી ઉત્તર પગને દક્ષિણ પગ ઉપર સ્વાભાવિક મૂકી, શરીરને ઉંચકી રાખ્યું છે એમ જણાવા ન દેતાં, પીઠની કરોડના અંતિમ ભાગને ઉંચકવો અને પગનાં ઘૂંટણને બરાબર રાખવાં. પછીથી શરીર ઘૂંટણના અગ્રભાગ પર આધાર વિનાજ રહે છે આ પ્રમાણે જે આસન થાય છે તે મૂલબંધ–આસન અથવા તો વજ્રાસન કહેવાય છે.

ઉપર કહેલાં બંન્ને આસનની બે મુદ્રા સાધ્ય થાય છે. તેમાંના પ્રથમ પદ્માસનથી (૧) ખેચરી મુદ્રા સાધ્ય થાય છે, જેનું વર્ણન અગાઉ કરવામાં આવ્યું છે. અને દ્વિતીય વજ્રાસનથી (૨) જાળંધર–બંધ મુદ્રા સાધ્ય થાય છે. તે નીચે પ્રમાણે છેઃ—

ઉપર દર્શાવ્યા પ્રમાણે વજ્રાસન સ્થિર થયા પછીથી ઉત્તર પગ પર બંન્ને બાહુ સહજ દડીઆને આકારે થઇ જાય છે. અને જાંઘ ઉંચી થાય છે પછી શરીર સ્થિર રહેવાથી શિર–કમળ અંદર પેસે છે. અને આંખની પાંપણો અર્ધઉઘડેલ, અર્ધમીંચેલ, થાય છે, દૃષ્ટિ બહુમાં બહુ તો નાસિકાગ્ર સુધીજ જઇ શકે છે. પછી ગળાની નળી અદૃશ્ય થઇ જાય છે. (અંદર પેસી જાય છે.) અને હડપચી ગળાની નીચેના ખાડાને અડકે છે, તથા છાતીને સુદૃઢ રીતે દાબી રાખે છે. પછી કંઠ–મણિ અદૃશ્ય થઇ જાય છે, નાભિ ફૂલી આવે છે પેટ સપાટ થઈ જાય છે. તથા હૃદય–કોષ–ભીતર પ્રસરે છે. આવી રીતે, જે મુદ્રા બને છે, તેને "જાળંધર–બંધ" મુદ્રા કહેવામાં આવે છે.

હું તમને આટલું બધું યોગનું માહાત્મ્ય આપું છું. તેનું કારણ એટલું જ છે કે **तपस्विभ्योऽधिको योगी ज्ञानिभ्योऽपि मतोऽधिकः । कर्मिभ्यश्चाधिको योगी तस्माद्योगयुक्ताः भवन्तु ॥**

વળી જેમણે યોગ શરુ કર્યો હોય છતાંય પણ કાર્યવશાત્ પૂર્ણ ન થતાં અપૂર્ણ જ રહ્યો હોય તો તેવા યોગભ્રષ્ટની સ્થિતિ કાંઇ સમૂળગી નકામી નથી, કારણ કે "સત્કૃત્યો કરનાર પુરુષ દુષ્કૃત્યો પ્રતિ કદીપણ જતો નથી." તેવા યોગ ભ્રષ્ટ પુરુષોનો જન્મ "**शुचीनां श्रीमतां गेहे यागभ्रष्टोऽभिजायते। अथवा योगिनामेव कुले भवति धीमताम् ॥ पूर्वाभ्यासेन तेनैव ह्रियते ह्यवशोऽपि सः । जिज्ञासुरपि योगस्य शब्दब्रह्मातिवर्तते ॥ प्रयत्नाद्यतमानस्तु योगी संशुद्धकिल्बिषः । अनेकजन्मसंसिद्धस्ततो याति परां गतिम् ॥**

આ પ્રમાણે હું તમને સંક્ષેપમાં નિર્ગુણવાળો, અમૃતવાળો, સત્, ચિત્ અને આનંદવાળો વાસનાક્ષય અને મનોનાશ વાળો, કરુણા અને કલ્યાણપ્રશસ્તિવાળો, વિશ્વના ઉદ્ધારવાળો, બ્રહ્મ-લક્ષ્મીના ભંડારવાળો, સંસારના ભયને હરણ કરવાવાળો, સકળભુવન આધારવાળો, ને મોક્ષની પ્રાપ્તિવાળો **રાજયોગ** અને તેના **દ્વારા બ્રહ્મયાન**, **કહી ગયો.**

જેમ વિદ્યાને જીતવાથી વિદ્વાનોને; લક્ષ્મીને જીતવાથી લક્ષ્મીવાનોને, નીતિને જીતવાથી, ન્યાય નિપુણોને સત્યને જીતવાથી, સદ્વક્તાઓને ધર્મને જીતવાથી, ધર્મીઓને કર્મને જીતવાથી, કર્મ કાણ્ડીઓને, જ્ઞાનને જીતવાથી

જ્ઞાનીઓને, ભક્તિને જીતવાથી, ભક્તોને, વિવેકને જીતવાથી વિવેકીઓને, આત્માને જીતવાથી મનને, રાજાને જીતવાથી મંત્રીઓને અને મહારાજાને જીતવાથી રાજાઓને જીતી શકાય છે. તેમજ આ યાનને જીતવાથી સર્વ યાન જીતી શકાય છે. અર્થાત્ આ યાનનો અધિષ્ઠાતા સર્વેય સુયાનનો અધિષ્ઠાતા થઇ શકે છે. જેમ એકજ બ્રહ્માણ્ડમાં અનેક વિશ્વ સમાયાં છે, એક જ વિશ્વમાં અનેક પૃથ્વીઓ સમાઈ છે, એક જ પૃથ્વીમાં અનેક ખંડ સમાયા છે. અને એક જ ખંડમાં અનેક દેશ સમાયા છે. તેમ જ એક જ બ્રહ્મયાનમાં અનેક યાન સમાયાં છે. બ્રહ્મયાન રૂપી એક મહાન વૃક્ષ ધારીએ તો ઇંદ્રયાન વિષ્ણુયાન–મહર્યાન–તપયાન–સૂર્યયાન ચન્દ્રયાન યક્ષ, ગંધર્વ ને વિદ્યાધરયાન વિગેરે તેની ડાળીઓ છે. અનંત બ્રહ્માંડો રૂપી તેનાં ફળ છે. અને કોટિ વિશ્વોરૂપી તેનાં પાન–પલ્લવ છે. બ્રહ્મચેતનરૂપી જેનો જીવનપ્રવાહ છે. અને પરબ્રહ્મ ચેતન તેનું લક્ષ્યસ્થાન છે. અનંતતાની અંદર આ મહાન વૃક્ષ ફૂલી ફાલી રહ્યું છે. અહોહો ! શી ભવ્યતા !!

વળી વધારામાં, મોક્ષદાતા, આ રાજયોગ દ્વારા બ્રહ્મ–યાનના પ્રવાસીને કોઈ પણ પ્રકારની અમારી રિદ્ધિ-સિદ્ધિ લલચાવી શકતી નથી. અમારાં અપ્સરાવૃંદ તેને મોહ પમાડી શકતાં નથી. તેમ જ અમારાં યક્ષ, ગન્ધર્વ ને વિદ્યાધર–વૃંદ સિદ્ધિ–સમુદાયથી વિપથે લઇ જઇ શકતાં નથી, અને ભૂત–પિશાચ–યોગિની ગણ ત્રાસ ઉપજાવી શકતા નથી. અખંડ–અનંત અને પરમ શાન્તિનો આ યાન છે.

પરન્તુ જો આ યાનને મૂકી, પ્રમોહવાળા હઠયોગદ્વારા બ્રહ્મયાનના પ્રવાસીને સર્વેય અમારાં રિદ્ધિ-વૃંદ,-અપ્સરા વૃંદ, અને યક્ષ-ગંધર્વ ને વિદ્યાધર વૃંદ મોહ પમાડીને વાસના જગાવી મનને નિર્બળ કરી નાખી, માયાના વાતાવરણમાં ખરડાવી દઇ અધોગતિએ લઈ જાય છે. તે જ ભૂત-પિશાચ અને યોગિનીગણ પણ અત્યંત ત્રાસ પમાડે છે. માટે જ રાજયોગદ્વારા બ્રહ્મયાનનો ઉપદેશ હું તમને વારંવાર આપી રહ્યો છું. હવે હઠયોગ દ્વારા રિદ્ધિ-સિદ્ધિ તમને કેવી રીતે નડી શકે છે. તેમનો પ્રભાવ શો છે. કયા કયા કાળે તે સાધી શકાય છે, શાથી તે સાધી શકાય છે, તથા દરેક યાનમાં કયા કયા પ્રકારના ગુણાવગુણ તેમજ લોભન પ્રલોભન વસી રહ્યાં છે. તે હું તમને આવતા સમયે કહીશ; હાલમાં તો તમારે મારા બતાવેલા રાજયોગ દ્વારા બ્રહ્મયાનના માર્ગે જ વહન કરવું શ્રેયસ્કર છે. આટલું બોલી ભગવાન્ સિદ્ધાનંદે પોતાનું સિદ્ધસ્થાનક છોડયું અને અમેય પણ સ્થાનક છોડી અમારા આશ્રયે ગયા.

જ્યારે ત્રણ માસ સંપૂર્ણ વીતી ગયા ત્યારે અમે તથા ભગવાન્ સિદ્ધાનંદ પોતપોતાના સ્થાનકે આવી ગોઠવાઇ ગયા, અને ભગવાન્ સિદ્ધાનંદ વદ્યા:-ગત સમયે હું તમને કહી ગયો હતો, કે બ્રહ્મયાનનો પ્રવાસી સર્વેય સુયાનનો પ્રવાસી થઈ શકે છે. હવે હું તમને સર્વેય સુયાનનો પ્રવાસી બ્રહ્મયાનનો પ્રવાસી થઇ શકે છે, તેનું વર્ણન કહીશ, વધારામાં હું તમને કહી ગયો હતો, કે જેમ રાજાને જીતવાથી મંત્રીઓને અને મહારાજાને જીત-

વાથી રાજાને, અને રાજાઓને જીતવાથી મહારાજાને કેવી રીતે જીતી શકાય છે, તેનું વર્ણન કરીશ.

બ્રહ્મરૂપી બાઝારના ઇંદ્રયાન અથવા સ્વર્ગયાન 'વિષ્ણુ-યાન અથવા અક્ષરયાન, શિવયાન, અથવા રુદ્રયાન, યક્ષ-ગંધર્વ અને વિદ્યાધરયાન, ભૂત-પ્રેત અને યોગિનીયાન, તપયાન અને મહર્યાન, ચંદ્રયાન, સૂર્યયાન, યમ અને અસુરયાન, અને સિદ્ધયાન અથવા સર્વયાન, આદિ અનેકાનેકયાન છે. સર્વેય યાનનું લક્ષ્યસ્થાન બ્રહ્મ-બાઝારનું બ્રહ્મ-મંદિર છે. આ યાનમાંના કોઈ યાન ટુંકા તો કોઈ યાન લાંબા છે. કોઈ યાન સુઘડ તો કોઇ યાન દુર્ઘડ છે. કોઇ યાન નિર્ગુણને સાત્વિક તો કોઇ યાન સાત્વિક ને રાજસી છે. કોઈ યાન રાજસીને તામસી, અને શુદ્ધ તામસી પણ છે. તેમાં જેવી જેવી પ્રકૃતિ તેવો તે યાન લે છે. **प्रकृतिं यान्ति भूतानि निग्रहः किं करिष्यति ।** નો એ ઉપાધેય છે. ટુંકમાં નિર્ગુણ વૃત્તિવાળા અને નિર્ગુણ ને સાત્વિક વૃત્તિવાળા રાજયોગદ્વારા બ્રહ્મયાનનો માર્ગ અથવા (યાન) લે છે. તે જીવનમુકત અને વિદેહમુકત થઇ બ્રહ્મમાં વિચરે છે. સાત્વિક વૃત્તિવાળા અને સાત્વિક અને રાજસી વૃત્તિવાળા ઇંદ્રયાન અથવા સ્વર્ગયાનનો માર્ગ અથવા યાન લે છે તે દેવતાઓ થઇ સ્વર્ગમાં અને નન્દનવનવાડીમાં વિહાર કરે છે. નિર્ગુણ અને સાત્વિક વૃત્તિવાળા વિષ્ણુયાન લે છે. તે ભક્તજન થઇ અક્ષર અથવા કૈવલ્ય જીવનમાં મહાલે છે. નિર્ગુણ અને સાત્વિક વૃત્તિવાળા તેમજ રાજસી અને તામસી તથા શુદ્ધ તામસી વૃત્તિવાળા શિવયાન

અથવા રુદ્રયાન લે છે. છે શિવના કૈલાસભુવનમાં ગણ, વિદ્યાધર, ભૈરવ અને વૈતાળ થઈ મહાલે છે. શુદ્ધ રાજસી વૃત્તિવાળા યક્ષ-ગંધર્વ અને વિદ્યાધર યાન લે છે. તે યક્ષ ગંધર્વ અને વિદ્યાધર થઈ મહાલે છે. શુદ્ધ તામસી વૃત્તિવાળા ભૂત-પ્રેત અને યોગિનીયાન લે છે. તે તેવાજ સ્વરૂપે થઈ મહાલે છે. શુદ્ધ સાત્ત્વિક વૃત્તિવાળા તપયાન અને મહર્યાન લે છે. તે તપસ્વીઓ, યોગીઓ અને મહર્ષિઓ થઈ ત્રિભુવનના કલ્યાણનો માર્ગ લે છે. કોઈ કોઈ સમયે શુદ્ધ તામસી અને શુદ્ધ રાજસી વૃત્તિવાળા અથવા તો રાજસી-તામસી વૃત્તિવાળા તપયાન લે છે. તે ઘણું ખરૂં સ્વસ્વાર્થ માટે સિદ્ધિસમુદાય મેળવવાને તપ આચરે છે. અને તેમના તપના પ્રમાણમાં તેમને સિદ્ધિ મળે છે. શુદ્ધ સાત્ત્વિક વૃત્તિવાળા અને નિર્ગુણ વૃત્તિવાળા જીવનમુક્તો અને વિદેહમુક્તો ચંદ્રલોક અને સૂર્યલોક પામે છે. તે પોતાના ક્ષીણ પુણ્યથી પાછા મનુષ્યરૂપે અવતરી બ્રહ્મયાન લે છે. વિધવિધ પ્રકારની વાસનાવાળા અઘોરકર્મ કરનારા રાજસી અને તામસી વૃત્તિવાળા પાપીજનો યમયાન અને અસુરયાન લે છે. તે નર્કકુંડમાં ગર્ત થઈ લક્ષ્ય ચોરાશીના ફેરામાં ફરી, વિધવિધ પ્રકારની અધમયોનિઓમાં જન્મ લે છે. અને સર્વેય વૃત્તિવાળા સિદ્ધયાન લે છે. તે સિદ્ધિસમુદાયને વશ કરી સિદ્ધ થઈ પોતપોતાના પ્રમાણમાં સર્વેય યાનમાં જઈ શકે છે. અર્થાત્ ત્રિભુવનમાં વિચરી જનસમૂહના કલ્યાણનો ઉપદેશ દીધા કરે છે.

પ્રથમ હું તમને ગુણાવગુણ તેમ જ લોભન–પ્રલોભન સાથે સંક્ષેપમાં ઇંદ્રયાનનું વર્ણન કરીશ. આ યાનમાં ચંદ્રયાન, સૂર્યયાન, અગ્નિયાન, વાયુયાન, વરુણયાન, લોકપાલયાન, તપયાન અને મર્હયાનાદિ યાનોનો સમાવેશ થઈ જાય છે. ઇંદ્રયાનના (૧) જીવનમુક્ત અથવા વિદેહમુક્ત (૨) યજ્ઞ (૩) દાન અને (૪) તપ એ ચાર લઘુયાન છે. પ્રથમયાન સર્વોત્તમ છે. અને તેની મહત્તા અગાઉ વર્ણવાઇ ગઈ છે. તેથી પુનઃ વર્ણવવાની જરૂર નથી. દ્વિતીય, તૃતીય અને ચતુર્થ યાનોની મહત્તા એટલાજ પૂરતી છે, કે આ યાનો નિષ્કામ વૃત્તિના છે, અને કોઇ કોઇ સમયે સહાયવૃત્તિવાળાં પણ છે, છતાંય તે મહાત્માઓને પણ પાવન કરતાવાળાં છે. તેથી ત્યજવા યોગ્ય નથી. ત્યારે અન્ય સકામ કર્મવાળાં યાનો ત્યજવા યોગ્ય છેઃ–દ્વિતીય યાનની પૃથક્ પૃથક્ મહત્તા વર્ણવતા પહેલાં એટલું તો કહેવું જ પડશે, કે ફળની આસકિત તજીને યજ્ઞને માટેજ કર્મો કરવાં. પૂર્વે યજ્ઞ તથા પ્રજાને સરજીને પ્રજાપતિએ કહ્યું છે કેઃ–

“ આ યજ્ઞ કરતા રહીને તમે વૃદ્ધિને પામો, અને એ યજ્ઞ તમને કામધેનુની પેઠે ઈષ્ટ ફળને આપનારો થાઓ. આ યજ્ઞ વડે તમે દેવોની સંભાવના કરો, અને દેવો તમારી સંભાવના કરે. આ પ્રમાણે એક બીજાની સંભાવના કરતા રહી તમો પરમ કલ્યાણને પામશો આમ યજ્ઞથી સંતુષ્ટ થએલા દેવો તમને મનોવાંચ્છિત પદાર્થો આપશે. પરંતુ તેમના આપેલા પદાર્થો, તેમના અર્થે દાનમાં–યજ્ઞમાં આપ્યા વિના જેઓ ભોગવશે તેઓ ચોર જ ગણાશે અહીંઆં

મારે તમને કહેવું ભૂલવું જોઇતું નથી, કે "વૈશ્વદેવ" કરવાનો હેતુ પણ આ જ છે. યજ્ઞનું વધેલું જમનારા શ્રેષ્ઠ જનો સર્વ પાપોથી મુક્ત થાય છે. અને જે પાપીઓ માત્ર પોતાના જ માટે રાંધે છે, તેઓ તો પાપજ ખાય છે. પ્રાણી માત્ર અન્નવડે પેદા થાય છે, અન્ન વર્ષાદ વડે પેદા થાય છે, વર્ષાદ યજ્ઞ વડે પેદા થાય છે. અને યજ્ઞ કર્મવડે પેદા થાય છે, આમ યજ્ઞ–કર્મ પ્રાણીની પરંપરા છે. એ કર્મ વેદબ્રહ્મથી પ્રેરાઇને થએલું હોવાથી, હરકોઈ યજ્ઞના મૂળમાં સર્વદા પ્રેરક રૂપે તે સર્વવ્યાપી પરમાત્મા અગર પર બ્રહ્મ જ રહ્યા છે. અને તેથી જ આ પરમાત્મા અગર પરબ્રહ્મ પ્રેરિત રાહને અનુસરીને યજ્ઞ–પરાર્થ નિષ્કામ દાન–સેવાદિ કર્મ કરવાનાં કહ્યાં છે."

તૃતીય યાન–દાનની પણ યજ્ઞના જેટલીજ મહત્તા છે, માટે તે પણ નિષ્કામ વૃત્તિથી કરવું. ચાતુર્થયાન તપની પણ એ જ મહત્તા છે. આ તપસ્વીઓ મહર્ષિઓ અને સિદ્ધોનો માર્ગ છે. અને તેનો પ્રકાર હઠયોગદ્વારા સાધ્ય થતો હોવાથી તેમાં અનેકાનેક સિદ્ધિવૃન્દોનાં તેમજ અપ્સરા વૃન્દોનાં પ્રલોભનો આવે છે. જ્યાં સુધી તપસ્વી સાત્ત્વિક વૃત્તિને વળગી રહી, પ્રલોભનોને વશ થતો નથી, ત્યાં સુધી તેનો યાન સાત્ત્વિક હોય છે. પરંતુ જ્યાં તે પ્રલોભનોને વશ થઇ જાય છે, ત્યાં તેનો યાન રાજસી યાનમાં પલટાઇ જાય છે. અને માયાના માર્ગે ચઢવાથી તેની અધોગતિ થાય છે:–

ઉપર હું તમને ભાર્ગવ શુક્રની આખ્યાયિકા કહું છું, તે ધ્યાન દઇને સાંભળો:—

પૂર્વે મંદરપર્વતના શિખર ઉપર મૃગઋષિ, મહા તપ કરતા હતા. તેમને સંપૂર્ણ ચન્દ્રજેવા પ્રકાશમાન, કામદેવ સમા સ્વરૂપવાન અને બૃહસ્પતિ જેવા બુદ્ધિમાન શુક્ર નામના પુત્ર હતા, આ શુક્ર જાણે પરિપૂર્ણ તપનો ભંડાર હોય એવા મહા તપસ્વી હતા. એક દિવસે નિર્વિકલ્પ–સમાધિમાં બેસવા માટે તેઓ શાન્ત થઈ બેઠા હતા. તે વખતે ક્ષીરસમુદ્રમાંથી નીકળેલાં લક્ષ્મીજી જેમ ભગવાન વિષ્ણુના જોવામાં આવ્યાં, તેમ આકાશમાર્ગે જતી સ્વયં-રતિની મૂર્તિ જેવી અપ્સરા, શુક્રના જોવામાં આવી. તેણે મંદારપુષ્પની માળા પહેરી હતી. મંદ પવન વડે તેના કેશ ચલાયમાન હતા. હાર પહેરેલા હતા, અને નૂપુરના શબ્દો થતા હતા. તેની સુગંધીથી વાયુ સુગંધીવાળો થતો હતો. તેનું લાવણ્ય અતિ ઉત્તમ હતું. ને મદે કરી નેત્ર ચલાયમાન હતાં. દેહરૂપી ચન્દ્રની કાંતિવડે, તેણે તે સ્થલ અમૃતમય કર્યું. આવી અપ્સરાને જોઈ શુક્રનું મન પૂર્ણિમાના ચંદ્રને જોઈ જ્યમ સમુદ્રનું જલ ચંચલ થાય છે તેમ ચંચલ થયું, ને શુક્રનું મુખ જોઈ અપ્સરા પણ કામવશ થઈ. પછી કામબાણે કરી પરાભવ પામેલું મન, વિષયવિષે મોહ પામે છે. મનના બાહ્ય અનુસરણ આદિ વ્યવહારને અટકાવીને, અંદર અન્યવૃત્તિને પણ અટકાવીને તે અપ્સરાનું ધ્યાન કરવા લાગ્યા.

હવે તે અપ્સરાનું મનમાં ધ્યાન કરતા શુક્ર ત્યાં જ નેત્રને બંધ કરી, મનોરાજ્ય કરવા લાગ્યા કે—આકાશમાર્ગે સ્વર્ગમાં આ અપ્સરા જાય છે, તેની પછવાડે હું જાઉં છું.

જેમાં દેવતાઓ વિહાર કરે છે, એવા સ્વર્ગમાં હું આવ્યો. જેણે મંદારપુષ્પની માળા પહેરી છે, અને દ્રવીભૂત સુવર્ણના જેવું જેનું શરીર છે એવા આ દેવતાઓ છે. શ્યામ-કમળ જેવી દૃષ્ટિવાળી, મૃગનયની, મનોહર હાસના વિલાસ વાળી આ દેવાંગનાઓ છે. આ દેવતાઓ અન્યોન્ય પ્રતિબિંબવાળા છે. પ્રસન્ન છે. અને પોતે પ્રકાશસ્વરૂપ છે. આ દેવોની અવ્યક્ત મધુર આલાપવાળી ગીતિઓ છે, તેને ભ્રમરાઓ ઐરાવત હાથીના ગંડસ્થલના મદથી પણ વિરક્ત થઈ સાંભળે છે. આ મંદાકિની ગંગા છે, જેને વિષે રહેલાં સુવર્ણ જેવાં કમલોમાં બ્રહ્માના હંસો અને સારસો શબ્દ કરે છે. તેના તટ ઉપર મોટા મોટા દેવો, આરામ લે છે, આ યમ, ચંદ્ર, ઇન્દ્ર સૂર્ય, અગ્નિ, વરુણ અને વાયુઆદિ લોકપાલો છે. તેઓનાં શરીરોની કાન્તિ અગ્નિ જેવી છે. પૃથ્વી ઉપર પુણ્ય કરી આકાશમાં તારારૂપે થએલા આ પુણ્યવાન પુરુષો દેવરૂપે થઈ રહ્યા છે. તેમના શરીરની કાન્તિ, સુવર્ણના જેવી છે. આ ઇંદ્રના બગીચાઓ છે, તેમાં મંદારના પુષ્પની મંજરી જેવી સુંદર અપ્સરાઓ દોલામાં હીંચે છે. આ પારિજાતના વાયુઓ, ચન્દ્રના કિરણ જેવાં સુખ આપે છે અને તેઓ કુંદ તથા મંદારના મકરન્દની સુગંધીવાળા છે. આ નંદન વન છે. તેમાં લતારુપી અંગનાઓ, પુષ્પના મકરંદરૂપી પટવાસ અન્યોન્યને નાખતી હોય તેમ જણાય છે. આ કલ્પવૃક્ષો છે. આ નારદ તથા તુંબરૂ, કે, જે સુંદર ગાન કરે છે, દેવાંગનાઓને નચાવે છે ને વીણા બજાવે છે. આ પુણ્યવંત પુરુષો અનેક પ્રકારના અલંકાર પહેરી આકાશમાં ઉડતા વિમાનમાં બેઠા છે. જેમ વનલતાઓ

વનને સેવે તેમ મદનાંધ આ દેવાંગનાઓ ઇંદ્રને સેવે છે, આંહી ઇંદ્રાસન ઉપર ઇંદ્ર બેઠા છે, તે જાણે બીજા બ્રહ્મા હોય તેમ જણાય છે. તેમને મારે અભિવાદન કરવું જોઇએ. એવી રીતે મનમાં વિચાર કરી, શુકે મને કરીને ભૃગુ જેવા ઇન્દ્રને-પ્રણામ કર્યો. પછી માનપૂર્વક ઉઠી ઇંદ્રે શુકનો સત્કાર કર્યો ને હાથ પકડી સમીપમાં બેસાડયા ને બોલ્યા "હે શુક ! તમારા પધારવાથી હું ધન્ય થયો છું. તમે ચિરકાલ પર્યંત આંહી રહો, એમ ઇંદ્રે શુકને કહ્યું. ત્યાં બેઠેલા સુશોભિત મુખવાળા શુક સંપૂર્ણ ચન્દ્રજેવા જણાતા હતા. ઇંદ્રની પાસે બેઠેલા શુકને સર્વે દેવો અભિવાદન કરતા હતા, તેથી શુકને અતુલ સંતોષ થયો, ને તે ઇંદ્રને બહુ પ્રિય થયા.

એ પ્રમાણે મનોરાજ્યે કરી શુક, પોતાના પુણ્યબળથી ઇંદ્રનગરીમાં પ્રાપ્ત થઈ, મરણ વિના પણ પોતાનો પૂર્વનો ભવ ભૂલી ગયા. ઇંદ્રની પાસે મુહૂર્તવાર બેસી, સ્વર્ગના સુખથી હર્ષ પામેલા શુક, સ્વર્ગમાં વિહાર માટે ઉઠયા. સ્વર્ગમાં અપ્સરાઓ જોવા યોગ્ય છે. એમ વિચારી એ શુક સારસ જેમ કમલિનીને જોવા જાય, તેમ અપ્સરાઓને જોવા ગયા. ત્યાં અપ્સરાઓના મધ્યમાં રહેલી તે મૃગનયનીને વનમાં રહેલી લતા જેવી જોઈ, ચંદ્રિકાને જોઇ ચન્દ્રકાન્ત-મણિ જેમ દ્રવીભૂત થાય, તેમ દ્રવીભૂત થએલા શુક તેને જ જોવા લાગ્યા. તેથી તે અપ્સરા પણ પ્રાતઃકાલે ચક્રવાકે જોવાયલી ચક્રવાકી જેમ ચક્રવાકપરાયણ થાય છે, તેમ શુકપરાયણ થઈ. પ્રાતઃકાલે અન્યોન્ય પ્રીતિવાળાં સૂર્ય અને કમલિનીની જેવી શોભા થાય છે. તેવી જ શોભા શુક

અને અપ્સરાની થઇ. નંદનવન, સંકલ્પિત અર્થને આપવાવાળું હોવાથી, તે વને સર્વ અંગ વશમાં કરી, તે અપ્સરાએ કામદેવને અર્પિત કર્યો. તેથી કમલિનીનાં પલાશમાં મેઘની ધારા જેમ પડે; તેમ નંદનવનમાંથી કામદેવને અર્પિત થએલી તે અપ્સરાના કોમલ શરીરમાં કામનાં બાણ પડયાં. તેથી વ્યાકુલ થએલી તે અપ્સરા મંદ વાયુ વડે વ્યાકુલ થએલી મંજરી જેવી જણાતી હતી. જેમ હાથી કમલિનીને વ્યાકુલ કરે, તેમ કામદેવે શ્યામકમલ જેવાં નેત્રવાળી અને હંસગામિની એવી એ અપ્સરાને વ્યાકુલ કરી. આ અપ્સરા કામાતુર છે. એમ જાણી સત્ય સંકલ્પવાળા શુકે, સંહાર વખતે રુદ્રની પેઠે અંધકારનો સંકલ્પ કર્યો. તેથી ભૂલોકના અંધકાર વડે લોકાલોક પર્વતનો તટ જેમ અંધકાર વ્યાપી થાય, તેમ સ્વર્ગનો તે ભાગ અંધકારવ્યાપ્ત થયો. તે અંધકાર લજ્જારૂપી અંધકારની નિવૃત્તિ કરતો હતો. તેથી તે શુક તથા અપ્સરાની સ્થિરતા કરતો હોય તેમ જણાતું હતું. ત્યાં જે અન્ય જનો હતા, તે સાયંકાલે પક્ષીઓ જેમ પોતપોતાના રહેઠાણે જાય છે, તેમ પોતપોતાની ઇચ્છા પ્રમાણે પોતપોતાના રહેઠાણે ગયા, ને મદનાતુર તે અપ્સરા મયૂરી જેમ મેઘ પાસે જાય, તેમ શુક પાસે ગઇ.

જેમ ક્ષીરસમુદ્રમાં નારાયણ જાય, તેમ નંદનવનના સુશોભિત પ્રસાદની મધ્યમાં પાથરેલા પલંગ ઉપર શુક ગયા. તેમનો હાથ પકડી તે અપ્સરા પણ શરમને લીધે મુખ નીચું કરીને ગઇ. તેથી તે ઐરાવતની સુંઢમાં રહેલી કમલિનીના જેવી શોભતી હતી. પછીથી સ્નેહરસથી ભરપુર

વાણી વડે, તે વિલાસથી મનોહર વચન બોલી. “હે શુક! આ કામદેવ, ધનુષ્ય ખેંચી મને બાણુ મારે છે. જુઓ....હે નાથ! હું તમારે શરણે આવી છું. માટે રક્ષણ કરો. શરણે આવેલાનું રક્ષણ કરવું, એ સત્પુરુષનો નિયમ હોય છે. હે મતિમન્! સ્નેહભાવના અજાણ્યા મૂઢ પુરુષો, સ્નેહનો અનાદર કરે છે, પણ રસજ્ઞ પુરુષો અનાદર કરતા નથી. હે પ્રિય! અન્યોન્ય આસક્તિવાળાનો રાંક થએલો પ્રણય, ચન્દ્રના આનંદ કરતાં પણ વિશેષ છે. નવીન પ્રીતિવાળાઓને પરસ્પર સ્નેહ જેવો આનંદ આપે છે. તેવો આનંદ, ત્રણે લોકનું ઐશ્વર્ય આપતું નથી. રાત્રિમાં ચંદ્રનાં કિરણોના સ્પર્શથી કમલિની જેમ શાન્તિ પામે, તેમ તમારા ચરણના સ્પર્શથી હું શાન્તિ પામી છું. જેમ ચકોરી ચંદ્રનું અમૃતપાન કરી જીવે છે, તેમ હું અમૃત જેવા તમારા સ્પર્શથી જીવું છું. આ હું આપના વિષે આસક્ત છું. માટે મને સ્નેહવડે ભરપૂર એવા હૃદયકમળમાં આલિંગન કરી રાખો.” એમ કહી કલ્પવૃક્ષની મંજરી જેવી, વ્યાકુલ નેત્રવાળી અને પુષ્પ જેવી કોમળ એ અપ્સરા, શુકના વક્ષઃસ્થલમાં પડી. પછીથી ભ્રમર, કમલિની વિષે જેમ પ્રવેશ કરે, તેમ શુક તથા અપ્સરાએ તે વનસ્પતિઓમાં પ્રવેશ કર્યો. પુષ્પના પરાગો ઉડતા હતા, અને સુગંધીપવન વાતા હતા.

એવી રીતે ચિરકાલથી કલ્પેલા પ્રિયપ્રણયોએ કરી શુકને અપ્સરાનો સમાગમ થયો ને તેથી તેને સંતોષ થયો. શુકે મંદારનાં પુષ્પને ધારણ કરવાવાળી અને અમૃતપાનથી મત્ત એવી એ અપ્સરાની સાથે, ગંગાજીના તટ ઉપર, જ્યાં

મંદ ગતિવાળા હંસ હતા. અને સુવર્ણની કમલિનીઓ હતી, ત્યાં વિહાર કર્યો. ચંદ્રનું અમૃતપાન કરવાવાળા દેવોની સાથે પારિજાતનાં લતાગૃહો વિષે રસાયન પીધું. ચૈત્રરથ નામના સુંદર બગીચામાં વિદ્યાધરીઓ સાથે દોલાવિહાર કર્યો. શંકરના ગણો સાથે નંદનવનમાં સર્વત્ર વિહાર કર્યો. જેમ મદોન્મત્ત હાથી, કમલિની વિષે ફરે, તેમ મેરુ પર્વતની નદીઓ કે જેના કિનારા ઉપર સુવર્ણની લતાઓ હતી, તેમાં તે બંન્ને જણાં ફર્યાં. કૈલાસ પર્વતના લતાગૃહોમાં શંકરના ભાલમાં રહેલા ચન્દ્ર વડે પ્રકાશવાળી રાત્રિઓ વ્યતીત કરી ગંધમાદન પર્વતનાં ઉપલાં શિખરોને વિષે આરામ લઈ, શુક્રે કનકનાં કમલોવડે તે અપ્સરાને શુશોભિત કરી, હે નરવાહન ! આશ્ચર્યકારી લોકાલોક પર્વતના તટો વિષે શુક્રે અપ્સરાની સાથે ક્રીડા કરી.

એવી રીતે ક્રીડા કરતાં કરતાં પુણ્ય ક્ષીણ થયું, ને તે શુક્ર, અપ્સરાની સાથે પૃથ્વી ઉપર પડયા. તેના દિવ્ય શરીરના સર્વ અવયવો વીખરાઈ ગયા. વિમાન આદિ, સુખભોગનાં સાધનો દેવોએ હરી લીધાં. તેથી ચિંતામાં પડેલાં તે બન્ને, જેમ યુદ્ધમાં યોદ્ધો પડે તેમ નીચે પડ્યાં. મોટી ચિંતા સાથે પૃથ્વી ઉપર પડેલાં તે બંન્નેનાં શરીર, શિલા ઉપર પડતા ઝરાની પેઠે સો પ્રકારે છિન્ન ભિન્ન થઈ ગયાં, સ્થૂલ શરીર પડી જવાથી, દુઃખવાળાં તે બન્નેનાં લિંગશરીરો, માળા વગરના પક્ષીની પેઠે આકાશમાં ફરતાં હતાં. તે લિંગશરીરે, કિરણથી વ્યાપ્ત એવા ચંદ્રમંડલમાં પ્રવેશ કર્યો. પછી હિમરૂપ થઈને તેઓ શાળમાં પ્રવિષ્ટ

થયાં. જેમાં શુકે પ્રવેશ કર્યો હતો. તે શાળ દશાર્ણ દેશના બ્રાહ્મણના ખાવામાં આવી, તેનું વીર્ય થઈ તેની સ્ત્રી દ્વારા પુત્ર થયો. ત્યાં મુનિઓના સંસર્ગથી તે પુત્રરૂપે ઉત્પન્ન થએલા શુકે ઘણા કાળ પર્યંત ઉગ્ર તપ કર્યું. ત્યાં શાળથી મૃગલી થયેલી અપ્સરામાં, મનુષ્યપુત્ર ઉત્પન્ન થયો. તેમાં સ્નેહને લીધે વળી પણ પરમમોહને પ્રાપ્ત થયા. આ મારા પુત્રને ધન મળે, ગુણવાન્ થાય, આયુષ્ય વધે, એવી રીતની નિરંતર ચિંતા વડે, તેમના તપ આદિ સર્વ નિયમો છૂટી ગયા, પુત્ર માટે ભોગની ચિંતાથી ધર્મવિચારથી ભ્રષ્ટ થયેલા અને ક્ષીણાયુષ એવા એ શુકને, સર્પ જેમ વાયુને ગળે, તેમ મૃત્યુ ગળી ગયો. તેમના મનોરથ ફરીથી પણ પૂરા થયા નહિ, ને પ્રાણ નીકળી ગયા, પછી મદ્ર દેશના રાજાને ત્યાં જન્મ થવાથી મદ્ર દેશના અધિપતિ થયા. મદ્ર દેશમાં ચિરકાળ રાજ્ય કર્યું ને શત્રુઓને માર્યા. પછી જેમ કમળમાં હિમ પડે તેમ તેમને જરા પ્રાપ્ત થઈ, ને વાનપ્રસ્થ ધર્મનો વિચાર કરતાં કરતાં રાજ્યશરીર પડી ગયું. તેથી તપસ્વીને ત્યાં જન્મ્યા. ને પોતે પણ તપસ્વી થયા. હે નરવાહન! રાગદ્વેષાદિ રહિત એવા તે તપસ્વી, સુભંગા નદીના કિનારા ઉપર જઈ તપ કરવા લાગ્યા. એ પ્રકારે અનેક જન્મનો અનુભવ કરી, સુભંગા નદીના તટ ઉપર દૃઢ વૃક્ષની પેઠે સુખથી ચિરકાલ તપમાં રહ્યા. પછીથી અનેકાનેક સિદ્ધિઓ મેળવી સિદ્ધ બન્યા ને મનુષ્ય લોક પર્યંતથી તે ઇન્દ્રલોક પર્યંતના સર્વ લોકને અલૌકિક ને અશ્રુતપૂર્વ અને અત્યંત ઉગ્ર તપપ્રભાવવડે મ્હાત કરી નાખી તેમના ઉપર વિજય મેળવ્યો. હવે તેમને કોઈ પણ રીતે હરાવી શકે

એવું કોઈ પણ નથી, એમ જ્યારે તેમણે જાણ્યું. ત્યારે તેમણે ત્રિભુવનકલ્યાણને માટે એક લોક સ્થાપી માયાના વાતાવરણમાં તણાઈ જતા જનોને યથેષ્ટ બ્રહ્મમાર્ગનો ઉપદેશ આપવાનો નિશ્ચય કર્યો. પછીથી તેમણે જીવલોક અને શિવલોકની મધ્યમાં ઇંદ્રલોકની પશ્ચિમમાં, મહર્લોકની પૂર્વમાં, તપલોકની દક્ષિણમાં ને યક્ષલોકની ઉત્તરમાં, વિષ્ણુલોક, બ્રહ્મલોક, સૂર્યલોક ને ચન્દ્રલોકના મધ્યમ કોણમાં એક પ્રદેશ પસંદ કર્યો. અને તેને સિદ્ધિપ્રદેશ એવું નામ આપ્યું, અને તેમાં સિદ્ધલોકની સ્થાપના કરી. હે નરવાહન ! આ પ્રમાણે અમારા સિદ્ધપ્રદેશની શરુઆત થઈઃ–ત્યાં તેમના મનુષ્યશરીરથી વિખ્યાત થએલું એવું શુક નામ બદલાઈ ગયું. અને તે ભગવાન્ સિદ્ધાનંદ એવા નામથી આલેખાવા લાગ્યા. મારાં વ્હાલાં સંતાનો ! આમાં આશ્ચર્ય જેવું કાંઈ નથી. જે સિદ્ધાનંદ અત્યારે તમને ઉપદેશી રહ્યા છે, તે સિદ્ધાનંદ પોતેજ શુક હતાઃ—

આટલું સંભાષણ કરી તેમણે વાત બંધ રાખી, અમારા તરફ દૃષ્ટિ કરી, અમારા અંગે–અંગમાં રોમાંચ ખડાં થઈ ગયાં હતાં. સાદ્ભુત આશ્ચર્ય ને આનંદથી અમારાં નેત્રોમાં અલૌકિક અશ્રુપ્રવાહ વહી રહ્યો હતો. અને સબાષ્પ કંઠ રૂંધાઈ ગયો હતો, અમારી વાણી અટકી ગઈ હતી, ને ઘણું કર્યા છતાંય પણ તે બહાર નીકળી શકી નહિ. વાર્યા છતાંય મનમાં એક પછી એક અદ્ભુત આશ્ચર્ય ને આનંદના તરંગ ઉઠવા માંડ્યા, તે રોકી શકાયાજ નહિ. જાણે બ્રહ્મગંગામાંજ અમે સ્નાન કર્યું ન હોય ! એવો અમને ભાસ

થયો. અને આ ભાસ થતાની સાથેજ અમારૂં આખું અંગ ધ્રૂજી ઉઠયું. જ્યારે ભગવાન્ સિદ્ધાનંદે અમારા તરફ દૃષ્ટિ કરી, ત્યારે તો અમે તેમને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી રહ્યા હતા.

જ્યારે ભગવાન્ સિદ્ધાનંદે અમને આમ ઘણી જ વાર સુધી આનંદાશ્રુ સાથે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતા જોયા અને વાર્યા છતાંય પણ રોકાયા નહિ. ત્યારે તેઓ ધીરસ્વરથી બોલ્યાઃ–મારાં વહાલાં સંતાનો! એમાં આશ્ચર્ય જેવું શું છે? મારા અને તમારા અનેકાનેક જન્મ થઈ ગયા છે, જે વસ્તુ ચીરસ્થાયી છે, તેનો માર્ગ મનુષ્યો લેતા નથી એ જ શોકપ્રદ વાત છે. અસ્તુ! તમે, અત્યારે તમારી જીવન્મુક્ત ને વિદેહ મુક્તની સ્થિતિ વિસરી ગયા છો. તેથીજ તમને આશ્ચર્ય ને આનંદ લાગે છે. માટે સ્વસ્થ થઇ તમારી મૂળસ્થિતિમાં આવી જાઓ તો ઠીક.

આટલું બોલી તેઓ મૌન રહ્યા અને અમે અમારી પૂર્વવત્ સ્થિતિએ સ્વસ્થ થઇ બેઠા. પછીથી તેમણે આગળ ચલાવ્યુંઃ—

ભાર્ગવ–શુક્ર અથવા શુક્ર સિદ્ધાનંદની આખ્યાયિકાનું પ્રયોજન એટલાજ પૂરતું છે, કે જ્યાં સુધી તપસ્વી સાત્ત્વિક વૃત્તિને વળગી રહી, પ્રલોભનોને વશ થતો નથી, ત્યાં સુધી તેનો યાન સાત્ત્વિક હોય છે, પરંતુ જ્યાં તે પ્રલોભનોને વશ થઇ જાય છે, ત્યાં તેનો યાન રાજસી યાનમાં પલટાઈ જાય છે. અને માયાના માર્ગે ચઢવાથી તેની અધોગતિ થાય

છે. જો શુક્રનો પુનર્જન્મ બ્રાહ્મણને ત્યાં ન થયો હોત તો તે પુનઃ તપ કરી શકત જ નહિ. મદ્રદેશના અધિપતિ પણ થઈ શકતજ નહિ અને વાનપ્રસ્થ ધર્મનો વિચાર કરતાં કરતાં શરીર નહિ પડવાથી વળી પુનઃ તપસ્વીને ત્યાં જન્મી શકત નહિ. સુભંગા નદીના તટ ઉપર દૃઢવૃક્ષની પેઠે તપ કરી શકત નહિ. અનેકાનેક સિદ્ધિઓ મેળવી સિદ્ધ બની શકત નહિ. મનુષ્યલોકથી લઈને તે ઇન્દ્રલોક પર્યન્તના સર્વલોકને અતિ ઉગ્ર તેમજ દારુણ તપપ્રભાવ વડે મ્હાત કરીને વિજય મેળવી શકત નહિ, ને સિદ્ધાનંદ બની સિદ્ધ પ્રદેશની હદ બાંધી સિદ્ધાશ્રમ સ્થાપી પણ શકત નહિ. એ બધો શુક્રના પ્રથમજન્મના ઉગ્રતપના ક્ષીણ પુણ્યનો પ્રભાવ હતો. જો કે તેનો ગત જન્મનો પુરુષાર્થ સુદૃઢ હતો તેથી અનેકાનેક જન્માંતરોનાં સંકટો વેઠતાં પણ તે તેની પૂર્વ સ્થિતિએ પહોંચી શકયો. પરંતુ આવું બનવું અતિદુર્લભ છે. સાધારણ રીતે તો એવું બને છે, કે જે ઉત્તમમાંથી અધમ બને છે. તેની અધમથી અધમતર સ્થિતિ થાય છે. અને અધમતરથી અધમતમ સ્થિતિ થાય છે. માટેજ ઉત્તમગતિને પલટાવા દેવી નહિ. એમાં જ સાર છે. આ આખ્યાયિકાનું અન્ય પ્રયોજન આપણા અન્યોન્યના સંબંધને લગતું હોવાથી તેને સ્વદૃષ્ટાંતથીજ સાબીત કરી આપવાનું છે. સાત્ત્વિકમાર્ગમાંથી રાજસિક માર્ગમાં વળી ગએલા મહાત્માઓનાં અન્ય દૃષ્ટાંતો વિશ્વામિત્ર, વિભાણ્ડક, શૃંગી આદિનાં છે. વિશ્વામિત્રની અતિ દારુણ તપસ્યાથી ઇંદ્રાસન ડોલી ઉઠ્યું હતું અને ઘડીભર ઇન્દ્રને એમ પણ લાગ્યું કે આ મારૂં ઇંદ્રાસન લઇ લેશે, તો આ સ્વર્ગ વિષે

મારી શી સ્થિતિ થશે, તેથી તેણે તપશ્ચર્યાનો ભંગ કરવા રતિ સમાન મેનકાને મોકલી; અને બન્યું પણ તેમજ, વિશ્વામિત્ર અપ્સરામાં મોહિત થઈ ગયા. અને તપશ્ચર્યા ભંગ થઈ.

જ્યારે શકુન્તલાનો જન્મ થયો, ત્યાં મેનકા સ્વર્ગમાં ચાલી ગઈ: કારણ કે અપ્સરાઓને સંતાન થતાં સુધીની જ અવધિ હોય છે: ત્યારે જ મુનિને ભાન થયું કે તેમણે શું ખોયું હતું ? પછીથી તપશ્ચર્યાના ફળરૂપી શકુન્તલાની માયા વળગશે એમ ધારી ત્યાં મૂકી. જેને કણ્વઋષિએ ઉછેરીને મોટી કરી. ફરીથી વજ્રાસન વાળી અતિ ઉગ્ર તપશ્ચર્યા કરી, અને પ્રજાપતિ તથા બ્રહ્મર્ષિપદ મેળવ્યાં. વિભાણ્ડક ઋષિ પણ મૃગલીના સ્વરૂપમાં રહેલી અપ્સરા ઉપર મોહિત થઈ ગયા હતા. અને તેથી તેમને તપના ભંડારરૂપ શૃંગી નામના પુત્ર ઉત્પન્ન થયા હતા. આ શૃંગીઋષિ પણ અતિ દારુણ તપસ્વી હતા તેમને પણ રમિના નામની અપ્સરા અજ્ઞાત અવસ્થામાં મોહિત કરી રોમપાદ રાજાના રાજ્યમાં લઈ ગઈ હતી અને રાજાની પુત્રી શાન્તા સાથે લગ્ન કરી આપ્યાં હતાં. આવી રીતે અનેકાનેક મહાન ઋષિમુનિઓ પણ સાત્ત્વિક માર્ગ છોડી રાજસિક યાનમાં ફસાઈ પડયા હતા. તો સાધારણ તપસ્વીઓની તો ગણના જ શી ? માટે જ હું તમને પોકારી પોકારીને કહું છું કે હઠયોગ દ્વારા બ્રહ્મયાનને બદલે રાજયોગ દ્વારા બ્રહ્મયાન ઉત્તમ છે. આ માર્ગમાં અનેકાનેક સિદ્ધિ પણ મળતી નથી. તેમજ અનેકાનેક પ્રલોભનો પણ હોતાં નથી જેથી અધમગતિ થવાનો સંભવ હોતો જ નથી.

હવે હું તમને યજ્ઞ તેમજ દાનનાં પ્રલોભનો વિષે સંક્ષેપમાં કહીશ. પૂર્વે આર્યાવર્તનો સગર નામનો મહાતેજસ્વી અને પ્રતાપી ચક્રવર્તી રાજા હતો. તેને સાઠ હજાર પુત્રો હતા. આ સગર રાજાએ સો અશ્વમેધ યજ્ઞ કરવા શરૂ કર્યા. તેના નવ્વાણું યજ્ઞ તો સંપૂર્ણ થયા.પરંતુ સોમા યજ્ઞ વખતે ઈન્દ્રે તેનો યજ્ઞનો અશ્વ ચોરી જઈ કપિલાશ્રમમાં કપિલમુનિ જ્યાં તપ કરતા હતા, ત્યાં આગળ બાંધી, પોતે અદૃશ્ય થઇ ગયો. ઇન્દ્રને અશ્વ ચોરવાનું ફક્ત એક જ કારણ હતું, કે, જે "સો યજ્ઞ સંપૂર્ણ કરે તે ઈન્દ્ર થાય એવી ઇન્દ્રપદની રૂઢિ છે." વખતે જો સગર સોમો યજ્ઞ સંપૂર્ણ કરશે તો ઇંદ્રપદ જશે, એ ભયથી તેણે અશ્વને ચોરીને ઉપર વર્ણવેલા મુનિના આશ્રમે બાંધ્યો. હવે જ્યારે અશ્વના બલિદાનનો સમય સમીપ આવ્યો. ત્યારે અશ્વની શોધ થવા માંડી, પરંન્તુ તે ક્યાંય પણ હાથમાં આવ્યો નહિ. આખરે સગરના પુત્રોએ પાતાળ ખોદ્યાં અને પત્તો ન મળવાથી પૃથ્વીપર કપિલમુનિના આશ્રમ નજીક અશ્વને બાંધેલો દીઠો. તેથી આ મુનિ જ અશ્વના ચોર છે. એમ ધારી સગરપુત્રોએ તેમના ઉપર શસ્ત્રપ્રહાર કર્યા. તપશ્ચર્યામાં મગ્ન મુનિને આ શસ્ત્ર–પ્રહારથી દારુણ કોપ ચડ્યો અને શિવજીની માફક પોતાની આંખમાંથી અગ્નિ વરસાવી તેમનો સઘળાનો નાશ કરી નાખ્યો. આ પ્રમાણે સગરરાજાનો યજ્ઞભંગ થયો, અને તેના સાઠે હજાર પુત્રો કપિલ–મુનિના ક્રોધાગ્નિથી ભસ્મ થઈ ગયા. જેમને તારવા માટે તેમના પ્રપૌત્ર ભગીરથ રાજાએ અતિ ઉગ્ર તપશ્ચર્યા કરી, ભગવાન્ શિવજીને પ્રસન્ન કર્યા, અને ત્યાર પછી ભગવતી ગંગાજીને પ્રસન્ન કરી, પુનઃ ભગવાન્

શિવને પ્રસન્ન કરી ભગવતી ગંગાને સ્વર્ગમાંથી પાતાળમાં ઉતાર્યાં; એ કારણથી કે સગરપુત્રોનાં અસ્થિ ભગવતી ગંગામાં પડવાથી તેમનો મોક્ષ થાય. પરન્તુ પાતાળમાં સ્વર્ગથી વહેતાં વહેતાં ભગવતી ગંગાએ જહ્નુ મુનિનો આશ્રમ જગથી બોળી નાખ્યો. એથી કોપ કરી મુનિએ પોતાની જાંગ ચીરી તેમાં સર્વેય ગંગાપ્રવાહને બંધ કરી દીધો. આથી ભગીરથે પુનઃ તપશ્ચર્યા કરી જહ્નુ મુનિને પ્રસન્ન કર્યા અને મુનિએ જાંઘમાંથી ગંગાને વહેવા દીધાં જહ્નુની જાંઘમાંથી વહેવાથી ગંગાનું નામ જાહ્નવી પડયું. આખરે સગરપુત્રોનાં અસ્થિ ભગવતી ગંગામાં પડવાથી તેઓ સર્વનો મોક્ષ થયો. ધન્ય છે, ભગીરથને અને તેના યત્નને !! આ ભગીરથ ઉપરથીજ મહાન પ્રયાસને ભગીરથ પ્રયાસ એવું ઉપનામ મળ્યું છે. આ પ્રમાણે સકામ યજ્ઞમાં પણ દેવતાઓનાં વિઘ્નો આવે છે. માટેજ સકામને બદલે નિષ્કામ કાર્ય કરવાં. દાનના દૃષ્ટાંત તરીકે બલિરાજાને પાતાળમાં ચંપાવું પડયું હતું:—

હવે હું તમને ઇંદ્રિયાનના અથવા સ્વર્ગયાનના ગુણાવગુણ સંક્ષેપમાં કહું છું:–સ્વર્ગમાં, જેવું પુણ્ય હોય તેના પ્રમાણમાં સુખનો ઉપભોગ થઇ શકે છે. ઉત્તમ પ્રકારનું પુણ્ય કર્યું હોય તો ત્યાં ઉત્તમ પ્રકારનું સુખ મળે છે. મધ્યમ પ્રકારનું પુણ્ય કર્યું હોય, તો ત્યાં મધ્યમ પ્રકારનું સુખ મળે છે અને કનિષ્ઠ પ્રકારનું પુણ્ય કર્યું હોય તો કનિષ્ઠ પ્રકારનું સુખ મળે છે. આ પુણ્યો જ્યાં સુધી હોય ત્યાં સુધી સ્વર્ગમાં વાસ રહે છે. અને પુણ્યો ખૂટી ગયા પછી

જો સારાં કર્મો શેષ રહ્યાં હોય, તો જીવ સ્વર્ગલોકમાંથી મનુષ્યલોકમાં અવતરે છે. અને જો સારાં કર્મો શેષ રહ્યાં ન હોય તો જીવ સ્વર્ગમાંથી અધમ, અધમતર અને અધમતમ યોનિઓમાં જન્મ લે છે. વળી સ્વર્ગમાં પારકાનો ઉદય સહન કરી શકાતો નથી. સમાનોની સાથે અને પોતાથી ઉત્તમ હોય, તેઓની સાથે નિત્ય સ્પર્ધા રહ્યા કરે છે અને તેઓના માર્ગમાં અનેકાનેક સંકટો નાખવાના પ્રયત્નો થાય છે અને પોતાનાથી ઓછા સુખવાળાઓને જોઈ સંતોષ થાય છે. હે નરવાહન! આવા આવા ગુણો અને અવગુણો સ્વર્ગમાં રહેલા છે, માટે એ યાન પણ ત્યાજ્ય છે.

વિષ્ણુયાન અથવા અક્ષરયાન અને સાત્ત્વિક વૃત્તિથી શિવયાનના પંથો રાજયોગ દ્વારા બ્રહ્મયાનના જ પંથો છે. ફક્ત નામાભિધાનમાં જ ફેરફાર છે. હવે હું તમને છેલ્લા સિદ્ધ-યાન અથવા સર્વયાનનું સંક્ષેપમાં વર્ણન કરીશ.

સિદ્ધયાનનો પ્રકાર હઠયોગ દ્વારા પ્રાપ્ત થતો હોવાથી તેમાં ડગલે ને પગલે સિદ્ધિઓનો ભય રહે છે. આ સિદ્ધિઓ ત્રેવીસ પ્રકારની છે. તેમનાં નામ અનુક્રમે, અણિમા, મહિમા, લઘિમા, પ્રાપ્તિ, પ્રકામ્ય, શિતા, વશિતા, પ્રાકાશ્ય, અનૂર્મિત્વ, દૂરશ્રવણ, દૂરદર્શન, મનોજવ, કામરૂપ, પરકાય–પ્રવેશન, સ્વચ્છંદ મૃત્યુ, દેવસહ ક્રીડાદર્શન, યથા સંકલ્પ, અપ્રતિહતાજ્ઞા, ત્રિકાલતત્ત્વ, ને પરચિત્તાદ્યભિજ્ઞતા, પ્રતિષ્ટંભન, અપસ્પંદ અને આપ્ત છે. તેમાંની પ્રથમની આઠ સિદ્ધિઓ મહાન સિદ્ધિઓ છે.

દશ સત્ત્વગુણની વૃદ્ધિની છે અને પાંચ ક્ષુદ્ર સિદ્ધિઓ છે. આ ત્રેવીસેય પ્રકારની સિદ્ધિવાળો મહાત્મા સિદ્ધ કહેવાય છે.

હવે હું તેમને સિદ્ધ કરવાનો પ્રકાર અનુક્રમે બતાવું છું:—મનને જે તન્માત્રાનું રૂપ, (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, અને ગંધનું રૂપ) બનાવે છે ને જે ભૂતસૂક્ષ્મને (તન્માત્રાના ઉપાધિ રૂપને) બ્રહ્મસ્વરૂપમાં ધારણ કરે છે તે તન્માત્રાના સૂક્ષ્મભૂતના ઉપાસકને અણિમા નામની મહાસિદ્ધિ પ્રાપ્ત થાય છે અને તેને તેના મોટા શરીરમાંથી અત્યંત નાનું શરીર કરવાની વિદ્યા આપે છે. મનને જે પરમાણુરૂપી (પૃથ્વી, જળ, તેજ, વાયુ તથા આકાશના પરમાણુરૂપી) ઉપાધિવાળા બ્રહ્મસ્વરૂપમાં ધારણ કરે છે તેને લઘિમા નામની મહાસિદ્ધિ પ્રાપ્ત થાય છે તેને અત્યંત ભારે શરીરમાંથી હલકું શરીર કરવાની વિદ્યા કહે છે. સાત્ત્વિક અહંકારરૂપી ઉપાધિવાળા બ્રહ્મસ્વરૂપમાં મનને જે ધારણ કરે છે તેને પ્રાપ્તિ નામની મહાસિદ્ધિ પ્રાપ્ત થાય છે અને તેને તેની સર્વ ઈંદ્રિયોના દેવતા થવાની સિદ્ધિ આપે છે.

મનને જે, ક્રિયાશક્તિ રૂપી ઉપાધિવાળા બ્રહ્મસ્વરૂપમાં, ધારણ કરે છે. તેને પ્રાકાશ્ય નામની મહાસિદ્ધિ પ્રાપ્ત થાય છે. અને તેને સર્વ લોકના સર્વ વિષયોપભોગ જોવાની શક્તિ આપે છે.

મનને જે, ત્રિગુણાત્મક માયાના અધિપતિ તથા કાળ-મૂર્તિ બ્રહ્મસ્વરૂપમાં ધારણ કરે છે, તેને ઈશિતા નામની મહાસિદ્ધિ પ્રાપ્ત થાય છે અને તેને સર્વ જીવોમાં

માયાના અંશોની પ્રેરણા કરવાની તથા ઈશ્વરમાં માયાની પ્રેરણા કરવાની શક્તિ આપે છે.

મનને જે, સંપૂર્ણ ઐશ્વર્ય, ધર્મ, યક્ષ, લક્ષ્મી, જ્ઞાન ને વૈરાગ્યવાળા બ્રહ્મસ્વરૂપમાં, ધારણ કરે છે તેને વશિતા નામની મહાસિદ્ધિ પ્રાપ્ત થાય છે અને તેને વિષયોના ભોગમાં અસંગની શક્તિ આપે છે.

મનને જે, સગુણ બ્રહ્મસ્વરૂપમાં ધારણ કરે છે તેને પ્રાકામ્ય નામની મહાસિદ્ધિ પ્રાપ્ત થાય છે અને તેને જે જે સુખની ઈચ્છા હોય, તે તે સુખની સીમાએ પહોંચવાની શક્તિ આપે છે.

મનને જે, શ્વેતદ્વીપ સત્ત્વગુણને ધર્મમય બ્રહ્મમાં, ધારણ કરે છે તેને અનૂર્મિત્વ નામની સિદ્ધિ પ્રાપ્ત થાય છે અને તેને તેની ક્ષુધાપિપાસાના અભાવની સિદ્ધિ આપે છે.

મનને જે, પ્રાણરૂપ બ્રહ્મસ્વરૂપમાં, ધારણ કરે છે તેને દૂરશ્રવણ નામની સિદ્ધિ પ્રાપ્ત થાય છે અને તેને તે દૂરની વાર્તા સાંભળી લેવાની શક્તિ આપે છે.

મનને જે પ્રકાશમાં જોડી દે છે, સૂર્યને નેત્રમાં ધારણ કરે છે તેને દૂરદર્શન નામની સિદ્ધિ પ્રાપ્ત થાય છે ને તેને દૂરના પદાર્થો જોવાની શક્તિ આપે છે.

મનને જે, બ્રહ્મમાં જોડી દઈને મન શરીરને અનુસરનારા વાયુને તે બ્રહ્મસ્વરૂપમાં ધારણ કરે છે, તેને મનોજવ

નામની સિદ્ધિ પ્રાપ્ત થાય છે, ને તેને જ્યાં મન જાય ત્યાં જવાની સિદ્ધિ આપે છે.

મનને જે, અચિંત્યશક્તિવાળા ને અનેક પ્રકારરૂપી બ્રહ્મસ્વરૂપમાં ધારણ કરે છે તેને કામરૂપ નામની સિદ્ધિ પ્રાપ્ત થાય છે. તેને ધાર્યા પ્રમાણે રૂપ ધારણ કરવાની શક્તિ આપે છે.

મનને જે, પરકાયપ્રવેશનરૂપી સ્વરૂપમાં, ધારણ કરે છે. પ્રાણરૂપી ઉપાધિવાળા આત્માને હૃદય, છાતી, તથા મસ્તકમાં ચઢાવે છે, અને પાનીવતી ગુદછિદ્ર, દબાવે છે તેને પરકાયપ્રવેશનરૂપી સિદ્ધિ પ્રાપ્ત થાય છે. તે મનને, બીજાની કાયામાં પ્રવેશ કરાવવા લિંગશરીરરૂપી ઉપાધિ સાથે સ્થૂલ દેહને ત્યાગીને બ્રહ્મરંધ્રરૂપી દ્વારવડે ને વાયુરૂપી માર્ગવડે લઈ જઈ શકે છે.

મનને જે પરબ્રહ્મસ્વરૂપમાં ધારણ કરે છે. પ્રાણ-રૂપી ઉપાધિવાળા આત્માને અનુક્રમે છાતી, હૃદય, કંઠ તથા મસ્તકમાં ચઢાવે છે અને પાનીવતી ગુદછિદ્રને દબાવે છે તેને સ્વચ્છંદમૃત્યુ નામની સિદ્ધિ પ્રાપ્ત થાય છે. ને તે મનને પરબ્રહ્મમાં બ્રહ્મરંધ્ર વડે ને વાયુરૂપી માર્ગવડે પોતાના સ્થૂલદેહનો ત્યાગ કર્યા પછીથી લઈ જઈ શકે છે. તેને જ્યારે મરણ લાવવું હોય, ત્યારે લાવી શકવાનીશક્તિ આપે છે.

મનને જે, બ્રહ્મમાં રહેલા સત્ત્વગુણની ભાવના કરી, ધારણ કરે છે, તેને “દેવસહક્રીડા” નામની સિદ્ધિ પ્રાપ્ત થાય છે ને તેને તેની યથાશક્તિ સિદ્ધિ આપે છે.

મનને જે સત્યસંકલ્પ રૂપી બ્રહ્મમાં ધારણ કરે છે તેની ઉપર સત્યસંકલ્પ નામની સિદ્ધિ પ્રાપ્ત થાય છે ને તેને જેવો સંકલ્પ કરે તેવું ફળ થવાની સિદ્ધિ આપે છે.

મનને જે સર્વનિયંતા ને સ્વતંત્ર-સ્વરૂપ, બ્રહ્મમાં, ધારણ કરે છે, તેને અપ્રતિહતાજ્ઞા નામની સિદ્ધિ પ્રાપ્ત થાય છે, ને તેને અભંગઆજ્ઞાની સિદ્ધિ આપે છે.

મનને જે, ત્રિકાલસત્ત્વ સ્વરૂપ બ્રહ્મમાં ધારણ કરે છે, તેને ત્રિકાલસત્ત્વ નામની સિદ્ધિ પ્રાપ્ત થાય છે, ને તેને ત્રણકાળ જાણવાની સિદ્ધિ આપે છે.

મનને જે પરચિત્તાદ્યભિજ્ઞ સ્વરૂપ બ્રહ્મમાં ધારણ કરે છે તેને પરચિત્તાદ્યભિજ્ઞતા સિદ્ધિ પ્રાપ્ત થાય છે. ને તેને પારકાના ચિત્તને જાણવાની શક્તિ આપે છે.

મનને જે શાન્તિ સ્વરૂપ બ્રહ્મમાં, ધારણ કરે છે તેને પ્રતિષ્ટંભન ને અપસ્પંદન નામની સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. ને તેને અગ્નિ, સૂર્ય, જળ, કે વિષ આદિ રોકી રાખવાની તેમજ શીત તથા ઉષ્ણ આદિથી પરાભવ નહિ પામવાની સિદ્ધિ આપે છે.

મનને જે, શ્રીવત્સ તથા શસ્ત્રાસ્ત્રોથી શણગારેલા ધ્વજા, છત્ર, ચામર સાથે બ્રહ્માવતારો સ્વરૂપ બ્રહ્મમાં ધારણ કરે છે, તેને આપ્તરાજ્ય નામની સિદ્ધિ પ્રાપ્ત થાય છે. તેને કોઈ પણ સ્થળે નહિ ડરવાની સિદ્ધિ આપે છે.

આ પ્રમાણે ત્રેવીસેય સિદ્ધિઓને સિદ્ધ કરવાનો વિધિ તેમના મંત્ર તેમજ આસન સિવાય હું તમને સંપૂર્ણ કહી

ગયો,તે મંત્ર અને આસન વખત આવ્યે હું તમને કહીશ. પરન્તુ અત્યારે તો તમારે એટલુંજ ધ્યાનમાં રાખવાનું છે, કે જેમ જેમ સિદ્ધિઓનો ઉપયોગ પોતાના સ્વાર્થને માટે કરવામાં આવે છે. તેમ તેમ તેમનું બળ ચઢતુંજ જાય છે. અને જો પોતાના સ્વાર્થને બદલે, જનસમૂહના કલ્યાણને માટે કરવામાં આવે તો જો કે બળ વધતું તો નથીજ પરંતુ થોડું ઘટવાનો સંભવ છે.

આ પ્રમાણે બ્રહ્મયાનના બન્નેય પ્રકાર (૧) રાજયોગદ્વારા બ્રહ્મયાન. અને (૨) હઠયોગદ્વારા બ્રહ્મયાન તેમજ (૩) ઇંદ્રયાન આદિ, તેમના ગુણાવગુણ સાથે હું તમને સંક્ષેપમાં કહી ગયો. હવે તમારી ઇચ્છામાં આવે તે યાન લ્યો.

પરંતુ ! તમને આશ્ચર્ય તો લાગ્યું હશે કે "આ સિદ્ધ પ્રદેશ સિદ્ધિઓનો પ્રદેશ હોઈ. તેમાં એકપણ સિદ્ધિ તો અમારા જોવામાં આવી નહિ અને તે સર્વયાનપ્રદેશ હોઈ, કોઇ પણ દેવ, દાનવ, યક્ષ, ગન્ધર્વ, વિદ્યાધર, દેવાંગનાઓ, માયાવી દાનવગણો, યક્ષિણીઓ, ગાન્ધર્વીઓ, વિદ્યાધરીઓ તેમજ અપ્સરાઓ તો જોવામાં આવી નહિ. તો પછી આ સર્વ અમે સાંભળ્યું તે સત્ય છે કે અસત્ય ? શું સત્યની પાછળ જેમ દીપકની પાછળ અંધારપછેડો હોય છે, તેમ અસત્ય અંધારપછેડો તો નથી ? વળી અહીંઆં ગણ્યા ગાંઠયા સિદ્ધતપસ્વીઓ સિવાય કોઇપણ અન્ય વ્યક્તિ તો અમારા જોવામાં આવી નહિ. તો પછી જીવન્મુક્ત યા તો વિદેહમુક્ત જનોની કથાજ ફક્ત કરવામાં આવી કે શું !

અર્થાત્ આવા જનો શું વિદ્યમાન નહિ જ હોય !! અગર તો આ બાજીગરોનો જનસમૂહને જાળમાં ફસાવવાનો માયાવી પ્રદેશ છે કે શું ? પરંતુ આ સર્વ બાબતોની તમારે શંકા કરવા જેવી નથી. ઉપર વર્ણવવામાં આવ્યું તે સર્વ આ જ પ્રદેશમાં છે, નથી એમ નથીઃ અને તેને માટે અમે એક રાજ્ય સ્થાપ્યું છે. જે સિદ્ધ રાજ્ય નામે વિખ્યાત છે. ત્યાં આ સર્વ પ્રકારના લોકો યથેચ્છ વિહાર કરે છે. ટૂંકમાં કહીએ તો તે જીવન્મુક્તો અને વિદેહમુક્તોનો જ દેશ છે. ત્યાંની રાજ્યનીતિ એવી આબેહુબ છે કે એક વખત તો તે ઈંદ્રની રાજ્યનીતિથી પણ ચઢી જાય ! ! સહસ્રો વર્ષથી ભાતભાતના લોકસમૂહનો એ પ્રદેશ હોઇ, હજી સુધી એકપણ બનાવ બનવા પામ્યો નથી કે ત્યાંના રંકથી તે રાયસુધી ને શૂદ્રથી તે ઉત્તમ સુધી એક પણ પ્રજાજનને દુઃખ પડયું હોય અથવા તો અન્યાય હોય !! આ સિદ્ધરાજ્ય અમે જાણી જોઇને જ અહિંઆંથી પાંચસો યોજન દૂર રાખ્યું છે.

અને આ સ્થળ તો અમે ફક્ત બ્રહ્મયાનના નિર્વાણ (હઠયોગદ્વારા) ને જ માટે રાખ્યું છે. ઉપર વર્ણવેલી કોઇપણ વ્યક્તિ અહિંઆં પ્રાદુર્ભૂત થતી નથી. તે છતાંય અમે અમારા રાજ્યની સ્થિતિથી હરહંમેશ વાકેફ જ રહીએ છીએ, તમારા જેવા જીવન્મુક્તો અર્થાત્ વિદેહમુક્તો ત્યાં વસે છે. જો તમારે પણ ત્યાં વસવાનો વિચાર હોય, તો તે નજરે જોઇ આવો, અને જો અહીંઆં જ રહેવાનો વિચાર હોય તો અહીંઆં રહો. અમોને કોઇપણ પ્રકારની હરકત નથી. અને જો તમારે ત્યાં

કે અહીંઆં કોઇપણ સ્થળે ન રહેવું હોય, અને તમારા સ્વદેશમાં પાછા ફરવું હોય તો તેમ કરવાની પણ તમને રજા છે.

આખરે અમે માંહેમાંહે સંપૂર્ણ વિચાર કર્યા પછીથી એવા નિશ્ચય પર આવ્યા કે " સિદ્ધ રાજ્ય " જોવું તો ખરૂં જ.

ભગવાન્ સિદ્ધાનંદે મોકલેલા તેમના શિષ્ય રાજ્યાનંદ સાથે પુષ્પક નામના વિમાનમાં ઉડતા ઉડતા અમે મણિમય, અમૃતમય, ને શાન્તિમય, સિદ્ધરાજ્યના ગર્ભપ્રદેશમાં આવી પહોંચ્યા. એ પ્રદેશ પ્રભાત સમયના મહાસાગરની પેઠે છેડા વિનાનો હતો. નિર્મળ હતો, કોમળ સુકુમાર, પવનના સંયોગથી સુખ આપનારો હતો. શાંત, જળમાં નિમગ્ન થવાથી જેમ આનંદ ઉપજે તેમ આનંદ ઉપજાવનાર હતો. અત્યંત શુદ્ધ હતો, ગંભીર હતો, અને સજ્જનના મન કરતાં પણ વધારે નિર્મળ હતો. શોભામાં તે અમરલોકથી પણ ચઢતો હતો. સકલ ત્રિભુવનના તે એક આભૂષણ રૂપ હતો, ને શાણપણ અને સત્યમાં કૃતયુગની જન્મભૂમિ જેવો હતો.

ત્યાં કોઇ ઠેકાણે પારિજાત ને લતાઓના ઉપર વિમાનોની પંકિતઓ ફરતી હતી, તેથી પાસે રહેનારાઓને વનોની મંજરી જેવો અને દૂર રહેનારાઓને વૈદૂર્યમણિની ધરા જેવો આભાસ થતો હતો. કોઇ ઠેકાણે વિમાનોરૂપી ઘરોમાં બેઠેલી દેવતાઓની સ્ત્રીઓનાં ગાયનોનો અને વાજીંત્રોનો શબ્દ પ્રસરી રહ્યો હતો. કોઇઠેકાણે દેવતાઓનાં વિમાનોનાં ટોળાંઓ આવક અને પ્રવણ વિગેરે વાયુઓના જેવા મોટા વેગથી

આવજા કરી રહ્યાં હતાં. કોઇ ઠેકાણે લોકપાળો અને અને અપ્સરાઓનાં ટોળાંના સંચારથી તથા તેઓના અંગોની ચેષ્ટા ઉપરથી આકાશ ચંચળ થઇ ગયું હતું. કોઈ ઠેકાણે દેવાંગનાઓ અંતઃપુરની દાસીઓએ બાળવા માંડેલા ધૂપોના ધૂમાડાથી જાણે આકાશમાં મેઘ ચઢી આવ્યો હોય તેમ જણાતું હતું. કોઇ ઠેકાણે દેવોએ પોતપોતાના લોકમાં બોલાવેલી અપ્સરાઓ ‘ હું પહેલી જાઉં ’, હું પહેલી જાઉં ’ એમ બોલતી ઉતાવળે જતાં તેઓનાં શરીરનાં આભૂષણો નીચે પડી જતાં હતાં. કોઈ ઠેકાણે દેવોએ માયાથી રચેલા પવનો વડે માયાવી પુષ્પો, ધાનો વિગેરે ઝૂલી રહ્યાં હતાં. અને કોઇ ઠેકાણે પુષ્પોમાંથી ઝરતા મકરંદરૂપી હિમની વૃષ્ટિ થવાથી દેવાંગનાઓ ત્રાસ પામી ગઇ હતી.

કોઈ સ્થળે કેવડાની રજથી ધૂસર થએલી લતા-પ્રદેશની રળીઆમણી સીમાઓ હતી. કોઈ સ્થળે કંપતી ઉપવન–લતાઓના પુષ્પપરિમલથી પવન સુગન્ધિત થએલો હતો. કોઈ સ્થળે મદન–યષ્ટિ ઉપર પ્રભાસમય તથા મકર-ચિહ્ન યુક્ત કેતુઓ લટકાવેલા હતા. તેમની ઉપર સૌભાગ્ય સૂચવતી ઘંટાઓ વાગતી હતી. આછાં લાલ વસ્ત્રની ધ્વજાઓ ફરકતી હતી. તથા રક્ત ચામરો બાંધેલાં હતાં, તે ઉપરથી મકર–ધ્વજની જ ત્યાં પૂજા થઇ હતી એમ સ્પષ્ટ જણાતું હતું. કોઇ સ્થળે મૃદંગના ગંભીર સ્વરથી ઘંટાગૃહ ગાજી રહ્યાં હતાં. તે ઝીણા ઝીણા જલ–કણના વર્ષાદથી દૂષિત થઈ રહ્યાં હતાં અને પથરાએલા રવિકિરણના સમૂહથી બનેલા ઇન્દ્ર–ધનુષ્યોને લીધે રમણીય દેખાતાં હતાં.

કોઈ સ્થળે સિદ્ધ લોકોનાં અને ગંધર્વ લોકોનાં બેડાંઓ લોકપાળોની પાસે પણ ધૂમાડાઓની પેઠે ધૂસરા રંગનાં લાગતાં વાદળાંરૂપી ઘરમાં સુરતોત્સવ કરતાં હતાં. કોઈ સ્થળે સિદ્ધની અને ગંધર્વોની કલ્પવૃક્ષનાં પુષ્પોની માળાઓના ગંધથી મનનું આકર્ષણ કરનારાઓ ને ચંદ્રના મંડળથી બહાર નીકળતા મનોહર પવનો વાતા હતા, કોઇ કોઇ સ્થળે મોટા મોટા સિદ્ધ લોકો જવાઆવવાથી વાયુના વેગને પણ અટકાવી દેતા હતા.

કોઇ સ્થળે વિદ્યાધરીઓનાં અને દેવીઓનાં વાહનો પોતાનો પડાવ નાખી બેઠાં હતાં કોઈ સ્થળે નિત્ય મદિરાનું પાન કરીને મત્ત રહેનારા યોગેશ્વરોનું મંડળ નૃત્ય કરતું હતું. કોઈ સ્થળે માણુસ તરીકે કહેવાતી દેવીઓનું મંડળ નૃત્ય કરતું હતું. કોઈ સ્થળે કુષ્માંડોનાં, રાક્ષસોનાં, અને પિશાચોનાં મંડળો ઉભાં હતાં. કોઈ સ્થળે સમુદ્રમાં જેમ તરંગો નૃત્ય કરે, તેમ આકાશના પ્રદેશમાં ડાકણોનાં ટોળાંઓ પણ નાચતાં હતાં. અને કોઇ સ્થળે કૂતરા, કાગડા, ઊંટ અને ગધેડાઓ વિગેરેના જેવાં મોઢાંવાળી યોગિનીઓ સેંકડો યોજન સુધી પોતાનો ભાવ પ્રગટ કરતી હતી.

કોઇ ઠેકાણે નારદ અને તુંબરૂ ગાયન કરતા હતા, કોઈ ઠેકાણે જીવનમુક્ત જનો નિષ્કામ વૃત્તિથી ભગવત્સ્મરણ કરતા હતા, કોઈ સ્થળે ભક્તજનોની આંખમાંથી અશ્રુનો પ્રવાહ ચાલી રહ્યો હતો, તો કોઈ ભક્તિના તાનમાં મગ્ન બની નૃત્ય કરતા હતા, કોઇ સ્થળે શાન્તિ તથા વિશ્રાન્તિ લેનારા મુનિઓ સમાધિ લઇને બેઠા હતા, કોઇ સ્થળે

કોલાહલ અને ક્રોધાદિક નહિ હોવાથી, શાંતિ પથરાઈ રહી હતી તેથી ક્રોધાદિક રહિત મહાત્મા પુરુષના ચિત્ત જેવું તે સ્થાન લાગતું હતું. અને કોઈ સ્થળે આનંદને લીધે મનોહરતા, શાંતતા અને નિર્મળતા હતી તેથી તે સ્થળ રાત્રિના વિસ્તારવાળા દૃશ્ય જેવું શોભતું હતું. આ પ્રમાણે ઉંમરાના ફળમાં જેમ મચ્છરો ભમે, તેમ, જેને વિષે ત્રણ લોકનાં પ્રાણીઓ ભટકતાં હતાં એવા સિદ્ધરાજ્યના ગર્ભપ્રદેશમાં અમે આવી પહોંચ્યા.

આ સિદ્ધરાજ્યના ગર્ભપ્રદેશની રાજ્યધાનીને લોકો સિદ્ધનગરી તરીકે આલેખતા હતા. અવિરત કદલી વનને અડકતા, અમૃત–ફીણના ઢગ–જેવા શ્વેત, દિશાએ દિશાએ આવેલા હાથીદાંતના ઝરૂખાથી તે શોભાવેલી હતી. તેની આજુબાજુ આકાશને જાણે સ્વચ્છ કરતી હોય તેવી સિદ્ધ–ગંગા નામની નદી ફરી વળેલી હતી. તેનું જલ દેવાંગના, અપ્સરા, વિદ્યાધરી અને સિદ્ધ–લોકની સ્ત્રીઓના કુચકલશથી ક્ષુભિત હતું; તેની સાથે સિદ્ધ–તપસ્વીઓ, વિશ્રાન્તિ લેનારા મુનિઓ તથા ભગવદ્‌ભક્તોની સ્વાભાવિક ક્રિયાઓથી પવિત્ર પણ હતું. અને સ્વર્ગગંગાના પ્રવાહની સમાન તેમાં કનકપદ્મનો સમૂહ હતો.

આવી સિદ્ધ–ગંગાથી વિંટાયલી સિદ્ધ–નગરી સકલોપજીવી છતાં પણ વિભવપ્રણયી હતી. વીર છતાં પણ તે લોકવિનયી હતી. પ્રિયંવદ છતાં પણ સત્યવાદી હતી. અભિરૂપ છતાં પણ સ્વપત્નીથી સંતુષ્ટ હતી. અતિથિજનોને આવવાની તે પ્રાર્થના કરતી હતી. છતાં પણ પરપ્રાર્થનાથી

અજ્ઞ હતી; છતાં પણ ધર્મોત્તેજક હતી અને અતિ-વીર્યવાન હતી છતાં પણ પરલોકથી ડરતી હતી. સન્ધ્યાના જેવી તે અરુણ હતી. દિવસની પેઠે મિત્રને અનુવર્તતી હતી. એમનો પ્રભોગ પ્રગટ છતાં પણ તે અખંડચારિત્રા હતી. પાર્વતીની પેઠે તે મહાસિંહાસનને ઉચિત હતી. અને અદિતિની સમાન તે હજારો દેવ-કુલથી સેવ્ય હતી. ટુંકમાં તે નગરી સર્વ-સંપત્તિના સંકેતસ્થાન જેવી હતી.

આથી સિદ્ધ-નગરીમાં આવ્યા પછી રાજ્યાનંદે પુષ્પક ધર વિમાનીને તેના સ્થાનકે પાછા જવાની આજ્ઞા આપી, જે તેણે સનમન સ્વીકારી વ્યોમ તરફની દિશા લીધી. પછી અમારા તરફ મુખારવિંદ ફેરવી તેણે અમને પૂછયું "સિદ્ધ-નગરીને લગતું તમારે કાંઇ પૂછવું છે?" એટલે મરૂભૂતિએ સવિનય પ્રત્યુત્તર આપ્યો, કારણ કે તેના અત્યંત આગ્રહથી અમે આ નગરી જોવાને પ્રેરાયા હતા. ભગવન્! આપની કૃપા જ અમારા સર્વ પ્રશ્નોનું સમાધાન છે. છતાં પણ જ્યારે આપે અમને પ્રશ્ન પૂછયો ત્યારે અમે જણાવીએ છીએ, કે આ સિદ્ધ-નગરીનો રાજવી કોણ છે? કયા કયા ગુણથી અલંકૃત છે? કારણ કે આ નગરીનું અવલોકન કરતાં, તથા તેની વ્યવસ્થા આલેખતાં અમે એટલું તો કલ્પી શકીએ છીએ, કે એ ખરેખર મહાન તેજસ્વી વ્યક્તિ હશે. અન્યથા આ રાજ્યની વ્યવસ્થા ભગવાન સિદ્ધાનંદે કરેલી છે, કે, તે એ રાજનનીજ મહત્કૃતિનું પરિણામ છે? એટલે જ્યારે મરૂભૂતિએ પ્રશ્ન કર્યો ત્યારે તેણે સંક્ષેપથી જ પતાવ્યું કે "તમારા સર્વ પ્રશ્નોનું સમાધાન એ રાજનની સ્વયંગિરાથીજ

થશે. માટે ચાલો આપણે પ્રથમ તેને જ મળીએ, પરન્તુ એટલું તો અવશ્ય ધ્યાનમાં રાખવું જોઈએ કે દર્શિત વસ્તુ કરતાં દર્શન કાંઈ વધારે ન કરી શકે. "અસ્તુ" એમ બોલી તેણે અમને સંજ્ઞાથી તેની પછવાડે પછવાડે ચાલવાની આજ્ઞા આપી અને એક પણ શબ્દનો ઉચ્ચાર કર્યા વિના મૌન ગ્રહણ કરી અમે તેની પછવાડે પછવાડે ચાલ્યા.

ઉપર પ્રમાણે રાજ્યાનંદે બતાવેલે માર્ગે સવિનય આગળ ચાલતાં ચાલતાં અમે ભેગા કરેલા ત્રિભુવન જેવા વિશાળ રાજ્યગૃહમાં પ્રવેશ કર્યો. તે રાજ્યગૃહની દ્વારભૂમિ પાસે સુવર્ણની છડીવાળા, શ્વેત કલશવાળા શ્વેત અંગલેપવાળા શ્વેત કુસુમશેખરવાળા, શ્વેત ફેંટાવાળા ટુંકામાં શ્વેત વેષને લીધે, શ્વેતદ્વીપમાં જ જાણે ઉત્પન્ન થએલા હોય એવા જણાતા, કૃતયુગના પુરુષ જેવા મ્હોટાં શરીરવાળા અને ચિતરેલા કે કોતરેલા હોય એમ અહર્નિશ તોરણસ્તંભ સમીપ જ બેસી રહેતા દ્વારપાળો ભરાયેલા હતા, તે રાજ્યગૃહની અંદર શોભામાં કૈલાસ પર્વતને પણ હઠાવતા અને આકાશ સુધી પહોંચતા મ્હોટા મ્હોટા મ્હેલ આવેલા હતા. તેની બારીઓમાંથી અપ્સરાઓ, દેવાંગનાઓ અને વિદ્યાધરીઓનાં ભૂષણનાં હજારો કિરણ અંતરિક્ષમાં પ્રસરતાં હતાં. તેની ઉપર જાણે સુવર્ણમય શૃંખલાઓ પાથરી દીધી હોય, એવું તે રાજ્યગૃહ શોભતું હતું. તેની અંદર શસ્ત્રના ભંડારવાળી સર્પ–કુલથી ભરેલી પાતાલની ગુફાઓ જેવી, અતિ ગંભીર આયુધ–શાલાઓ રચેલી હતી, સિદ્ધાંગનાઓના ચરણ ઉપરના અલક્ત–રસ જેવા રાતા રાતા જેમાં

મણિના કટકા દેખાતા હતા અને જેના શિખરોમાં ભરાઇ બેઠેલા મયૂરો કેકારવથી કલકલ કરી મૂકતા હતા. એવા ક્રીડાપર્વતો ત્યાં શોભી રહ્યા હતા. આ ક્રીડાપર્વતો પાસે માનસ-સરોવર જેવાં સુવર્ણકમળથી સુશોભિત કલહંસોથી ગુંજિત ક્રીડાસરોવરો આવેલાં હતાં. એક બાજુએ ગજશાળા, અશ્વશાળા, પક્ષિશાળા અને વાહન-શાળાઓ આવી રહેલી હતી. ન્યાયસભામાં અતિ ઉચ્ચ આસન ઉપર બેઠેલા અને જાણે ધર્મરાજ હોય, એવા ધર્માધિકારી મહાસિદ્ધ પુરુષો તે રાજ્યકુલમાં દેખાતા હતા. સર્વલોક અને સ્થળનાં નામ પાઠે હોવાથી આખા બ્રહ્માંડને જાણે એક જ ગૃહ હોય એમ જોતા, અને સકલભુવનના વ્યાપાર લખવાથી જાણે ધર્મરાજના નગરનો દેખાવ આપતા અધિકરણ-લેખકો ત્યાં હજારો શાસનો લખ્યા કરતા હતા. વળી ત્યાં સભામાં ગયેલા દેવતાઓ, લોકપાળો, સિદ્ધો, વિદ્યાધરો આદિની બહાર આવવાની રાહ જોતા તેમના સેવક-જનો સ્થાને સ્થાને ટોળામાં ઉભા હતા. એ રાજ્યગૃહના અત્યન્તરમાં અંતઃપુર હતું. ત્યાંના મેના પોપટને રતિ-ક્રીડાની રહસ્ય વાત પ્રકાશ કરતાં સાંભળી અંતઃપુરની પ્રમદાઓ લજ્જા પામતી હતી, અને તેને સાચવવા વય ઝાઝી છતાં પણ વૃદ્ધ સિંહસમાન સત્ત્વનો આધાર રાખી રહેતા કંચુકીઓ હતા. તે રાજ્યગૃહનો સભામંડપ નિર્મલ મણિભૂમિમાં પડેલાં મુખપ્રતિબિંબ વડે, વિકસિત કમલ-સમૂહને જાણે ઉત્પન્ન કરતો હોય અને ચાલતાં ચાલતાં ઝમકતાં નૂપુર, કંકણ તથા રસનાનો શબ્દ કરતી અને સ્કંધ ઉપર કનક દંડવાળાં ચામર મૂકીને વારંવાર જતી આવતી અપ્સરાઓથી ભરાઇ ગયો હતો.

રાજ્યાનંદે બતાવેલા માર્ગે પગલે પગલે રાજ્યગૃહના સભામંડપમાં પ્રવેશ કરતાંજ આચારમાં કુશળ એવી અંતઃપુરની વૃદ્ધસિદ્ધાંગનાઓએ, અંદરથી, બ્હાર આવીને અમને અર્ધ્ય પાદ્યાદિ પૂજાથી પૂજી પુષ્પથી વધાવી લીધા. આવો અતિથિ–વિવેક અમે આ લોકમાં જોઈને આશ્ચર્ય પામ્યા વિના રહ્યા નહિ. મોટાએ કરેલી નાનાની પૂજા તો અમે આ લોકમાંજ દીઠી, અને અમારા દેશમાં આવો રિવાજ નથી, એ જાણી અમને અત્યંત શોક થયો. અમે ઘડીભર વિચાર કર્યો કે અમારા દેશમાં કોઈ વિરલ સ્થળેજ અતિથિસત્કારનો વિવેક પ્રચલિત છે. અને તે પણ મહાન અતિથિનો જ સત્કાર થાય છે. અન્ય સ્થળોએ તો જડવાદના વિખવાદે કરીને આ રિવાજને પણ ક્રમેક્રમે અગ્રાહ્ય કરી મૂકયો છે. શોચનીય છે, કે ભગવાન મનુએ કરેલા મનુષ્ય માટેના રિવાજ મનુષ્યથી ઉત્તર વર્ગના સિદ્ધલોકમાં જોવામાં આવે છે. ત્યારે તેનાંજ સંતાનો તેના બાંધેલા ક્રમથી વિપથે ચાલવા લાગ્યાં છે!!

ઉપર પ્રમાણેની અમારી વિચારમાળા ચાલી, ન ચાલી એવામાં તો વિવિધ પ્રાણીથી ભરેલા સાત ઓરડા ઓળંગીને અમે અભ્યન્તરમાં નીલ પુલિનથી શોભતા, સ્વર્ગ–ગંગાના જલમાં દેવ–ગજ તેમ હંસ જેવાં શ્વેત શયન ઉપર બેઠેલા સિદ્ધ–રાજ્યાધિકારી, સિદ્ધરાજનને દીઠા. અમારા દેશમાંના નલ, નહુષ, યયાતિ, ધંધુમાર, ભરત, ભગીરથ અને દશરથ જેવા, પ્રજાની પીડા હરનાર એ રાજન્ હતા, પોતાના ભૂજબલથી જ તેમણે આખોય રાજ્ય–પ્રદેશ વશ

કર્યો હતો. ત્રણેય પ્રકારની રાજ્યશક્તિ–પ્રભુત્વ–મંત્ર–અને ઉત્સાહ તેમને પ્રસન્ન હતી. નીતિશાસ્ત્રમાં તેમની બુદ્ધિ ઘણી ઉંડી પહોંચતી હતી. ધર્મશાસ્ત્રનું તેમણે અધ્યયન કર્યું હતું. તેજ અને કાન્તિમાં સૂર્યચંદ્ર સમાન તે હતા. અનેક યજ્ઞો કરવાથી પોતે પવિત્ર થયા હતા. સકલ–મંડળનાં સંકટ તેમણે ભાગ્યાં હતાં અને શૂરસમાગમને જ શોધનારી, હસ્તમાં પ્રફુલ્લ કમળ ધારણ કરનારી લક્ષ્મીએ કમળ–વનનો ત્યાગ કરી. નરાયણના વક્ષઃસ્થળમાં રહેવાનું સુખ ન ગણકારી, તેમને નિષ્કપટ આલિંગન દીધું હતું. મ્હોટા મ્હોટા મુનિજનોએ સેવેલા દેવગંગાના પ્રવાહની જેમ તે સત્યના જન્મકેતુ હતા. ગ્રહગણની પેઠે તે બુધથી અનુગત હતા. શેષનાગના જેવા તે ક્ષમાના ભારથી ગુરુ થએલા હતા. ગંગાપ્રવાહની પેઠે તે મહાવંશમાંથી ઉત્પન્ન થએલા હતા. ધર્મનો જાણે તે અવતાર હતા અને પુરુષોત્તમના જાણે પ્રતિનિધિ હતા. આવા સ્વયંભૂસમાન સિદ્ધ–રાજનની ચોતરફ અહર્નિશ શસ્ત્રગ્રહણ કરવાથી શ્યામ પડી ગએલી હાથેલીયો વાળા તથા કર, ચરણ અને ચક્ષુ શિવાય આખે શરીરે શ્યામ કવચથી ઢંકાઈ ગયેલા, અને કુલક્રમાગત, વિખ્યાત વંશના નૃપતિ ઉપર અનુગ્રહ રાખતા, તથા મહાવીરતા અને અતિકર્કશતાને લીધે જેમનાં પરાક્રમ, દાનવોની સમાન તેમના મન અને આકાર ઉપરથી જ કળી શકાય એમ હતાં, એવા શરીરરક્ષાના અધિકારી પુરુષો ઉભા રહેલા હતા. અને બન્ને બાજુએ અપ્સરાઓ તેમને નિરંતર શ્વેત ચામર ઢોળ્યાં કરતી હતી.

રાજ્યાનંદે 'જુઓ' એમ કહ્યું કે તરત જ અમે અમારાં મસ્તક ભૂમિપર્યંત નમાવી અને રાજનને પ્રણામ કર્યા એટલે પધારો ! પધારો ! નરવાહન ! મરુભૂતિ ! ગોમુખાદિ ! હું તમારા સર્વેય મનોભાવ જાણું છું, એમ બોલી પોતાની સમીપના આસન ઉપર બેસવાની હાથવડે ચેષ્ટા કરી. અમે હાર બંધજ હતા. અને તેમના ત્રિકાલજ્ઞાનની તાદ્દશતાનો વિચાર કરતા કરતા અમે દર્શાવેલા સમીપના આસન ઉપર બેઠા. ચામર ઢોળવાં ભૂલી જઇ નિશ્ચલ થઈ ગયેલી અપ્સરાઓ ત્યાં અભિલાષયુક્ત, પવનથી હાલતા કમલપત્રના હાર જેવા દીર્ઘ, અને વાંકી ફરતી કીકીયોથી વિચિત્ર લાગતા કટાક્ષ અમારી ઉપર ફેંકવા લાગી. પરન્તુ માયાના પાશે નહિ વળવાની અમને ભગવાન્ સિદ્ધાનંદની આજ્ઞા હતી. અને તે ભગવાનની આજ્ઞા લોપવી એ સ્વયં મૃત્યુના મુખમાં ઝંપલાવવા સમાન હોવાથી અમે કામરુદેશની આ સ્વયં જનેતાઓથી અમારાં મુખ નીચાં રાખી, સર્વેય મનોબળ એકત્ર કરી, નિશ્ચલ રહ્યા.

આમ થોડીવાર ચાલ્યા પછીથી સિદ્ધરાજને રાજ્યાનંદ તરફ મુખારવિંદ ફેરવી ઉચ્ચાર કર્યો—રાજ્યનંદ ! મેં અત્યાર સુધી તો તારી દરકાર કરી નહિ પરંતુ તું તો મારૂં દ્વિતીય અંગજ છે. આવ ! આવ ! એમ બોલતાં બોલતાં રાજાએ દૂરથીજ બાહુ પ્રસારી, શયનતલ ઉપરથી જરા ઉંચા થઈ, આનંદાશ્રુથી ભરાતાં લોચન સહિત, રોમોદ્ગમને લીધે જાણે તે રાજ્યાનંદને પોતાની સાથે સીવી લેતા હોય એમ આલિંગન દીધું. અને ખરેખર બન્યું પણ તેમજ !

અમારી આશ્ચર્યમુગ્ધતાની અંદર રાજ્યાનંદ અને સિદ્ધ-રાજન એક સ્વરૂપે થઇ ગયા. રાજ્યાનંદનું તેજ પુરુષમાં જેમ પ્રકૃતિ સમાઇ જાય, અગર આત્મા પરમામાં સમાઈ જાય, એમ સમાઈ ગયું. આ વખતે અમને એમજ લાગ્યું કે ખરેખર આ એક માયાવી ઇંદ્રજાલિકોનોજ પ્રદેશ છે.

અમારી આશ્ચર્યમુગ્ધાતાનો અંત સિદ્ધ રાજને સ્વગિરાથી જ કર્યો. આમાં તમારે આશ્ચર્ય પામવા જેવું કાંઇજ નથી. ભગવાન્ સિદ્ધાનંદે તમને કહ્યું હતું, કે " અહીંઆંથી પાંચસો યોજન દૂર અમારો સિદ્ધ રાજ્યનો પ્રદેશ છે. જ્યાં અમારી સર્વેય સિદ્ધિઓ વસે છે. આ તેજ સિદ્ધપ્રદેશ છે, એ તમારે ભૂલવું જોઇતું નથી. મરુભૂતિના કથનથી જ્યારે ભગવાન્ સિદ્ધાનંદે મારૂં સ્મરણ કર્યાં કે તરત જ તેમની આજ્ઞાનુસાર જેમ એક જ અવ્યકતનાં બે વ્યક્ત સ્વરૂપ પડે તેમજ કામરૂપ સિદ્ધિના પ્રભાવે મારી એકજ અવ્યક્ત જાતનાં બે વ્યક્ત સ્વરૂપ મેં કર્યાં. એક સ્વરૂપ રાજ્યાનંદનું અને અન્ય સત્ય સ્વરૂપ સિદ્ધરાજનનું, પ્રથમના સ્વરૂપથી હું તમને અત્રે લઇ આવ્યો છું. અને દ્વિતીય સ્વરૂપથી હું તમારી સમક્ષ, જેવો દેખાઉં છું. તેવોજ સત્ય છું. પ્રથમના અસત્ય સ્વરૂપનું જ્યારે કાર્ય સમાપ્ત થયું. ત્યારે તે તેના સત્ય સ્વરૂપમાં લય પામ્યું. વળી તમને રાજ્યાનંદ સ્વરૂપે મેં કહ્યું હતું કે:—

" દર્શિત વસ્તુ કરતાં દર્શન કાંઇ વધારે ન કરી શકે." એ વસ્તુનો વિવેક આ જ હતો. તમારી પ્રથમની જિજ્ઞાસા એ હતી કે " આ રાજ્યની વ્યવસ્થા ભગવાન્ સિદ્ધનંદે

કરેલી છે કે એ મારી મહદ્‌વૃત્તિનું જ પરિણામ છે? આના ઉત્તરમાં મારે તમને સંક્ષેપમાં એમજ જણાવવાનું છે કે જે કાંઇ છે તે ભગવાન્ સિદ્ધાનંદનું જ છે, આ સર્વેય વ્યવસ્થા પણ તેમણે જ કરેલી છે. અમારૂં કાર્ય તો ફકત તેમણે કરેલી વ્યવસ્થાનું સંરક્ષણ કરવાનું જ છે. આ રાજ્યમાં જે કંઇ તમે જોશો. યા તો અનુભવશો તે સર્વેય એ ભગવાન્ સિદ્ધાનંદનીજ વિભૂતિનું પરિણામ છે. અમે તો ફકત તેમના શિષ્યજન જ છીએ. બોલો હવે શી છે, જિજ્ઞાસા ! તેમના આ પ્રશ્ન ઉપરથી મરૂભૂતિએ સવિનય ઉત્તર આપ્યો. “રાજેન્દ્ર ! જો આપ નામવર્ય અમારી ઉપર ખરેખર પ્રસન્નજ થયા છો. અને જો આપ શ્રીમાન્ અમારા હૃદયની જિજ્ઞાસા સંપૂર્ણ રીતે પૂર્ણ કરવા માગતા હો, તો આ સિદ્ધરાજ્યના બંધારણની મુખ્ય વિભૂતિઓનો કાર્યક્રમ અમને ક્રમશઃ વર્ણ-વવા કૃપાવંત થશો. મરૂભૂતિના આ પ્રશ્ન ઉપરથી રાજને પ્રભાસમું સુભગ હાસ્ય કરી, પ્રત્યુત્તર આપ્યો,–હાલમાં તો તમે થોડો આહારવિહાર કરી, વિશ્રાન્તિ પામો પછીથી અમારા મુખ્ય મંત્રીમાંના એક મંત્રી લક્ષ્મીવર્ય પાસેથી તમારી જિજ્ઞાસા સંપૂર્ણ કરવાની, અમે સમય મેળવી વ્યવસ્થા કરીશું.

આ વાત ચાલતી હતી, તેવામાં સૂર્ય આકાશના મધ્યભાગમાં આવી પહોંચ્યો છે. એમ સૂચવતો મધ્યાહ્નકાળનો શંખનાદ, પ્રહરને અંતે વગાડેલી નોબતના શબ્દની સાથેજ થયો. તે સાંભળી, સ્નાનાદિક સમય પાસે આવ્યો એમ જાણી, સર્વ નૃપતિમંડળને, વિદાય કરી, સિદ્ધ–રાજના

સભામંડપમાંથી ઉઠયા. અમને પણ તેમની સાથે સાથે ચાલવાનું તેમણે હાથ અને નેત્રવડે સૂચન કર્યું. જેથી અમે પણ અમારો માર્ગ તેમની સાથેજ લીધો. પ્રથમ અમે વ્યાયામશાળામાં ગયા. ત્યાં સમાન વયના સિદ્ધ રાજપુત્રો સાથે અમે થોડી થોડી અંગકસરત કરી. સ્વેદબિંદુથી અમારૂં શરીર અલંકૃત કરી દીધું. પછી સ્નાનની સામગ્રી કરવાની ત્વરામાં આમતેમ આગળ દોડતા સેવકજનોને લીધે, તે વખતે રાજ્યગૃહમાં થોડો થોડો કોલાહલ થઈ રહ્યો હતો. પછીથી છડીદારોએ બતાવેલે માર્ગે અમે સ્નાનભૂમિમાં ગયા. ત્યાં એક ધોળા વસ્ત્રનો ચંદરવો બાંધી દીધો હતો. અસંખ્ય ગંન્ધર્વો ટોળાં બાંધી બાંધીને બેઠા હતા. એ ઓરડાની વચમાં ગન્ધોદક ભરીને અગીઆર કનકમય કુંડીઓ મૂકેલી હતી. સ્નાન કરવા સારૂં સ્ફટિકમણિના ત્યાં અગિઆર બાજઠ મૂકવામાં આવ્યા હતા. અને તેના એક ભાગમાં મૂકેલી અતિશય સુગન્ધિજળથી પૂર્ણ, જાણે જળ ઉષ્ણ થઇ જશે એવી સ્નાન–કળશોથી તે ભૂમિ શોભાયમાન થઇ હતી. અપ્સરાઓએ હાથથી સુગન્ધિ આમળાં ચોળીને અમારે માથે લેપ કર્યો પછી; જ્યારે અમે મોટી કુંડીમાં સ્નાન કરવા ઉતર્યા. ત્યારે અમારી આસપાસ સ્નાન કરાવવા આવેલી અભિષેક દેવતાઓ જેવી, કેટલીક અપ્સરાઓ ઉભી રહી. તેઓએ પોતાનાં સ્તનને વસ્ત્રવડે દૃઢ બાંધી દીધાં હતાં. હાથ ઉપરનાં કંકણ બહુ ઉંચે ચઢાવી દીધાં હતાં. પગનાં આભૂષણ કાઢી મૂકયાં હતાં, કપાળ ઉપર આવતી વાળની લટોને વાળ તરફ વાળી દીધી હતી. અને હાથમાં

પાણીના કલશ લીધા હતા. ત્યાં મરકતમય કલશથી વસ્ત્રને લીધે કાળી પડવાથી જાણે પત્રપુટ સહિત પ્રત્યક્ષ નલિનીઓ હોય એવી દેખાતી કેટલીક અપ્સરાઓએ અમારા ઉપર જળની ધારા કરી, કેટલીકે રૂપાના કળશ હાથમાં લઈને, પૂર્ણ ચંદ્રમંડળમાંથી નીકળતા પ્રકાશવડે જેમ રાત્રિઓ સ્નાન કરાવે, તેમ અમને સ્નાન કરાવ્યું. કળશ ઉંચા થવાથી થએલા શ્રમસ્વેદ વડે પલળેલાં શરીરવાળી, કેટલીક અપ્સરાઓએ સ્ફાટિકમણિના કળશથી તીર્થોદક વડે અમને સ્નાન કરાવ્યું. મલયાચળની નદીઓના જેવી કેટલીક અપ્સરાઓએ અમને ચંદનરસ નાખેલા જળથી સ્નાન કરાવ્યું. જળધારા વાળી જળયંત્ર દેવતાઓ જેવી દેખાતી કેટલીક અપ્સરાઓએ અમને સ્નાન કરાવ્યું. અને શીતળતા હરણ કરવાને સારૂં જાણે બાળસૂર્યની પ્રભા છાંટતી દિવસશ્રીઓ જેવી કેટલીક અપ્સરાઓએ અમને સ્નાન કરાવ્યું. તેજ વેળાએ જોરથી વગાડેલી હજારો નોબત, ત્રીતર, મૃદંગ, વેણુ અને વીણાના ગીત–સ્વર સાથે આવતો, બંદીજનોનાં ટોળાંના કોલાહલમાં ભળેલો, અને પૃથ્વીની ગુફાઓમાં વ્યાપતો, ઘણા સ્નાન-શંખનો ગર્જના કરતો ધ્વનિ, કાનને જાણે ફોડી નાખતો હોય, તેમ બધે ગાજી રહ્યો.

એવી રીતે સ્નાનનો અનુક્રમ થઇ રહ્યા પછી અમારૂં શરીર પાણીથી ધોવાઇને શરદઋતુના આકાશના એક ભાગ જેવું નિર્મળ થયું. સાપની કાંચળી જેવાં ઝીણાં અને સ્વચ્છ વસ્ત્ર અમે પહેર્યાં. પછી પિતૃતર્પણ કરી મંત્રવડે પવિત્ર જળની અંજલિથી સૂર્યદેવતાને નમસ્કાર કરી દેવાલયમાં

જઈ ઇષ્ટદેવનું સ્મરણ કરી, હોમ વિગેરે કરીને લેપ કરવાના ઓરડામાં ગયા. ત્યાં જેના પરિમલથી ભ્રમરોનાં ટોળાં ચોતરફ ગુંજાર કરી રહ્યાં હતાં એવા કસ્તુરી કર્પૂર તથા કેસરની વાસથી સુગન્ધિત થએલા ચંદનવડે સર્વગાત્રને લેપ કરી, રાજનની સાથે અમે પણ મનગમતા રસના સ્વાદથી આનંદ પામીને ભોજન લીધું. જમ્યા પછી મુખવાસ કરી પરિજનોએ બતાવેલે માર્ગે અમે પાછા સભાગૃહમાં આવ્યા. સભામાં ગયા પછી સિદ્ધરાજને જરા દૂર ઉભેલા પ્રતિહારીને હુકમ કર્યો કે " જા આ અતિથિ રાજનોને જાણવાની જિજ્ઞાસા હોય, તેનો સ્વજાતેજ અને સ્વજાતેજ બંદોબસ્ત કર, " એટલે તેણે ભૂમિ ઉપર પોતાનાં ઢીંચણ સાથે હથેલીઓ મૂકીને ' જેવી દેવની આજ્ઞા ' એમ કહી તે હુકમને માથે ચઢાવી આજ્ઞા પ્રમાણે કર્યું.

પ્રતિહારીની પછવાડે પછવાડે અમે પણ લક્ષ્મીવર્યના ગૃહદ્વારે આવી પહોંચ્યા, અને અમારા આગમનના તેણે સમાચાર પહોંચાડયા પછી, આમંત્રણ આપ્યાથી અમે; લક્ષ્મીવર્યને મળ્યા અને તેમના બતાવેલા આસનો ઉપર યથાયોગ્ય રીતે બેઠા. પછીથી તે સુભગ લક્ષ્મીવર્યે અમને અભિનંદન આપ્યા બાદ નીચે પ્રમાણે વૃતાન્ત શરૂ કર્યું.

પુનિત મનુ બાળકો ! પ્રભુના અને મનુષ્યના પ્રેમાર્થે હું તમને અમારા સિદ્ધરાજ્યના બંધારણની મુખ્ય વિભૂતિઓનો કાર્યક્રમ, જ્યાં સુધી મારો અધિકાર હશે. ત્યાં સુધી ક્રમશઃ વર્ણવીશ. અમારા સિદ્ધરાજ્યના બંધારણની

મુખ્ય વિભૂતિઓ અથવા અંગ વિભાગિકાઓ અનુક્રમે સાત છે. (૧) લક્ષ્મી, (૨) વિદ્યા. (૩) નીતિ, (૪) ધર્મ, (૫) અભય, (૬) સંતોષ અને (૭) તપ એ સાતેય અંગવિભાગિકાઓ ઉપર આખ્ખીય સિદ્ધ–રાજ્યરૂપી ઇમારતનું ચણતર કરવામાં આવ્યું છે. લક્ષ્મી અને વિદ્યા, આ ઇમારતના બે મહાન વજ્રપાયા છે. નીતિ અને ધર્મ આ ઇમારતના મિનાર અને હૃદય છે. અભય આ ઇમારતનો આત્મા છે. સંતોષ એનું લક્ષ્યસ્થાન છે. અને તપ એનું તાત્પર્ય છે. મારો અધિકાર આ સાત અંગ–વિભાગિકાઓમાંથી પ્રથમની અંગ-વિભાગીકા "લક્ષ્મી" સુધીનોજ હોવાથી હું તમને તેનું જ યથાસ્વરૂપ અને યથાપ્રાપ્તિનું વર્ણન કરીશ. પછીથી હું તમને આ રાજ્યમાં લક્ષ્મીપ્રાપ્તિનાં કયાં કયાં સ્થાન છે. તેનું સંક્ષેપમાં વર્ણન કરીશ.

ઐશ્વર્યના મુકુટરૂપ, મહદ્ ભાગ્યના પ્રકાશરૂપ, જય-વિજયના નિશાનરૂપ, વિશ્વના અંબાર રૂપ, સંસારના સાર રૂપ, ને સકલોપજીવનના આધારરૂપ, "લક્ષ્મી" અમારો તેમજ કોઈ પણ રાજ્યના ઉત્કર્ષને ઉન્નતિનો પ્રથમ વજ્રપાયો છે. જે રાજ્યમાં ભગવતી લક્ષ્મીનો વાસ નથી, તે રાજ્યમાં પ્રલયકાળ સમાન દારિદ્રય, હીનતા ને દુઃખ તેમનાં મૃત્યુ સમાન વિકરાળ જડબાં પ્હોળાં કરીને પ્રજાજનોનો તેમજ રાજ્ય કુટુંબીઓનો ગ્રાસ કરવાને તત્પર થાય છે. મૂળમાંથી ખવાઈ ગએલા ને ધરણીતલ થવાની ક્ષણ ઉપર આવેલા વૃક્ષમાંથી જેમ પંખીઓ ઉડી જાય છે, તેમજ લક્ષ્મીહીન રાજ્યમાંથી સત્ત્વ ઉડી જવાથી, સેવકજન, અધિકારીજન, ને

મંત્રીજન એક પછી એક એમ વીખરાઈ જાય છે. વસન્તમાં ખીલેલાં પુષ્પ જેમ ગ્રીષ્મમાં કરમાઈ જાય છે, તેમજ રાજ્યકુટુંબનો પરિવાર સાધારણ મનુષ્યના સમાન થઈ જવાથી, અતિદુઃખી અવસ્થા પ્રાપ્ત કરી, કરમાઈ જાય છે. મૃત્યુના મુખમાં આવી પડેલા જેમ પુનર્જીવનનો પોકાર કરે છે તેમજ દારુણ ને ત્રાસદાયક સ્વાર્થી રાજ્યાધિકારીઓના જુલમથી પ્રજાજન **पाहिमाम् ! पाहिमाम् !** દારિદ્રય, દીનતા ને દુઃખને શાપ આપતા પુનર્જીવનનો પોકાર કરે છે. જીવનનિર્વાહ નહિ મળવાથી પ્રજાજન તેમજ રાજ્યકુટુંબનાં ચારિત્ર્ય, અસ્થિર મનવાળાંના સમાન શિથિલ થઈ જાય છે. અનેકાનેક પુણ્ય-મન્દિરો, વિદ્યામન્દિરો, સદાવ્રતમન્દિરો ને દાનમન્દિરોના મહિમાધ્વજ અસ્ત પામતા ચન્દ્રની સમાન ફીકા પડી, કરમાઈ જતા કમળની માફક કરમાઈ જઈ, નાશ પામતા દીપકની માફક છેલ્લો પ્રકાશ આપી, નીચે નમી જાય છે. રાજ્યના સંત, મહાત્મા, મુનિ ને તપસ્વી જનોની ઉપર અપરંપાર દુઃખ આવી પડવાથી, કમભાગ્યના શાપ વર્ષે છે. ધર્મ, દાન, તપ, તેમજ યજ્ઞની ક્રિયા ઓ, થઈ શકતી નથી, તેથી દેવતાઓ અસંતુષ્ટ થાય છે, જેથી વર્ષાદ વર્ષતો નથી, ધાન્ય પાકતું નથી, ને સકળ રાજ્યને દુષ્કાળ આવી પીડે છે. તે ઉપરાંત કૃષી, વ્યાપાર, હુન્નર ઉદ્યોગ ને કળામંદિરો સર્વ છિન્ન ભિન્ન થઈ નાશ પામે છે. અને પરદેશી રાજ્યોના હુમલાઓ ને ત્રાસો સહન કરવા પડે છે તે તો જુદા જ, અર્થાત્ લક્ષ્મીહીન રાજ્યમાં શું શું નથી થતું ? ?:—

ક્યા કારણથી ભગવતી લક્ષ્મીનો આટલો બધો મહિમા વધ્યો, તે સમજવું દુર્લભ છે, પરંતુ તપાસ કરતાં

અનેક કારણોમાંનું એક સધર્મ કારણ એ મળી આવે છે, કે જે વખતે દેવતાઓએ અને દાનવોએ ક્ષીર-સાગરનું મન્દરાચળ પર્વત વડે, અને વાસુકીનાગને દોરડે, મન્થન કર્યું, ત્યારે સાગરરાજ ક્ષીરે, લક્ષ્મી, કૌસ્તુભ, પારિજાતક, સુરાર્યા, ધન્વન્તરી, ચન્દ્રમા આદિ ચૌદ રત્નો સમર્પણ કર્યાં. અન્ય રત્નો સહુ સહુના ગુણ અને મહિમા પ્રમાણે સહુએ વહેંચી લીધાં. પરંતુ ભગવતી લક્ષ્મીને વહેંચતાં દેવતાઓ અને દાનવો વચ્ચે તકરાર થઈ. અંતે દેવતાઓના રાજા ઇન્દ્રે, અને દાનવોના રાજા બલિએ કેટલાક દેવતા અને કેટલાક દાનવોની નિશ્ચયકારિણી સભા ભરી. આ સભાએ ત્રણ દિવસ સુધી, પૂર્ણ વિચાર કરી, અંતે એવો અભિપ્રાય દર્શાવ્યો કે ભગવતી લક્ષ્મીએ સ્વયં પોતાની ઇચ્છાનુસાર ગમે તે કોઈ દેવતા અથવા ગમે તે કોઇ દાનવને વરમાળા આરોપવી. તે વખતે જે વિધિ કરવામાં આવી, તે સ્વયંવરવિધિ તરીકે આલેખાઈ, અને જે સ્વયંવર રચાયો તે લક્ષ્મીસ્વયંવર તરીકે આલેખાયો અને આ ઉપરથીજ ત્રિલોકમાં સ્વયંવરવિધિની ચાલ પ્રસરી રહી છે. અત્રે ભગવતી લક્ષ્મીના માટે રચવામાં આવેલા લક્ષ્મીસ્વયંવરમાં ભગવતી લક્ષ્મીએ ભગવાન વિષ્ણુને પોતાની વરમાળા આરોપી. સર્વ દેવતાઓ અને દાનવો કરતાં અધિક રત્ન મળવાથી અહોભાગ્ય માની ભગવાન વિષ્ણુએ ભગવતી લક્ષ્મીને પટરાણીપદથી અલંકૃત કરી, તેમનું માન વધાર્યું. ભગવાન વિષ્ણુની આ પથિકાનું પ્રથમ દેવતાઓએ ઈર્ષ્યાથી અનુકરણ કર્યું. અને ધન અને વૈભવ સ્વરૂપ લક્ષ્મીજી ને ચહાવા લાગ્યા. ત્યાર પછીથી દાનવોએ અનુકારણ કર્યું, અને

સમયાનુસાર આખાય ત્રિલોકે અનુકરણ કર્યું. તમારા ભારત વર્ષમાં તો વળી આસોવદ ત્રયોદશીનો દિવસ અને નૂતન વર્ષ પ્રથમ દિવસ, એ લક્ષ્મીપૂજનના દિવસો તરીકે આલેખાયા આ પ્રમાણે સકળ ત્રિલોકમાં ભગવતી લક્ષ્મીનો મહિમા વધ્યો.

હવે હું તમને રાજ્યલક્ષ્મીપ્રાપ્તિનાં મુખ્ય મુખ્ય સ્થળો કહું છું. (૧) સર્વે પ્રકારની દૃષ્ટિ અને તેના લાભ (૨) સર્વે પ્રકારના વ્યાપાર અને તેના લાભ (૩) સર્વે પ્રકારના હુન્નર ઉદ્યોગ અને તેના લાભ (૪) સર્વે પ્રકારનાં કળાકૌશલ્ય અને તેના લાભ (૫) સર્વે પ્રકારનાં વનસ્થળ અને તેના લાભ (૬) સર્વે પ્રકારનાં પૃથ્વીસ્થળે ઉત્પન્ન થતાં ધાન્ય ઘાસ વિગેરે, અને તેના લાભ (૭) સર્વે પ્રકારનાં જળસ્થળ અને તેના ઉપયોગના લાભ (૮) સર્વે પ્રકારની ધાતુઓ અને તેના ઉપયોગના લાભ (૯) સર્વે પ્રકારનાં રાજ્યસ્થળમાંથી મળી આવતાં રત્નાદિ, (૧૦) સર્વે પ્રકારનાં યંત્રો, જળયંત્રો, વાયુયંત્રો, વિદ્યુતયંત્રો અને પશુયંત્રો વિગેરે અને તેના લાભ (૧૧) સર્વે પ્રકારનાં ન્યાય મંદિરો અને તેમાંથી ઉપજતું મૂલ્ય (૧૨) સર્વે પ્રકારનાં શિક્ષામંદિરો અને તેમાંથી ઉપજતો દંડ (૧૩) સર્વે પ્રકારનાં વિલાસમંદિરો અને તેમાંથી કાઢવામાં આવતો રાજ્યદર (૧૪) સર્વેય પ્રકારનાં કારોબારી ખાતાં અને વિદેશ વ્યાપારના કર (૧૫) સર્વે પ્રકારનાં ઔષધિ સ્થળો અને તેમાંથી કાઢવામાં આવતો રાજ્ય હક્ક (૧૬) આ રાજ્યના હકુમત નીચે આવતા ખંડીઆ રાજાઓ, અને સામંતો પાસેથી ખંડણી (૧૭) પરાજય પામેલાં રાજ્યો પાસેથી

લેવામાં આવતો શિક્ષાકર (૧૮) સર્વે પ્રકારનાં વાહનસ્થળો (૧૯) સર્વે પ્રકારનાં વિહારસ્થળો અને (૨૦) પ્રજાસંરક્ષણ માટે લેવામાં આવતો કર. સર્વે :પ્રકારનાં વિદ્યામંદિરો ધર્મમંદિરો, યજ્ઞમંદિરો, દાનમંદિરો, અને તપમંદિરોના કર માફ.

પરન્તુ આ રાજ્યલક્ષ્મીનો પણ એક પ્રતિબંધ છે. અને તે અમુક અમુક સ્થળોમાંજ છે. જ્યારે જ્યારે રાજ્ય ઉપર મહાન સંકટ અને દુષ્કાળ આવી પડે છે. ત્યારે ત્યારે આ પ્રતિબંધનો ઉપયોગ કરવામાં આવે છે. પરંતુ નવાઈ જેવી વાત તો એ, છે, કે સિદ્ધરાજ્યના સ્થાપનથી તે અત્યાર સુધી કોઈ પણ સમય એવો આવ્યો નથી કે આ રાજ્યલક્ષ્મીનો પ્રતિબંધ થયો હોય, વળી દ્વિતીય આશ્ચર્યની વાત તો એ, છે, કે સહસ્રો વર્ષોથી ભાતભાતના લોક-સમૂહનો આ પ્રદેશ હોઇ, હજુસુધી એકપણ બનાવ બનવા પામ્યો નથી કે અહીંના રંકથી તે રાયસુધી અને શૂદ્રથી તે ઉત્તમ સુધી માંડીને એકપણ પ્રજાજન દરિદ્રતા, દીનતા, અને દુઃખથી ગ્રસિત થયો હોય, (કારણ કે સંકટના સમયે રાજ્યલક્ષ્મી તે પ્રજાલક્ષ્મીજ ગણવી એવો અહીંનો ધારો છે.) અને અન્યાયથી અપમાનિત થયો હોયઃ–(કારણ કે ન્યાયમંદિરો સત્ય પ્રમાણિકતા અને શુદ્ધ ચારિત્ર્યનાં પ્રતિમાસ્થાનો હોઇ, અસત્ય, અપ્રમાણિકતા, અને અન્યાયથી રાજ્યને કલંક લગાડે નહિ એવો અહીંનાં ન્યાયમંદિરોનો ધારો છે.) આ સર્વે અહીંઆંની રાજ્યનીતિનાજ પ્રતાપ છે.

ઉપર વર્ણવ્યા પ્રમાણે હું તમને લક્ષ્મીના ગુણ તેનો મહિમા, તેની પ્રાપ્તિ, તેના પ્રતિબંધ અને તેના ઉપયોગનું સંક્ષેપમાં વર્ણન કરી ગયો. હવે હું તમને તેના અવગુણ અને દોષનું વર્ણન કરૂં છું. જે સર્વસામાન્ય હોઈ, સર્વના હોઈ સર્વના ઉપયોગનું છે, માટે ધ્યાન દઈને સાંભળો.

ભગવાન્ વિષ્ણુએ ભગવતી લક્ષ્મીને પટરાણી પદે સ્થાપી તેનું માન વધાર્યું. પરન્તુ આ ભગવતીના કેટલા અવગુણ છે તેની, લેશ પણ દરકાર ન કરી, કારણ કે દુશ્મનની પુત્રીને સ્વગૃહે રાખવામાં કેટલા સચેત અને સમર્થ રહેવું જોઈએ તેનો તેમને સંપૂર્ણ ખ્યાલ હતો. તે તો મહાન્ અને સમર્થ હતા, તેથી ભગવતી લક્ષ્મીના સર્વે અવગુણ અને દોષ ગળી ગયા. પરન્તુ તેમના આ સમર્થનથી. આકૂખાય ત્રિભુવનને સહન કરવું પડયું અને આ રીતે ત્રિભુવનને તારનાર થઇ, તેનેજ ભગવતી લક્ષ્મીના પ્રતાપથી અકારણ વિપથે દોરનાર તે બન્યા, તેથી તેમણે એકપક્ષી ન્યાય કર્યો, એમ કહેવાય, કારણ કે આ સંસારમાં રહેલી, લક્ષ્મી લાંબો વખત સુધી સુખ આપતી નથી, પરન્તુ મોહ ઉપજાવી દુઃખ આપે છે. અને તેમાંથી નરક વિગેરે અનેક અનર્થો ઉત્પન્ન થાય છે. જેમ વર્ષાઋતુની નદી બહુ જ ઉછળતા મેલા જળના ઘણા તરંગોને ધારણ કરે છે અને તેઓને આડા અવળા ચલાયમાન કરે છે, તેમ લક્ષ્મીપણ અનંત મનોરથવાળા મલીન અને જડ એવા મૂર્ખ પુરુષોને ધારણ કરી રહેલી છે. અને તે મૂર્ખાઓને આડાં અવળાં ગોથાં ખવ-

રાખ્યા કરે છે. નદીઓને જેમ લહરીઓરૂપી અપાર દીકરીઓ હોય છે, તેમજ લક્ષ્મીને પણ ચિંતારૂપી અપાર દીકરીઓ છે. તે દુરાચરણોથી વૃદ્ધિ પામે છે, તથા સ્વભાવે ઘણીજ ચંચળ છે.

અભાગિની સ્ત્રી જેમ અગ્નિના અંગારાથી પગ દાઝી જવાને લીધે એક ઠેકાણે ઉભી ન રહેતાં આમ તેમ નાસભાગ કરે છે, તેમ અભાગિણી લક્ષ્મી પણ એક ઠેકાણે રહી કામ કરતી નથી, પરન્તુ ચોતરફ દોડધામ કર્યો કરે છે. દીવાની શિખાના એક ભાગને અડકવાથી જેમ હાથ સખત રીતે દાઝે છે, તેમજ લક્ષ્મીના એક ભાગનો પણ સ્પર્શ કરવાથી બહુજ દુઃખ થાય છે. અને દીવાની શિખામાં જેમ અંદર કાજળ રહેલું છે, તેમ લક્ષ્મીની અંદર કાજળ રહેલું છે. એ કાજળ તે મૃત્યુ છે. લક્ષ્મી રાજાની પ્રકૃતિના જેવી મૂઢ, તથા કષ્ટે કરીને મળી શકે તેવી છે. એ ગુણ-અવગુણનો વિચાર કર્યા વિનાજ પોતાની પાસે રહેનારા સામાન્ય મનુષ્યનો પણ આશ્રય કરે છે, દૂધ જેમ સર્પના વેગમાં વધારો કરે છે, તેમ જે જે દોષનો વધારો કરનારાં મિથ્યા કર્મો છે. તે તે યુદ્ધાદિ મલિન કાર્યો કરવાથીજ લક્ષ્મી વિસ્તાર પામે છે. પરન્તુ યાગાદિકથી વિસ્તાર પામતી નથી. વાયુએ જ્યાં સુધી ટાઢને તીક્ષ્ણ કરી ન હોય, ત્યાં સુધી તે ટાઢ શીતળ અને કોમળ લાગે છે, તેમ લક્ષ્મીએ જ્યાં સુધી મનુષ્યને તીક્ષ્ણ કર્યો ન હોય, ત્યાં સુધી તે પોતાનાં અને પારકાં મનુષ્યને ઠંડો તથા કોમળ લાગે છે. ધૂળની મૂઠીથી જેમ ચણીઓ પણ મલીન થઈ જાય છે, તેમ

લક્ષ્મી વડે ડાહ્યા, શૂરવીર, કૃતજ્ઞ, ચતુર અને કોમળ પુરુષો પણ મલિન થઈ જાય છે.

હે મરુભૂતિ ! ઉછેરવામાં આવતી ઝેરી લતા જેમ સુખકારક નિવડતી નથી. પણ દુઃખ માટે જ ઉછરે છે અને અંતે નાશ કરે છે. તેમજ રક્ષણ કરેલી લક્ષ્મી પણ સુખકારક નિવડતી નથી પરંતુ દુઃખને માટે જ વૃદ્ધિપામે છે. અને તે અંતે નાશ કરે છે. ધનવંત છતાં મનુષ્યોમાં નિંદાપાત્ર થએલો, શૂરવીર છતાં બકવાદ ન કરનારો; અને સમર્થ છતાં સમદૃષ્ટિવાળોઃ આ ત્રણ પુરુષો જગત્માં બહુ દુર્લભ છે. આવા ગુણવાળી આ લક્ષ્મી, દુઃખરૂપી સર્પોને રહેવા માટે વિષમ તથા ભયંકર એવી ગુફા છે. ઘાટા મોહરૂપી છે. ઉત્તમ કાર્યરૂપી કમળોને નાશ કરનારી રાત્રિ છે. દુઃખરૂપી કુમુદો (રાત્રિવિકાસી કમળો) ને ચાંદની રૂપ છે. સત્ય દૃષ્ટિરૂપી દીવીને વંટોળીઆ વાયુરૂપ છે. વિકારરૂપી મોજાંઓની એક નદી છે. ભ્રાંતિરૂપી વાદળાંઓને મુખ્ય સહાયકારિણી છે. ખેદરૂપી વિષયને વધારનારી છે, વિકારરૂપી ધાન્યોના એક ક્ષેત્રરૂપ છે. ખેદની સાથે ભય આપનારી એક નાગણ છે. વૈરાગ્યરૂપી લતાઓને બાળી નાખનાર એક હિમરૂપ છે. વિકારરૂપી ઘુવડોની એક રાત્રિ છે, વિવેકરૂપી ચંદ્રને રાહુની દાઢરૂપ છે. સૌજન્યરૂપી સૂર્યવિકાસી કમળને ચાંદની રૂપ છે. અર્થાત્ તેને કરમાવનારી છે, ઇંદ્રાયુધની પેઠે ચંચળ અને અનેક રંગોથી મનને હરનારી છે, વિજળીની પેઠે ચંચળતાવાળી–ઉત્પન્ન થઈને નાશ પામનારી છે, અને જડ તેમજ જળનો આશ્રય કરનારી છે.

તે ચપળતામાં વનના નોળીઆ કરતાં પણ વિશેષ છે, તે હલકા પુરુષની પાસે રહેનારી છે. અને ઉનાળાનાં ઝાંઝવાનાં પાણી કરતાં પણ વધારે ઠગારી છે. તે પાણીની લહેરોની પેઠે એક સ્વરૂપે કોઈપણ ઠેકાણે રહેતી નથી, પરંતુ ચંચળ રહે છે, ને અણધારી રીતે દુર્દશામાં નાખી દેનારી છે. એ લક્ષ્મી સિંહણની પેઠે, ઉત્સહી પુરુષોરૂપી મોટા હાથીઓના કુળનો સંહાર કરનારી છે, તરવારની ધારની પેઠે શીતળ, તીક્ષ્ણ, અને તીક્ષ્ણ પુરુષોના હૃદયમાં વસનારી છે, પરાયાં ધનને હરીને ધનવાળી થએલી તથા જેમાં ચોરની પેઠે અનેક દુષ્ટ ચિંતાઓ છૂપી રીતે ભરાઈ રહેલી છે. એવી અમંગળ લક્ષ્મી થકી દુઃખ વિના કંઈ પણ સુખકારક હું દેખતો નથી. દરિદ્રતારૂપી શોકય લક્ષ્મીને દૂર કરી નાખે છે. તો પણ લજ્જા વગરની એ દુષ્ટ લક્ષ્મી હંમેશાં પાછી આદર સાથે પુરુષનું આલિંગન કરે છે, એ ખેદની વાત છે. કૂવામાં કે વાવમાં ઉત્પન્ન થએલી અને ઘણા સર્પોથી વીંટળાયલી પુષ્પની મનોહર વેલ, જેમ મનની વૃત્તિને ખેંચે છે, સાહસ કરવાથી મળે છે, અને ક્ષણભંગુર છે, તેમ લક્ષ્મી પણ, મનોહર હોવાથી મનની વૃત્તિને ખેંચે છે. ખલ અને દુષ્ટોથી વિંટાયલી હોય છે. સાહસ કરવાથી મળે છે, અને તે પણ ક્ષણભંગુર છે.

યોદ્ધાઓના ખડ્ગમંડલરૂપી કમળ–વનમાં વિશ્રામ કરનારી એ લક્ષ્મીરૂપી ભ્રમરી, પારિજાતપલ્લવ પાસેથી રાગ, ચંદ્રકલા પાસેથી અતિશય રૂપ ઉચ્ચૈઃશ્રવસ પાસેથી ચંચલતા, વિષ પાસેથી મોહન–શક્તિ, મદિરા પાસેથી મદ

અને કૌસ્તુભ-મણિ પાસેથી અતિકઠિનતા, એટલાં વાનાં સહવાસ પરિચયથી, વિયોગ સમયે વિનોદ કરનાર ચિહ્ન તરીકે લઈને જ ક્ષીરસાગરમાંથી બહાર આવી છે. એ અનાર્યા જેવું જગતમાં બીજું કોઈ અપરિચિત નથી. પ્રાપ્ત થયા પછી પણ મહાકષ્ટે એ રહી શકે છે. બંધનથી એને નિશ્ચલ કરી રાખી હોય છે. તો પણ એ નાસી જાય છે. અતિગર્વ ધરાવતા હજારો યોદ્ધાઓએ ઉંચી કરેલી ખડ્ગ લતાઓના પિંજરમાં પૂરી હોય ત્યાંથી પણ એ જતી રહે છે. નથી એ પરિચય રાખતી; નથી ઉંચા કુળને જોતી; નથી રૂપને દેખતી; નથી કુલ-ક્રમને અનુસરતી; નથી શીલ ઉપર દૃષ્ટિ કરતી; નથી ચતુરાઈને ગણતી; નથી શ્રુતિને સાંભળતી; નથી ધર્મને માનતી; નથી ઉદારતાનો આદર કરતી; નથી વિશેષ જ્ઞાનનો વિચાર કરતી, નથી આચારને પાળતી, નથી ધન્યને સંભારતી અને નથી લક્ષણનું પ્રમાણ ગણતી, પણ ગંધર્વ-નગરલેખાની પેઠે જોતજોતામાં ઉડી જાય છે. હજી સુધી પણ એને મંદરાચળના ભ્રમણનો સંસ્કાર રહ્યો હોય એમ એ ભમ્યા કરે છે. પદ્મસમૂહમાં ચાલવાથી, જાણે કમળદંડના કાંટા વાગ્યા હોય એમ એ કોઈ સ્થળે પગ સ્થિર મૂકીને રહી નથી. મ્હોટા મ્હોટા મહીપતિનાં મંદિરમાં એને મહા મહા પ્રયત્ને રાખી મૂકી છે. તોપણ વિવિધ ગંધગજનાં ગંડસ્થળનું મધુ પીવાથી જાણે મત્ત થઈ હોય, એમ એ સ્ખલન કરે છે.

અલ્પ પ્રાણીને એ ઉન્મત્ત કરી દે છે, સરસ્વતીના માનીતાને જાણે ઈર્ષ્યાથી આલિંગતી નથી, ગુણવાનને જાણે

અપવિત્ર ગણીને સ્પર્શ કરતી નથી. ઉદારને જાણે અમંગળ ગણીને માન્ય કરતી નથી, સુજનને કુલક્ષણ હોય એમ જોતી પણ નથી. કુલીનનું સર્પની સમાન બંધન કરે છે, શૂરાને કંટકની સમાન ત્યજી દે છે, દાતારને દુઃસ્વપ્નની સમાન સંભારતી નથી અને મનસ્વીને ઉન્મત ગણીને હસી કાઢે છે, તેમજ ઇંદ્રજાળની સમાન પરસ્પર વિરોધ દર્શાવીને જગત્‌માં એ પોતાનું ચરિત્ર પ્રગટ કરે છે.

જળરાશિમાંથી ઉત્પન્ન થએલી છતાં, પણ તૃષ્ણા વધારે છે, ઇશ્વિરતા આપવા છતાં પણ, પ્રકૃતિને અશિવ કરી દે છે, બળ વધારતાં પણ લઘુતા પમાડી દે છે, અમૃતની સહોદર છતાં પણ, પરિણામે કડવી થઇ પડે છે, વિગ્રહવતી છતાં પણ પ્રત્યક્ષ દર્શન દેતી નથી, પુરુષોત્તમને અનુરક્ત છતાં પણ ખળ પુરુષની પ્રીતિ બાંધે છે. અને જાણે ધૂળીમય હોય તેમ સ્વચ્છને પણ મલિન કરી મૂકે છે.

વળી જેમ એ ચપળા પ્રકાશે છે, તેમ તેમ દીપ-જ્યોતિની સમાન એમાંથી કજ્જલ–મલિન કર્મ જ છેવટે નીકળે છે. કેમકે એ તૃષ્ણારૂપી વિષલતાઓનું પોષણ કરનારી જલ–ધારા છે, ઇન્દ્રિયો રૂપી મૃગોને આકર્ષણ કરનારી વ્યાધગીતિ છે, સચ્ચરિત્રરૂપી ચિત્રોને ભૂંસી નાખનારી ધૂમ–લેખા છે, મોહરૂપી દીર્ઘનિદ્રાની વિલાસશય્યા છે. ધનમદ-રૂપી પિશાચિકાઓને વસવાની જીર્ણવલ્લરી છે, શાસ્ત્ર–દૃષ્ટિની તિમિરાપત્તિ છે, સર્વ અવિનયોની આગળ ઉડતી પતાકા છે. હોદ્દાના આવેશ રૂપી મગરોને ઉત્પન્ન કરનારી નદી છે. વિષયરૂપી મધુપાન કરવાની ભૂમિ છે. દોષરૂપી સર્પોને વસવાની ગુહા છે.

સત્પુરુષોનો વ્યવહાર અટકાવનારી વેત્રલતા છે, ગુણુરૂપી કલહંસોની અકાલ વર્ષાઋતુ છે. લોકાપવાદ રૂપી વિસ્ફોટકને વિસ્તાર પામવાની ભૂમિ છે, કપટ નાટકની પ્રસ્તાવના છે, કામરૂપી ગજની ધ્વજા છે, સાધુ ભાવની વધશાળા છે, અને ધર્મરૂપી ચંદ્ર–મંડળની રાહુજિહ્વા છે.

ઉપર વર્ણવ્યા પ્રમાણે લક્ષ્મીના સ્વભાવવાળા લક્ષ્મી–મદથી મત્ત થએલા રાજાઓ અને મહાધનવાન પુરુષોની અવસ્થાનું હવે હું વર્ણન કરૂં છું, તે ધ્યાન દઈને સાંભળોઃ–

એવો કોઈ પુરુષ હું દેખતો નથી જેને આ અપરિચિત લક્ષ્મીએ ગાઢ આલિંગન દઈને પછી છેતર્યો નહિ હોય, ખરેખર ચિતરી હોય ત્યાંથી પણ જતી રહે, પુસ્તકોમાં હોય ત્યાંથી પણ દગો કરી જાય, કોતરેલી હોય તોએ ઉગી જાય, સંભાળતાં પણ છેતરી જાય અને ચિન્તન કર્યાથી પણ વંચન કરે એવી ઘુવડના વાહનવાળી લક્ષ્મી છે. આવી દુરાચારિણી છતાંપણ કોણ જાણે શાથી રાજાઓ તેમજ મહા ધનવાનો દૈવયોગે એના પરિગ્રહથી વિકલ બની જઈને સર્વ અવિનયોનું સ્થાન થઈ પડે છે. કેમ કે અભિષેક સમયેજ જાણે મંગળ કળશના જળથી તેઓનું દાક્ષિણ્ય ધોવાઈ જાય છે, જાણે અગ્નિકાર્યના ધૂમથી તેઓનાં હૃદય મલિન બની જાય છે, જાણે પુરોહિતની દર્ભની સાવરણીથીજ તેઓની ક્ષમા દૂર જતી રહે છે. મસ્તક ઉપરના જાણે મુકુટ જ આવનાર વૃદ્ધાવસ્થાના સ્મરણને ઢાંકી નાખે છે. છત્ર–મંડળથીજ જાણે તેમને પરલોકદર્શન બંધ થાય છે. જાણે ચમરના પવનથી તેમની સત્યવાદિતા ઉડી જાય

છે. જયશબ્દના કલકલમાંજ જાણે સાધુવાદ ડૂબી જાય છે. અને ધ્વજપટના પલ્લવથીજ જાણે તેમનો યશ ભુંસાઈ જાય છે.

તેમજ કેટલાક, જરાક ધન મળવાથી ગર્વિષ્ટ થઈ, સ્વજન્મ ભૂલી જઇને, અનેક દોષથી વૃદ્ધિ પામેલા દુષ્ટ રુધિર જેવા રાગાવેશથી પીડાઈને વિવિધ વિષયરસ ચાખવાને ઇચ્છતી, પાંચ છતાંપણ અનેક સહસ્ર જેવી લાગતી ઇંદ્રિયોથી દુઃખ પામતા પામતા, ચંચળ પ્રકૃતિને લીધે પ્રસાર પામીને, એક છતાં પણ શત–સહસ્ર જેવા થઈ પડેલા મનવડે આકુળ વ્યાકુળ થઇ, વિહ્વળ બની જાય છે.

કામ–બાણથી જાણે મર્મસ્થાન ભેદાયાં હોય, તેમ તેઓ હજારો વિકાર કરે છે; ધનની ઉષ્ણતાથી જાણે ઉકળતા હોય એમ ચેષ્ટાઓ કરે છે, અધર્મને લીધે ગતિભગ્ન થવાથી, અપંગની પ્રમાણે તેઓ પરપુરુષથી દોરાય છે, અસત્યવાદ કરવાથી પરિણામમાં જાણે મહારોગ થયો હોય તેમ તેઓ મહાકષ્ટે બોલે છે, મૃત્યુ જાણે પાસે આવ્યું હોય તેમ બન્ધુજનોને પણ ઓળખતા નથી, નેત્ર જાણે અંજાઈ ગયાં હોય તેમ તેજસ્વી પુરુષોને તો દેખતાજ નથી, કૃષ્ણ સર્પનો જાણે તેમને દંશ થયો હોય તેમ મહામંત્રીઓ પણ તેમને જગાડી શકતા નથી, નિશ્ચય કર્યા છતાંય તેઓ ઉપદેશ ગ્રહણ કરતા નથી, તૃષ્ણારૂપી વિષની મૂર્છામાં પડવાથી સર્વ તેઓ કનકમય જુએ છે. ધની પુરુષોની સમાન, તેઓનાં ભવન ક્ષુદ્રજનથી અધિષ્ઠિત હોય છે, દિવસે ભરાતા પાપથી તેઓ ફૂલાઇ જાય છે. અને એવી અવસ્થામાં સેંકડો

વ્યસનમાં લપટાઈ જવાથી, વલ્મીક (રાફડા) ઉપરના તૃણની ટોચે રહેલા જળ–બિન્દુઓની સમાન, તેઓને પોતાના પડવાનું પણ ભાન રહેતું નથી.

વળી, કેવળ સ્વાર્થ સાધનારા ધૂર્ત–લોક–ધનરૂપી માંસનો ગ્રાસ કરનાર ગૃધ્ર પક્ષીયો,–સભામંડપરૂપી કમલિનીના બગલાઓ ઠગ વિદ્યામાં પોતે કુશળ હોવાથી, બીજા કેટલાક રાજાઓ અને મહાધનવાનોને એમ સમજાવે છે કે, દ્યૂત રમવું એ વિનોદ છે; પરસ્ત્રીનો સમાગમ કરવો એ ચાતુરી છે; વિદ્યાપઠન એ કેવળ શ્રમ છે; મદ્યપાન કરવું એજ વિલાસ છે, પ્રજાતાપનનું નામજ શૌર્ય છે; સ્વપત્નીનો પરિત્યાગ કરવો એનું નામજ અવ્યસનિતા છે; ગુરુવચનનો અનાદર કરવો એજ સ્વતંત્રતા છે; સેવકજનોને યથેચ્છ વર્તવા દેવા એનું નામજ સુખની સેવા છે; નૃત્ય, ગાન, વાદિત્ર અને વેશ્યાઓમાં આસક્ત રહેવું, એ જ રસિક પુરુષનું લક્ષણ કહેવાય છે, મ્હોટા મ્હોટા અપરાધ ઉપર પણ લક્ષ્ય ન આપવું એનું નામજ મહાનુભાવતા છે; પરાજય સહન કરવો એજ ક્ષમા છે, સ્વચ્છન્દે વર્તવું એજ પ્રભુત્વ છે; દેવની અવગણના કરવી એનું નામજ મહાવીરતા છે; બંદિજનોનાં કરેલાં વખાણ તેજ યશ છે; મનની અસ્થિરતા તેજ ઉત્સાહ છે; અને ખરાખોટામાં ભેદ ન જાણવો એજ નિષ્પક્ષપાત કહેવાય છે. આ પ્રકારે સર્વ દોષને પણ એ ધૂર્તો ગુણનું આરોપણ કરી દેખાડે છે; પરન્તુ પોતે તો મનમાં હસતા જાય છે. અને દેવતાઈ સ્તુતિ કરી કરીને તે રાજાઓને અને ધનવાનોને ઠગે છે.

મદથી આ રાજાઓ અને ધનવાનોનાં ચિત્ત મત્ત હોય છે. અને તેથી કરીને તેઓ વિચારહીન બની, એ બધું યથાર્થ મિથ્યાભિમાન ધરાવે છે; મર્ત્ય છતાં પણ જાણે દેવાંશી હોય એમ પોતાને સદૈવત તથા અલૌકિક માને છે. અને દિવ્ય પુરુષોને ઉચિત ચેષ્ટા તથા અનુભાવ કરવા માંડે છે, જેથી તેઓ સર્વ જનોના હાસ્યને પાત્ર થાય છે. સેવકજનો પોતાની વિડંબના કરે, તેને પણ તેઓ અભિનન્દન કરે છે. કોઈને દર્શન આપવું એ પણ મોટો અનુગ્રહ છે, એવું સમજે છે. દૃષ્ટિપાતને પણ ઉપકાર પક્ષે ગણે છે. સંભાષણ પણ એક પ્રકારનું દાન છે, એમ જાણે છે. આજ્ઞા કરવી એ વિદ્યા વરદાન આપવું એમ ધારે છે, અને પોતાના સ્પર્શને પણ પાવન ગણે છે.

વળી મિથ્યા માહાત્મ્યના ગર્વમાં તણાઈને તેઓ દેવતાઓને પણ પગે લાગતા નથી, બ્રાહ્મણોને પૂજતા નથી; માન્યને માન દેતા નથી; પૂજ્યની પૂજા કરતા નથી; નમવા યોગ્યને નમતા નથી, તથા, ગુરુઓનો ઉઠીને સત્કાર કરતા નથી. વિદ્વજ્જનો નિરર્થક શ્રમથકી પોતાના વિષયભોગસુખમાં વિઘ્નલાવે છે, એમ ગણી તેમની હાંસી કરે છે. વૃદ્ધ જનના ઉપદેશને વૃદ્ધાવસ્થાના વૈકલવ્યનો પ્રલાપ છે એમ ધારે છે; પ્રધાનના ઉપદેશને અનુવર્તવું એ પોતાની બુદ્ધિનો પરાજય કહેવાય એમ જાણી તેને ધિક્કારે છે, હિતવાદી ઉપર કોપે છે; સર્વથા, જે અહર્નિશ હાથ જોડીને, સર્વ અન્ય કાર્ય ત્યજી દઈ, ઘડી ઘડી દેવતાઓની પેઠે તેમની સ્તુતિ કરે છે, અથવા તેમનું મહાત્મ્ય ઉત્પન્ન કરે છે, તેનુંજ

તેઓ અભિનંદન કરે છે, તેની સાથેજ ભાષણ કરે છે, તેનેજ પાસે રાખે છે, તેનુંજ સંવર્ધન કરે છે, તેની સાથે જ સુખે રહે છે, તેનેજ દાન કરે છે, તેનેજ મિત્ર કરીને સ્થાપે છે, તેનું જ વચન સાંભળે છે, તેના ઉપર જ બધો પ્રસાદ વર્ષાવે છે, તેને જ બહુમાન આપે છે, અને તેને જ પોતાનો બનાવે છે.

તેમજ જેઓ ઘણુંખરૂં અતિ દુષ્ટ ઉપદેશ આપનાર, ક્રૂર કૌટિલ્ય શાસ્ત્રનુંજ પ્રમાણ માને છે; મારણાર્થક મંત્ર-સાધનાથી ક્રૂર થએલી પ્રકૃતિવાળા પુરોહિતને પોતાના ગુરૂ ગણે છે, પરપુરુષને ઠગવામાં તત્પર મંત્રીઓ જેમના ઉપદેશક હોય છે, હજારો રાજાઓએ ભોગવી ભોગવીને ત્યજી દીધેલી લક્ષ્મીમાં જેઓ અસક્ત થાય છે; હિંસાનો ઉપદેશ કરનાર શાસ્ત્રનો જેઓ અભ્યાસ કરે છે; અને સહજ પ્રેમથી પલળેલા અંતઃકરણવાળા, અનુરક્ત ભાઈઓનુંજ છેદન કરે છે, એવા રાજાઓને અને ધનવાનોને યોગ્ય શું અને અયોગ્ય શું?

હવે હું તમને લક્ષ્મીનાં સાથી અહંકાર, અવિવેકતા તથા યૈવન વિષે સંક્ષેપમાં કહું છું, તે સાંભળોઃ–કારણ કે એ ચારમાંથી એક પણ હોય છે, તો મહા અનર્થ થાય છે, તો પછી એ ચારેય એકત્ર હોય તો બાકીજ શું રહ્યું?

તમે હજી–વિષયરસનો સ્વાદ ચાખ્યો નથી, એટલે ઉપદેશ ગ્રહણ કરવાનો તમારે આજ ઉચિત સમય છે. કુસુમશરના પ્રહારથી હૃદય જર્જરિત થઇ ગયું, એટલે તેમાંથી જળની સમાન ઉપદેશ ગળી પડે છે. જેની

પ્રકૃતિ દુષ્ટ છે, તેનું કુળ કે જ્ઞાન કંઇ વિનયનું કારણ થઇ પડતું નથી. શું ચંદન-વૃક્ષને અગ્નિ નથી બાળતો ? અને શાન્તિકારક જળથી પણ શું વાડવાગ્નિ અધિક પ્રચંડ નથી થતો ? ગુરુનો ઉપદેશ તો, પુરુષોના સર્વ મળનું પ્રક્ષાલન કરી શકે એવું, જળવિનાનું સ્થાન છે, પલિતાદિ વૈરૂપ્ય વિનાનું અજર વૃદ્ધત્વ છે, શરીર સ્થૂલ ન કરે એવું ગુરુ-કરે છે; સુવર્ણવિના ઘડેલું અગ્રામ્ય કર્ણાભરણ છે; જ્યોતિથી ચઢે એવો પ્રકાશ છે; અને ઉદ્વેગ ન કરે એવું જાગરણ છે; તેમાં વિશેષે કરીને રાજાઓને તો તે તેમજ છે, કેમકે તેઓને ઉપદેશ કરનાર થોડાજ હોય છે, અને સર્વ મનુષ્ય રાજાના વચનને પ્રતિ-શબ્દની સમાન ભયથી અનુવર્તે છે.

ઉદ્દામ દર્પરૂપી સોજાથી તેમનાં કર્ણવિવર બંધ થઇ ગયાં હોય છે, તેથી તેઓ કોઈ ઉપદેશ દેનાર મળે તેને પણ સાંભળતાં નથી; અને કદી સાંભળે તોપણ, હસ્તીની પ્રમાણે ચક્ષુ બંધ રાખી, તેની અવધીરણા કરી, હિતોપદેશ આપનાર તે ગુરુને ખેદ પમાડે છે. અહંકારરૂપી દાહ-જ્વરની મૂર્છાથી અંધ થએલી રાજ-પ્રકૃતિ વિહ્વળ હોય છે; દ્રવ્ય મિથ્યાભિમાન ઉત્પન્ન કરનાર છે; અને રાજ્યલક્ષ્મી રાજ્યરૂપી, વિષ-વિકારની જડતા ઉત્પન્ન કરે છે.

માટે હે મરુભૂતિ આવી અતિ કુટિલ તથા કષ્ટ ભરેલી હજારો ચેષ્ટાને લીધે દારુણ લાગતા રાજ્યતંત્રમાં, તથા આવા મહામોહકારી યૌવનમાં, તમારે એવી રીતે વર્તવાનો પ્રયત્ન કરવો કે મનુષ્યો તમારી હાંસી કરે નહિ, સાધુ

પુરુષો નિન્દા કરે નહિ, ગુરુઓ તમને ધિક્કારે નહિ, મિત્રો ઠપકો દે નહિ, અને વિદ્વાન્ લોક તમારે સારૂ શોકાતુર થાય નહિ. વળી, તમારે એમ વર્તવું કે, લંપટ જન તમને ઠગે નહિ, કુશળ પુરુષો તમને હસે નહિ, કામીજનને તમારો સ્વાદ લાગે નહિ, સેવકરૂપી વરૂઓ તમને વળગે નહિ, ધૂર્ત જનો છેતરે નહિ, લલનાઓ લલચાવે નહિ, લક્ષ્મી તમારી વિડંબના ન કરે, મદ નચાવે નહિ, મદન ઉન્મત્ત કરી દે નહિ, વિષય ફંદમાં નાખી દે નહિ, રાગ કંઈ વિકાર કરે નહિ, અને સુખમાં તમે તણાઈ જાઓ નહિ. એ તો સત્યજ છે, કે તમારી પ્રકૃતિ જ ધૈર્યવાન્ છે, તેથી તમે સર્વેય કરી શકશો.

આ રાજ્યમાં અતિમનોહર લક્ષ્મીમંદિર, વિલાસ મંદિર, અને વિહારમંદિર છે ખરાં, છતાંય તેમના અધિષ્ઠાતાઓ તેમના મોહવિકારથી ચલાયમાન નથી થતા; રિદ્ધિ અને સિદ્ધિ-સમૃદ્ધિઓ છે, ખરી, છતાંય તે આ રાજ્યના લોકને અંધ નથી કરી શકતી; અહીંના લોક રતિ-ક્રીડામાં મશગુલ જણાય છે, ખરા છતાંય અંતરમાં કૃષ્ણની પેઠે વિકારનો લેશ પણ હોતો નથી; અપ્સરાઓનાં નૃત્ય થાય છે, ખરાં છતાંય તેમના હાવ, ભાવને સ્વરૂપ સૌન્દર્ય, લીન નથી બનાવી શકતાં, સકામ કાર્યો જણાય છે ખરાં, છતાંય નિષ્કામ વૃત્તિના ચંદ્રમાંથી અંતરમાં પ્રકાશ્યા વિના નથી રહેતાં. લોભન અને પ્રલોભન હોય છે ખરાં, છતાંય તે મનભ્રમરને નથી ડગાવી શકતાં; સ્વકાર્ય થાય છે, ખરાં, છતાંય પરકાર્યને વિસારે નથી મૂકવામાં આવતાં. આવી રીતે સર્વ રિદ્ધિ અને સિદ્ધિસમૂહમાં રહ્યા છતાંય, અમે જનકવિદેહીના સમાન

નિષ્કામ રહી શકીએ છીએ; માટે તમેય પણ તેવીજ રીતે રહો અને લોભનપ્રલોભન તથા લક્ષ્મીરાગ અને ચક્ષુરાગ વાળી અહીંની પ્રકૃતિ એવી હોવાથી ચલાયમાન થઈ તમે ડગો નહિ પરંતુ પર્વતની સમાન દૃઢ રહો, એટલા માટે જ હું આટલું બધું વિસ્તારથી બોલ્યો છું. અને અહીંઆંજ મારો અધિકાર સમાપ્ત થાય છેઃ- આટલું બોલી લક્ષ્મીવર્ય શાન્ત રહ્યા.

તેમનાં આવાં અત્યુત્તમ ઉપદેશનાં નિર્મળ વચનથી, અમે જાણે પ્રક્ષાલિત થયા હોઈએ, પ્રફુલ્લ થયા હોઇએ, સ્વચ્છ થયા હોઇએ, નિર્મૂષ થયા હોઇએ, અભિષિક્ત થયા હોઇએ, અભિલિપ્ત થયા હોઇએ, અલંકૃત થયા હોઈએ, પવિત્ર થયા હોઈએ, અને પ્રકાશ પામ્યા હોઇએ, તેમ હર્ષિત હૃદયે ત્યાં જરા વાર રહી, પ્રતિહારી સાથે રાજ્યમંદિરમાં પાછા ફર્યા.

સમાપ્ત

શ્રી કલ્યાણ-ગ્રન્થમાળાનાં સુંદર, સચિત્ર

પાંચ પુસ્તકો

અને આત્મા
પ્રકાશને પં
લઈ જના :

સુખીજીવન

લેખિકા:-
બા. મૈત્રાદેવી

આ પુસ્તકમાં જીવનને સરળ અ ઉન્નત માર્ગે લઈ જવામાં મદદ થાય તેવાં સુબોધક દૃષ્ટાંતો વાળી સળંગ સંવાદ વાર્તા આપવામાં આવી

પોતે કોણ ?

લેખક:-
સ્વામીશ્રી આત્મતીર્થજી

આ પુસ્તકમાં આત્મતત્ત્વ સમજવા માટે ક્રમે ૧૭ પ્રકરણો આપવામાં આવ્યાં છે. સાથે સાથે સુંદર પ્રાસંગિક ચિત્રો દ્વારા વેદાન્તના ગૂઢ વિષયો બહુ જ સરલતાથી સમજાવવામાં આવ્યા છે. મૂલ્ય રૂ. ૨-૦-૦

પુષ્પાંજલિ

લેખક:-
પં. મંગળજી શાસ્ત્રી

સુંદર અને સચિત્ર ધાર્મિક ૧૧ નવલિકાઓમાંની દરેક વાર્તા સત્ય ઘટનાઓ ઉપરથી રજુ કરવામાં આવેલી હોઈ ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યનું શિક્ષણ પૂરૂં પાડે તેવી છે. આ પુસ્તક વાંચવાનું શરૂ કર્યા બાદ પૂરૂં કર્યા વિના છોડી ન શકાય તેવું છે. મૂલ્ય રૂ. ૧-૮-૦

હિન્દુ ધર્મ ક્રાન્તિ

લેખક:-
પં. ગિરિશકુમારજી શર્મા

આ પુસ્તક હિન્દુધર્મના ઇતિહાસમાં એક અનોખી ભાત પાડશે, બ્રાહ્મણ-યુગથી અત્યાર સુધીના હિન્દુ ધર્મમાં થયેલાં ક્રાન્તિકારક પરિવર્તનો બહુ ઓજસ્વી ભાષામાં લખાયેલાં છે. દરેક આચાર્યનાં જીવનચરિત્રો પણ સાથે અપાયેલાં છે. મૂલ્ય ૧-૮-૦

મંગલમંદિર

લેખક:-
ઇચ્છાશંકર દવે

ધાર્મિક અને સદ્‌બોધ વધારનારી ટૂંકી વાર્તાઓનો આ સંગ્રહ પ્રત્યેક મનુષ્યોને આનંદજનક ધાર્મિક વાંચન પૂરૂં પાડશે. (આ પુસ્તક ૨૦૦૨ના આષાઢ માસમાં તૈયાર થશે)

વ્યવસ્થાપક : કલ્યાણ ગ્રંથમાળા

C/o શ્રી ભક્તિમાર્ગ કાર્યાલય : અમદાવાદ.

વાર્ષિક રૂ. ૫) ભરીને કલ્યાણ ગ્રન્થમાળાના ગ્રાહક બનવાથી ઉપરનાં પાંચે પુસ્તકો પાંચ જ રૂપિયામાં મળી શકે છે.